# કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્

(પ્રેમસ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર)



ગોવિંદભાઈ ભ. ભક્ત

૨૮/૯/૨૦૨૪
ઓઢ. એ.

ૐ

કુલગુરુ પરમાત્મા શ્રી કૃષ્ણજી ના
કૃપાપાત્ર પાર્ષદ શ્રી ગોવિંદભાઈ

શ્રી કૃષ્ણજી ની જ્ઞાનગંગામાં સ્નાન કરતાં કરતાં તમારી સાગર આરાધના જ્ઞાનકૃતના પવિત્ર પદ ઉપર પ્રતિષ્ઠિત કરનારી છે.

પૂર્વજોના પ્રાણવાન સાંસ્કૃતિક વારસાને તમે સર્વ દિશાએ દીપાવી રહ્યા છો.

ભક્ત સમાજને નવ આંખ અને નવ પાંખ - જ્ઞાનપાંખ ધરી સમાજની કાયાપલટ કરવાના તમારા કાર્યને વંદન હો. વંદન હો.

કુરાન અને શ્રીકૃષ્ણ આપણા ઈશ્વરીદિવ્ય છે. વિશ્વવંદ્ય ને પરમતત્ત્વના આસપાસ તમારી કલમ બાણો પ્રદક્ષિણા કરી રહ્યો છે.

મહાભારત માંથી મહાપ્રસાદ મેળવવાની તમારી તપશ્ચર્યાના પ્રકાશ પાથરી ઉભેલા પરિવાર ના સર્વ સ્વજનોને પણ અભિનંદન તેમની શુભેચ્છા વરસતી રહે.

વિશ્વનો ધર્મપરાયણ વાચકવર્ગની અપેક્ષા છે કે તમારી પૂર્ણ સ્વસ્થતા સાથે આવા ૧૦૮ ગ્રંથો પ્રસાદ માં મળતા રહે. તમારા શબ્દપાત્રો વિશ્વ ભાવિકોના દિલમાં ઠરાવતા રહે.

ગાદીની સન્મુખ બિરાજેલા હે ભક્ત આરાધક તમારી કલમ જ માતા, કલમ જ દીપક, કલમ જ પૂજાની સામગ્રી બની જીવન સાફલ્યના ગીત ગાતી રહે

ૐ

# કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્

## (પ્રેમસ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર)

લેખક : ગોવિંદભાઈ ભ. ભક્ત

કૃષ્ણ સાહિત્યના ચિંતનથી સાંસારિક માયાથી દૂર રહેવાની અલગારી વૃત્તિ મળે છે, જડતા દૂર થઈ વિવેકબુદ્ધિનો વિકાસ થાય છે, અણમોલ જિંદગીને વેડફાતી અટકાવે છે. એથી જ આ મૂલ્યવાન વારસો આપણને તેમજ ભાવિ પેઢીને ઉપયોગી થઈ પડે તે માટે સચવાયેલો અને હાથવગો રહે તેવી શુભ ભાવના સહ આપના કરકમળમાં સવિનય, સપ્રેમ સમર્પિત...

'કબીર કહે કમાલ કો દો બાતાં સિખ લે
કર સાહેબ કી બંદગી ભૂખે કો કુછ દે.'

કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્

**Krushnam Vande Jagadgurum**

**By Govindbhai Bhakta**

© ગોવિંદભાઈ ભક્ત

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪

**ISBN :** 978-93-91906-36-8

મૂલ્ય : સૌની ઉન્નતિ - કલ્યાણ થાય તેવી સદ્ભાવના

પ્રકાશક :

**શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટ**
૪/૪૪૪૬, ખાંગડ શેરી, બેગમપુરા, સુરત

**શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ યુ. એસ. એ.**
૧૨૩૧૧ ફાયરસ્ટોન બુલેવડ, નોર્વોક કેલિફોર્નિયા ૯૦૬૫૦

મુદ્રક :

**સાહિત્ય સંગમ**
બાવાસીદી, પંચોલી વાડી સામે, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : (૦૨૬૧) ૨૫૯૭૮૮૨/૨૫૯૨૫૬૩, મો. ૯૬૮૭૧ ૪૫૫૫૪
**Email :** sahityasangamnjk@gmail.com

## અર્પણ

વંદનીય પૂર્વજોને
અને
કબીરપ્રેમી સાધુજનોને...

માખણચોર શ્રીકૃષ્ણે બાળપણની શરૂઆત કારાગૃહની અંધકારની બેડી તોડી ગૌ-ભેંસો અને ગોવાળો સાથે પશુઓની સેવા, ગ્રામ્યજનોને પ્રેમ અને તેમાંથી મળતા નિર્દોષ આનંદથી કરી. 'શ્રીરામકબીર' ભક્તજનોએ ખેતી અને ગૌ-ભેંસોના પશુપાલનના ધંધામાં સખત મજૂરી કરી, 'શ્રીરામકબીર'ના મંત્રને જીવનમાં ઉતારી, સરળ, સંયમી, નિર્દોષ જીવન જીવી ભક્તજનોને સંસ્કાર, સંપત્તિ આપી આજની કક્ષાએ મૂકી ઉજળા બનાવ્યા છે તેવા વંદનીય પૂર્વજોને અને કબીરપ્રેમી સાધુજનોને સદ્‌ભાવના સહ સમર્પણ.

ગોવિંદ ભ. ભક્ત
તેમજ
શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટ,
સુરત

## પ્રણામ પ્રાર્થના

**વસુદેવ સુતમ્ દેવમ્ કંસ ચાણૂર મર્દનમ્ ।**
**દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥**

શ્રી વસુદેવના પુત્ર, દિવ્ય ક્રિડાવાળા, કંસ અને ચાણૂર દૈત્યોનો નાશ કરનારા અને દેવકીના પરમ આનંદસ્વરૂપ જગદ્ગુરુ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું.

કબીરસાહેબ બ્રહ્મને એક સાખીમાં આ રીતે વર્ણવે છે :

**'કૌન રામ દશરથ ઘર ડોલૈ, કૌન રામ ઘટઘટમેં બોલૈ**
**કૌન રામકા સકલ પસારા, કૌન રામ નિરગુનસે ન્યારા.'**

સાકાર રામ દશરથના ઘરમાં પારણામાં ઝૂલે છે, નિરાકાર રામ બ્રહ્મ સર્વના ઘટઘટમાં વ્યાપેલા છે. આ સકલ બ્રહ્માંડના કણ કણમાં પરબ્રહ્મ રામ જ છે. એ જ રામ છે. સર્વથી નિરાલા નિરાકાર સ્વરૂપે સચરાચરમાં વ્યાપેલા.

**શાંતિમંત્ર :**

**ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ, સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**

હે પરમ તત્ત્વ! અમારા સર્વેનું રક્ષણ કરો, સર્વનું પોષણ કરો. આપણે એકબીજાના સહકારથી, ખંતથી કામ કરીએ, આપણું જ્ઞાન ઉત્સાહપૂર્ણ અને અસરકારક બની રહો. આપણે એકબીજાનો તિરસ્કાર ન કરીએ. ૐ આપણામાં શાંતિ બની રહો, વાતાવરણમાં શાંતિ બની રહો. આપણામાં રહેલા અનિષ્ટોને નિવારી શાંતિ બની રહો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ।

## પ્રસ્તાવના

ભારત એક એવો વિશિષ્ટ દેશ છે જ્યાં આમ જનતામાં ઓછેવત્તે સ્વરૂપે ધાર્મિકપરાયણતા અને ઈશ્વરાભિમુખતા રહેલી છે. આ ધાર્મિક સંસ્કારિતાનું બીજારોપણ અને પોષણ ભારતના સંતોએ તેમની ભજનરૂપ સંતવાણી દ્વારા કર્યું છે. એમાં શાસ્ત્રીય ઊંડી ધર્મવિચારણા વિશદ રીતે થઈ હોય એવા ગીતા, ભાગવત, રામાયણ વગેરે અમૂલ્ય ગ્રંથોનો પણ આપણી ધાર્મિક સંસ્કારિતા પ્રસરવામાં અમૂલ્ય ફાળો છે.

ઐહિક સુખ-દુઃખ બંને સરવાળે માણસજાતને આંતરિક શાંતિ આપી શકતા નથી. માનવમાત્રને આંતરિક શાંતિની ઝંખના રહે છે. સંતોના ભજનો અને ધાર્મિક ગ્રંથોમાં એ શાંતિ માટેનું ભાથું છે. તેમાંથી પોતાની કક્ષા અને રુચિ મુજબ દરેક માનવી આંતરિક સુખ-શાંતિ મેળવી શકે છે.

ખેતી અને ગૌ-ભેંસોના પશુપાલનના ધંધામાં સખત મહેનત કરી 'શ્રીરામકબીર' મંત્રને જીવનમાં ઉતારી, સ્વધર્મને નિષ્ઠાપૂર્વક નિભાવી, જેમને પ્રાથમિક શિક્ષણનો પણ લાભ મળ્યો નથી એવા સામાન્ય ખેડૂત પરંતુ અંતરથી શિક્ષિત એવા સંસ્કારી કુટુંબમાં ઓગણીસસોને ત્રીસના દાયકામાં મારો જન્મ થયો. નવસારી ગાર્ડા કૉલેજમાં ૬ વર્ષ અધ્યાપક રહ્યો ત્યાર બાદ હું યુ. એસ. એ.માં સ્થાયી થયો. હું જે કાંઈ છું તે વડીલોનો પરિશ્રમ, પ્રેમ, સત્કર્મો અને મને આપેલા સંસ્કારને આભારી છે. તેમને સાદર ભક્તિથી ભાવવંદના.

'કૃષ્ણં વંદે જગદ્‌ગુરુમ્' 'શ્રીકૃષ્ણની જીવનલીલા' પુસ્તકરૂપે લખવાનું મારું સામર્થ્ય નથી. મારી સર્જનકતા ઝાઝી નથી. મેં તેને મારા દૃષ્ટિકોણથી સમજવાનો-સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પુરોગામી ચિંતકો-લેખકો કે જેમણે શ્રીકૃષ્ણ પરમાત્મા વિશે ગ્રંથો લખ્યા છે તે ગ્રંથોએ મારા વિચારના ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે. તેમનો હૃદયથી ઋણસ્વીકાર કરું છું.

શ્રી રામકબીર ભક્ત સમાજમાં શ્રાવણ વદ અષ્ટમીનો કૃષ્ણ જન્મજયંતિ સૌથી મહત્ત્વનો મહોત્સવ હોય છે. મહંતના ઘરે હિંડોળા બંધાય, ઘરને ચંદરવા અને તોરણોથી સુશોભિત કરાય અને બાળકૃષ્ણને હિંડોળામાં સુવડાવી ઝુલાવાય. પૂરી રાત ભક્તજનો જાગરણ કરે. ઝૂલત હૈ પિયુ પ્યારા હિંડોળે જેવા હિંડોળા, કાલેરો, કાનડો, ધોળ, મંગલ, ગરબી, કાફી જેવા અનેક રાગ રાગિણીથી કૃષ્ણની ભક્તિ થાય. વડીલો ઉપવાસ કરે, ભાતભાતના ભોજન બનાવી બાળકૃષ્ણને થાળ ધરે અને રાત્રે બાર વાગ્યે બાળકૃષ્ણ જન્મની આરતી થાય. એકઠા થયેલા ભક્તજનો પ્રસાદ લે અને ભક્તો ઉપવાસ છોડે.

એકાદ કલાકના વિરામ બાદ ફરી ભજનો શરૂ થાય તે સવારે છ વાગ્યા સુધી. ગામમાં વસતા હળપતી અને હરિજન ભાઈઓને, ઘરે બનાવેલા પકવાન વગેરેનું જમણ આપે. બીજે દિવસે રાધાકૃષ્ણની રાસલીલા થાય. પિતાશ્રીને અનેક વર્ષો સુધી શ્રીકૃષ્ણ તરીકે અને તેમના ફોયાઈ સાળાને રાધા તરીકે અભિનય કરતા મેં જોયેલા.

આ રીતે મારા ધાર્મિક વિચારોનું ઘડતર થતું રહ્યું.

સુરતની ગાદીના મહંતો દરેક ગામે એક ભક્તજનને, જેઓ રામકબીર સંપ્રદાયના નિયમોના પાલનમાં ચુસ્ત હોય, ભક્તોને ભજન કરવા માટે ઘરમાં સગવડ હોય અને ભજન કે ઉત્સવોમાં ભેગા થયેલા ભક્તોને ભગવાનનો પ્રસાદ જમાડવાની સ્થિતિમાં હોય તેવા ભક્તને મહંત અથવા માનદ્‌ની પદવી આપતા. સોએક વર્ષથી એ પદ મારા દાદા, પરદાદા, પિતાશ્રી સંભાળતા. ગર્વની વાત છે કે તેઓએ એ પદ માનભેર સંભાળ્યું. આ રીતે શ્રીકૃષ્ણ કબીરની ભક્તિ અમારા ઘરમાં તેમજ સમાજમાં પરંપરાથી ચાલી આવી છે.

દરેક ભક્તોના ઘરે પણ એક ગાદી હોય છે. દરેક ઘરે સવાર-સાંજ આરતી અને પ્રાર્થના થાય છે. જન્માષ્ટમી જેવા તહેવારોએ મહંતના ઘરે સામૂહિક ભજન થાય છે. સંપ્રદાયનું નામ 'રામકબીર' છે એમાં નામરૂપતા સંકેત છે. ગુરુ અને ગોવિંદ બંનેનું મંત્રરૂપે સ્મરણ થાય છે.

કબીર અવતાર કે વેદના વિરોધી ન હતા. તેમણે વૈષ્ણવ આચાર્ય રામાનંદને ગુરુ બનાવ્યા હતા. તેઓએ પાંચસો વર્ષ પહેલા ગાદી સ્થાપેલી તેવા સુરતની કબીરસાહેબની ગાદીના મહંતોની વીસ પેઢીની નોંધ છે. મારા પૂર્વજોની પંદર પેઢીની નોંધ છે. આમ આ સંપ્રદાય પાંચસો વર્ષથી અસ્તિત્વમાં છે. કૃષ્ણ સાથે જોડાણની કડી માટે શ્રીમદ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની હરેકૃષ્ણ કોન્શ્યસનેસ (ઇસ્કોન)કૃષ્ણ ભાવના મુવમૅન્ટ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીની કૃષ્ણસેવા અને શ્રીકૃષ્ણના જીવનદર્શનને હૃદયથી પ્રણામ.

શ્રીકૃષ્ણ અર્જુનને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવે છે તેમાં તેમની સર્વ વ્યાપકતા રહેલી છે. ગીતા જ્ઞાન કર્મ, સંયમ અને શ્રદ્ધાના માર્ગોની, તેમની વચ્ચેના સંબંધોની અને જગતના લોકોને મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરે છે અને સમસ્યાઓનું સમાધાન પણ બતાવે છે.

કબીરજી નર્મદા નજીક આવેલા શુકલતીર્થ સ્થળે સંવત ૧૪૬૫માં તત્ત્વા જીવાની પ્રતિજ્ઞાને પૂરી કરવા આવ્યા હતા.

તેમણે સૂકી ડાળીમાંથી એકરો જમીનમાં પથરાયેલો વડ પલ્લવિત કર્યો જે આજે પણ અડીખમ ઊભો છે અને કબીરવડથી જાણીતો છે. તે સમયમાં વૈષ્ણવ આચાર્ય જ્ઞાનીજી કબીરજીના શિષ્ય બન્યા. તેમને કબીરસાહેબે 'રામકબીર'નો મંત્ર આપ્યો. બીજા આચાર્ય જીવણજી કબીરજીના શિષ્ય બન્યા અને તેમણે કાનમમાં ગાદી સ્થાપી. જ્ઞાનીજીના તે સમયના વૈષ્ણવ શિષ્યોને જ્ઞાનીજીએ 'રામકબીર'નો મંત્ર આપ્યો. એ વૈષ્ણવ ભક્તો તે અમારા પૂર્વજો. સમયાંતરે તેઓએ ભરૂચ બાજુથી સુરત બાજુ સ્થળાંતર કર્યું. જ્ઞાનીજીએ સુરતમાં એક ગાદી સ્થાપી. તે ગાદી પરંપરાના મહંતોના અનુયાયીઓ રામકબીર ભક્ત સંપ્રદાયના ભક્તપાટીદાર તરીકે ઓળખાયા. તેઓ સુરત, નવસારી, વલસાડ, વ્યારા જિલ્લા અને આજુબાજુના વિસ્તારમાં વસવાટ કરે છે. આ બધા ભક્તોએ કબીરજીનો 'શ્રીરામકબીર' મંત્ર સ્વીકારી રામકબીર સંપ્રદાયની અનોખી પરંપરા બનાવી. તેઓના ગુરુ કબીરસાહેબ છે અને

ઈષ્ટદેવો રામ-કૃષ્ણ છે. રામ-કૃષ્ણની મૂર્તિની પૂજા નહીં પરંતુ તેમની પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા તેઓ ગાઈને તેનું મનન કરે છે. રામકબીર સમાજમાં સાચા સાહસિક ખેડૂતોનું ખમીર છે. વ્યારા, વાંસદા, રાજપીપળા જેવા વિસ્તારોમાં એમણે નવી વસાહતો સ્થાપી સમાજને પગભર કર્યો. આજે સમાજના મોટા ભાગના કુટુંબો યુ. એસ. એ., કેનડા, ત્રીનીદાદ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ વગેરે દેશોમાં જઈ આર્થિક રીતે પગભર થઈ, શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિ કરી પોતાની સંસ્કૃતિ જાળવી પોતાની અલગ ઓળખ બનાવી છે.

આ સંપ્રદાયના વડવાઓને કબીરના કે વૈષ્ણવ ધર્મના ધાર્મિક પુસ્તકો વાંચવા વિચારવાનો ખાસ લાભ મળ્યો ન હતો. તેઓએ તુલસીદાસ, કબીર, નરસિંહ, રોહિદાસ, સુરદાસ, મીરા, બ્રહ્માનંદ જેવા વૈષ્ણવ ભક્તકવિઓના ભજનને કંઠસ્થ કરી પેઢી દર પેઢી વારસો જાળવી રાખ્યો હતો. તહેવારો કે લગ્ન-મરણ જેવા પ્રસંગોએ તેઓ ભજનો ગાઈ કૃષ્ણ, કબીરની આ રીતે ભક્તિ કરતા. નવી પેઢીને ગુજરાતી અંગ્રેજી પુસ્તકો દ્વારા વધુ લાભ મળે અને સાંસ્કૃતિક વારસો જળવાય રહે તે માટેના આ પ્રયત્નો છે.

A France philosopher and economist Robert Jacques Turgot wrote in 1700s about how learning is shared : '... speech-and writing ... have made common treasure store of all individual knowledge, which one generation bequeaths to the next, a heritage constantly augmented by the discoveries of each other' we like to think of people of earth as a community of learners: each of us has special interests and skills and knowledge, and as we gather ideas and information, we have duty to share that learning with others.

વૈષ્ણવ રામકબીર સમાજને શ્રીકૃષ્ણને સમજવા પુસ્તકોની જરૂર છે. આ પુસ્તક તે માટેનો એક નમ્ર પ્રયાસ છે. જય શ્રીકૃષ્ણ! રામકબીર!

## ઋણસ્વીકાર

લેખક તેમજ પ્રકાશકનો હેતુ શ્રીરામકબીર ભક્તસમાજ તેમજ અન્ય સમાજ અને જિજ્ઞાસુઓને નિજ ધર્મ સમજવામાં અને સરળ જીવન જીવવામાં માર્ગદર્શક બની રહે તે માટે વિનામૂલ્યે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

પૂજ્યશ્રી મા સર્વેશ્વરી હંમેશ ટોકતા રહેતાં કે લખવાની પ્રવૃત્તિ કેમ ચાલે છે. તેમની પ્રેરણા અને કરુણાથી આ લેખન શક્ય બન્યું. પૂજ્ય માને કોટિ કોટિ પ્રણામ! શ્રીરામકબીર ભક્ત સમાજ ભારત, શ્રીરામકબીર ભક્તસમાજ ઑફ યુ. એસ. એ. તેમજ તેની દરેક શાખાઓ તથા ભક્ત કલ્ચર સેન્ટર નોર્વોક, કેલિફોર્નિયાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તથા કારોબારીના સભ્યો જેઓ આ પુસ્તક પ્રકાશનમાં સહાયરૂપ થયા તે માટે સર્વેનો આભાર.

છેલ્લા સુડતાલીસ વર્ષોથી અવિરત 'કબીરવાણી' પ્રકાશનમાં સેવા આપી ચૂકેલા તંત્રીશ્રીઓ તેમજ છેલ્લા ઓગણીસ વર્ષોથી સેવા આપી રહેલા તંત્રી શ્રીમતિ રીટાબહેન મનીશભાઈ ભક્તનો આભાર. મારા પુસ્તક પ્રકાશનમાં હરહંમેશ મદદ કરતા 'કબીરવાણી'ના માજી તંત્રી પંકજભાઈનો હૃદયથી આભાર.

શ્રી ચિંતનભાઈ : સાહિત્ય સંગમ, સુરત; રેખાબહેન શાહનો સુંદર પ્રૂફરીડિંગ - ઍડિટિંગ કરવા બદલ ઉષ્માભર્યો આભાર. મિત્ર હિતેચ્છુ મહેન્દ્રભાઈ ભીખાભાઈ ભક્ત જેમના અનેક પુસ્તકોનો હું ઉપયોગ કરી શક્યો તેમનો આભાર. ગુંજનના લેખક પ્રકાશક મુરબ્બી આનંદરાવ લિંગાયત જેઓએ લેખન બાદ સ્ક્રિપ્ટ જોઈ સૂચનો આપી ભૂલો સુધારી. કબીરપ્રેમી લિંગાયતરાવ સાહેબનો આભાર. મિત્ર વલ્લભભાઈનો આભાર. કબીરગીતા વિઝડમ તેમજ સંગીત-ભજન સંધ્યાના સંચાલકોનો આભાર. તેઓએ કોવિડના સમયે ત્રણ વર્ષ ધાર્મિક વાતાવરણનો માહોલ સર્જી સમાજને નૈતિકતા બક્ષી. તેમાં મને પણ સમાવિષ્ટ કરવા બદલ આભાર.

ઘરના પ્રેમાળ પ્રિયજનો, મોટા ભાગનું કામ જેમના શિરે છે તેવા મારા ધર્મપત્ની સુમતી અને બાળકો શૈલેશ, જયશ્રી, અમિત, નમ્રતા, ટીના, આનંદ; પૌત્રો જય, શિવ, લીઝ, ઝારા, સોમ બધાંના પ્રેમ, લાગણી સરાહનીય છે તેઓ મને દરેક પ્રકારની સગવડ પૂરી પાડી મારા આરોગ્યની કાળજી રાખે છે તેમનો ઋણસ્વીકાર.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમને જે સાથસહકાર મળ્યો છે તે તમામના અમે આભારી છીએ. અજાણતાથી પણ કોઈની ઉપેક્ષા થઈ હોય તો અમને ક્ષમા કરશો.

**ગોવિંદ ભ. ભક્ત**
**સરઈ, યુ.એસ.એ.**

# અનુક્રમ


| ક્રમ | વિગત | પાના.નં. |
|---|---|---|
| ૧. | શ્રીકૃષ્ણનું જન્મવૃત્તાંત | ૧૧ |
| ૨. | શ્રીકૃષ્ણજન્મ | ૧૩ |
| ૩. | નંદ ઘેર આનંદ ભયો | ૧૪ |
| ૪. | પૂતના રાક્ષસી અને ઉત્કચનો વધ | ૧૫ |
| ૫. | બંને બાળકોનો નામકરણવિધિ | ૧૭ |
| ૬. | શ્રીકૃષ્ણની બાળલીલા | ૧૭ |
| ૭. | શ્રીકૃષ્ણના મુખમાં બ્રહ્માંડદર્શન | ૧૮ |
| ૮. | યમલાર્જુનનો ઉદ્ધાર | ૧૯ |
| ૯. | શ્રીકૃષ્ણનો ગોકુળવાસીઓ સાથે વૃંદાવનમાં વસવાટ | ૨૧ |
| ૧૦. | વત્સાસુર, બકાસુર અને અઘાસુરનો નાશ | ૨૨ |
| ૧૧. | બ્રહ્માજીના મોહને નિવારવા શ્રીકૃષ્ણની લીલા | ૨૩ |
| ૧૨. | શ્રીકૃષ્ણે કરેલો ધેનકાસુરનો વધ | ૨૪ |
| ૧૩. | યમુના નદીમાં કાલિયનાગનું આગમન | ૨૫ |
| ૧૪. | ભગવાન બલરામજી દ્વારા પ્રલંબાસુરનો વધ | ૨૭ |
| ૧૫. | શ્રીકૃષ્ણે કરેલું ગોપીઓનું વસ્ત્રાહરણ | ૨૯ |
| ૧૬. | ભગવાન શ્રીકૃષ્ણે ઊજવેલો ગોવર્ધન મહોત્સવ | ૩૦ |
| ૧૭. | શ્રીકૃષ્ણએ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ધારણ કર્યો | ૩૧ |
| ૧૮. | શ્રીકૃષ્ણે યોજેલો રાસલીલાનો ઉત્સવ | ૩૨ |
| ૧૯. | શ્રીકૃષ્ણે નંદરાયને અજગરના પાશમાંથી છોડાવ્યા | ૩૨ |
| ૨૦. | શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો કરેલો વધ | ૩૩ |
| ૨૧. | શ્રીકૃષ્ણે કેશી દૈત્ય તથા વ્યોમાસુરનો કરેલો વધ | ૩૪ |
| ૨૨. | અક્રૂરજીનું વ્રજગમન | ૩૫ |
| ૨૩. | શ્રીકૃષ્ણ-બલરામનું મથુરાગમન | ૩૬ |
| ૨૪. | ધોબી અને માળીનો શ્રીકૃષ્ણે કરેલો ઉદ્ધાર | ૩૭ |
| ૨૫. | શ્રીકૃષ્ણે કુબ્જાને સુંદરી બનાવી | ૩૮ |
| ૨૬. | શ્રીકૃષ્ણે ધનુર્યાગનું શિવધનુષ્ય તોડ્યું | ૩૮ |
| ૨૭. | શ્રીકૃષ્ણે કુવલયાપીડ હાથીનો કરેલો વધ | ૩૯ |
| ૨૮. | શ્રીકૃષ્ણે કરેલો કંસ વધ | ૪૧ |

૨૯. શ્રીકૃષ્ણે માતા-પિતાને કારાગૃહમાંથી છોડાવ્યા ૪૨
૩૦. શ્રીકૃષ્ણ અને બલરામનો યજ્ઞોપવિત સંસ્કાર અને
વિદ્યાભ્યાસ અર્થે સાંદીપનિ ઋષિના આશ્રમમાં ગમન ૪૩
૩૧. શ્રીકૃષ્ણે ઉદ્ધવને વ્રજમાં મોકલ્યા ૪૪
૩૨. શ્રીકૃષ્ણે સુંદરી કુબ્જાનો કરેલો ઉદ્ધાર ૪૭
૩૩. શ્રીકૃષ્ણ અક્રૂરજીને ઘરે પધાર્યા ૪૭
૩૪. શ્રીકૃષ્ણે અક્રૂરજીને હસ્તિનાપુર મોકલ્યા ૪૮
૩૫. શ્રીકૃષ્ણનું દ્વારકા ગમન ૫૦
૩૬. પ્રદ્યુમ્ન દ્વારા શંબરાસુરનો વધ ૫૨
૩૭. જાંબવતી અને સત્યભામા સાથે શ્રીકૃષ્ણનો વિવાહ ૫૩
૩૮. શ્રીકૃષ્ણે બીજી પાંચ રાણીઓ સાથે વિવાહ કર્યા ૫૪
૩૯. બલરામે કરેલો રુક્મિનો વધ ૫૬
૪૦. પૌંડ્રકનો શ્રીકૃષ્ણે કરેલો વધ ૫૯
૪૧. બલરામે કરેલો દ્વિવિદ વાનરનો વધ ૬૦
૪૨. બલરામે હળની અણીથી હસ્તિનાપુર ખેંચ્યું ૬૧
૪૩. પ્રત્યેક રાણીઓના ભવનમાં શ્રીકૃષ્ણ ૬૨
૪૪. રાજા યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ ૬૩
૪૫. શ્રીકૃષ્ણે કરેલો શિશુપાલ વધ ૬૪
૪૬. મહારાણી દ્રૌપદી દ્વારા દુર્યોધનનું અપમાન ૬૫
૪૭. શ્રીકૃષ્ણને ત્યાં સુદામાનું આગમન ૬૬
૪૮. સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં ૬૭
૪૯. કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞ ૬૯
૫૦. શ્રીકૃષ્ણ-બલરામે માતાને મરેલા પુત્રો લાવી આપ્યા ૭૦
૫૧. સુભદ્રાહરણ ૭૦
૫૨. સતી દ્રૌપદીનું ચીરહરણ ૭૧
૫૩. ફરી દ્યુત રમવાનું આમંત્રણ ૭૨
૫૪. યુધિષ્ઠિરને અક્ષયપાત્રની પ્રાપ્તિ ૭૩
૫૫. પાંડવોની તીર્થયાત્રા ૭૩
૫૬. મહર્ષિ દુર્વાસાના ક્રોધથી બચાવવા શ્રીકૃષ્ણનુ આગમન ૭૪
૫૭. પાંડવોનો અજ્ઞાતવાસ ૭૪
૫૮. શ્રીકૃષ્ણનું શાંતિદૂત બની હસ્તિનાપુરમાં આગમન ૭૫
૫૯. મહાભારતનું યુદ્ધ અને શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ ૭૬
॥ અથ : શ્રી મધુરાષ્ટકમ્ ॥ ૭૭
શ્રી ગોવિંદ દામોદર સ્તોત્ર ૭૮
સંદર્ભ ગ્રંથો તેમજ વાંચવા લાયક પુસ્તકો ૭૯

# ૧. શ્રીકૃષ્ણનું જન્મવૃત્તાંત

વસુદેવ સુતમ્ દેવમ્ કંસ ચાણૂર મર્દનમ્ ।
દેવકી પરમાનંદમ્ કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥

શ્રીકૃષ્ણ વસુદેવ જેવી તેજસ્વી વિભૂતિના પુત્ર હતા. તેઓ દિવ્ય ક્રિડાવાળા તથા આસુરી તત્ત્વો કંસ અને ચાણૂર જેવા અનેક દૈત્યનો નાશ કરનારા હતા. સર્વ શક્તિમાન હોવા છતાં માતા દેવકીના પરમ આનંદ સ્વરૂપ હતા. તેઓ જગતના ગુરુ છે. એવા જગદ્ગુરુ પ્રભુ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું.

ભીષ્મ જેવા વિરલ, અલૌકિક પુરુષ જ્યારે બાણશૈયા પર સૂતા હતા અને એમણે જીવનલીલા સંકેલી લેવાનો નિર્ણય કર્યો ત્યારે પ્રભુ શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી હતી.

નારાયણમ્ પરમ બ્રહ્મ, નારાયણમ્ પરમ તપમ્ ।
નારાયણમ્ પરમ વેદમ્, સર્વ નારાયણત્કમ્ ॥

નારાયણ પરબ્રહ્મ સ્વરૂપ છે, એ જ સાચું તપ છે, એ જ પરમ વેદ છે અને સર્વ જગત નારાયણસ્વરૂપ છે.

ભીષ્મ જેવા પરમ તપસ્વીના મુખે કરાયેલી આ પ્રાર્થનાના અધિકારી એવા શ્રીકૃષ્ણને હું દંડવત્ પ્રણામ કરું છું.

પ્રજાના દરેક વર્ગનું કલ્યાણ થાય એવી ભદ્ર ભાવનાથી મહાભારત ગ્રંથની રચના થઈ. જ્ઞાન માર્ગમાં જ્યારે જીવ રમણે ચઢે છે ત્યારે જ કૌરવો વિઘ્ન ઊભું કરવા લાગે છે. દરેકના મનમાં મહાભારત રમતું હોય છે. જીવ ધૃતરાષ્ટ્ર છે. એને આંખ નથી. કામવાસનાવાળા ધૃતરાષ્ટ્ર આંધળા છે. દુર્યોધન યુધિષ્ઠિર સાથે હંમેશ વેરવૃત્તિ રાખી લડાઈ વહોરી લે છે. યુધિષ્ઠિર ધર્મરાજ છે. તેને ભગવાન સહાયતા કરે છે. ધર્મ અને અધર્મનું યુદ્ધ પરાપૂર્વથી ચાલ્યું આવે છે.

વ્યાસજીએ વેદોને એકત્ર કરી ચાર વિભાગમાં રચના કરી અને પુરાણોની રચના કરી પરંતુ તેમનું મન અશાંત રહેતું હતું. વેદ-પુરાણોની રચના કરવા છતાં તેમને હજી કાંઈક ખૂટતું હોય એમ લાગતું હતું. તે સમયે તેમનો નારદજી સાથે ભેટો થયો તેમણે નારદજીને પોતાના મનની અશાંતિની વાત કરી.

નારદે કહ્યું, 'હે મુનિશ્રેષ્ઠ, તમે તો મહાભારત જેવા મહદ્ ગ્રંથનું નિર્માણ કર્યું છે. તમે ધર્મ, અર્થ,

કામ અને મોક્ષના જ્ઞાતા છો પરંતુ તમે ભગવાન વાસુદેવ-કૃષ્ણનું યથાર્થ વર્ણન કર્યું નથી. મહાભારતમાં ધર્મ, કર્મ અને સદાચારને મહત્ત્વ આપ્યું છે પરંતુ ભક્તિને ગૌણ સ્વરૂપ આપ્યું છે. કલિયુગમાં કૃષ્ણની ભક્તિ એક સરળ માર્ગ હશે. માટે પરમાત્માની લીલાનું ગાન પ્રેમપૂર્વક કરો તો આપના જીવનમાં જરૂર શાંતિ મળશે.'

એ પછી વ્યાસજીએ શ્રીમદ્ ભાગવતની રચના કરી. રાજા પરીક્ષિતને વ્યાસજીના પુત્ર શુકદેવમુનિએ આ કથા સંભળાવી અને એક અઠવાડિયામાં પરીક્ષિતને કૃષ્ણમય બનાવી તેનો ઉદ્ધાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મમાં લીન રહેવા છતાંય પ્રવૃત્તિ જેને સ્પર્શી શકતી ન હતી તેથી તેઓ યોગેશ્વર કહેવાયા.

શ્રીકૃષ્ણની બાળલીલા એ પરમાત્માની અદ્ભુત લીલાનું પ્રાગટ્ય છે. એ લીલાનો એક એક અંશ હજારો વર્ષોથી કરોડોનાં હૈયાને ભક્તિસુખના હિંડોળે હિંચોળતો રહ્યો છે. શ્રીકૃષ્ણનું જીવન એક એવી અલૌકિક વિભૂતિનું મહાચરિત્ર છે. તેને પાંચ હજાર વર્ષ વીતી ગયાં છતાં કાળની ઝાંખપ લાગી નથી. નિર્ગુણ નિરાકારે, સગુણ સાકારરૂપ ધારણ કર્યું. જે જડ ભૂમિ પર એ મહાન વિભૂતિએ જન્મ લીધો અને જ્યાં તે નાચ્યા-કૂદ્યા તે જન્મભૂમિ ગોકુળ, મથુરા, વૃંદાવન આજે પણ શ્રીકૃષ્ણભૂમિ તરીકે જ ઓળખાય છે. શ્રીકૃષ્ણ રમણીય અને સચ્ચિદાનંદસ્વરૂપ, હંમેશ પ્રસન્નતા આપનારા, વિનોદી અને ગૂઢ ચરિત્રથી ભરપૂર છે.

શ્રીકૃષ્ણ એટલે પ્રેમ. એમના જીવનમાં સર્વત્ર પ્રેમ નજરે પડે છે. ગાયો સાથે પ્રેમ, ગોવાળો સાથે પ્રેમ, ગોપીઓ સાથે પ્રેમ, વૃક્ષો અને નદીઓ સાથે પ્રેમ, ઘોડાઓ અને હાથી પર પ્રેમ, સમગ્ર વિશ્વ સાથે એમને પ્રેમ હતો. શ્રીકૃષ્ણ એક મહાન શક્તિરૂપ હતા. એમના કાર્યો અનેકવિધ હતા. એમનામાં ન્યાય અને દયાનો સુમેળ જોવા મળે છે. સજ્જનો માટે તેઓ આદ્યશક્તિરૂપ હતા અને દુર્જનો માટે કાળશક્તિરૂપ હતા. તેમના અદ્ભુત કાર્યોને ધ્યાનમાં રાખીએ તો તે મનુષ્ય મટી ભગવાન બની જાય છે. સુમધુર બાળપણ અને ભવ્ય ઉદાત્ત યૌવન એટલે શ્રીકૃષ્ણચરિત્ર.

યાદવોમાં ત્રણ કુળ હતા. અંધક, વૃષ્ણિ અને ભોજક. મથુરાના આસપાસના પ્રદેશ પર અંધકકુળનું શાસન હતું. પૂર્વ જન્મના સ્વર્ભાનુ નામના દૈત્યે ઉગ્રસેન નામથી યાદવકુળમાં અવતાર લીધો. પ્રહ્લાદની જેમ તેઓ ઉચ્ચ ગુણોના અધિકારી હતા. તેઓ આ પ્રદેશના પ્રમુખ હતા. ઉગ્રસેન અને તે પહેલાના રાજાઓ પ્રજાસત્તાક - ગણરાજ્યથી રાજ્યનો કારભાર ચલાવતા હતા. યાદવોનું રાજ્ય ગણરાજ્ય હતું.

એક વખત વિષ્ણુએ દૈત્યોના સેનાપતિ કાળનેમિનો નાશ કર્યો હતો. પછી બીજા જન્મમાં રામ અવતારમાં રાવણરૂપે તેનો વધ કર્યો હતો. દ્વાપર યુગમાં રાજા ઉગ્રસેન અને રાણી પદ્માવતીના ખોળે જન્મ લઈ એ કંસ નામથી જાણીતો થયો. કંસ નાનપણથી જ મહા બળવાન અને માથાભારે હતો. આ સમયે મગધના રાજા જરાસંધની ચક્રવર્તી રાજા તરીકે ભારતમાં આણ પ્રવર્તતી હતી. સામ્રાજ્યવાદી જરાસંધ મગધનો રાજા હતો. તેણે ૮૬ રાજાઓને બંદી બનાવી તેમના રાજ્યોને મગધમાં ભેળવી દીધા હતા. સામ્રાજ્યને વિસ્તારવા તેણે તેની બે પુત્રીઓ કંસને આપી હતી. ઉગ્રસેનના રાજ્યનો પાછળથી બહુ વિસ્તાર થયો હતો. જ્યારે વસુદેવ થોડાક પ્રદેશના સ્વામી હતા.

ઉગ્રસેન અને વૃષ્ણિવંશી વસુદેવ પ્રજાસત્તાક રાજ્યકર્તા હતા. કંસ પોતાના પિતા ઉગ્રસેનને જેલભેગા કરી મથુરાનો રાજા થઈ બેઠો.

આ રીતે કંસે યાદવો સાથે શત્રુતા કેળવી. કંસે પોતાની પ્રજાને રંજાડવાનું ચાલુ કર્યું. એણે કેટલાક યાદવોનો નાશ કર્યો. કંસના અતિશય ત્રાસથી દુઃખી થયેલા યાદવો મથુરા છોડી બીજે વસવાટ કરવા ચાલ્યા ગયા. બાકી રહેલા યાદવોને કંસનો ત્રાસ ભોગવવો પડતો.

કંસના કાકા દેવકને દેવકી નામે એક પુત્રી હતી. ઉગ્રસેને જ તેને પુત્રી તરીકે પોતાની સાથે રાજમહેલમાં ઉછેરી હતી. દેવકીનાં લગ્ન ખૂબ ધામધૂમથી યાદવકુળના રાજવી સુરસેનના પુત્ર વસુદેવ સાથે થયાં. પોતાની બહેનના લગ્નપ્રસંગે કંસ ભારે ઉત્સાહથી દેવકી-વસુદેવને લઈને રથ હાંકી રહ્યો હતો ત્યારે આકાશવાણી થઈ : 'હે મૂર્ખ! આ દેવકીનો આઠમો પુત્ર તને મારશે.'

તરત જ કંસ તલવાર લઈ દેવકીને મારવા ઊઠ્યો. અનેક સમજાવટ પછી વસુદેવે કંસને કહ્યું કે, 'દેવકીને જેટલા સંતાનો થશે તે હું તને આપી દઈશ.'

કંસને આ વાત વ્યાજબી લાગી પરંતુ કંસના મનમાં બેચેની વધી. એણે બહેન-બનેવીને કારાગૃહમાં પૂરી દીધાં. દરવાજે શસ્ત્રસજ્જ ચોકીદાર બેસાડ્યા. દેવકીના એક પછી એક છ બાળકોનો કંસે નાશ કર્યો. યોગમાયાએ દેવકીનો સાતમો ગર્ભ વસુદેવની બીજી પત્ની રોહિણી જે ગોકુળમાં રહેતી હતી તેના ઉદરમાં મૂકી દીધો. રોહિણી-વસુદેવના પુત્રનું નામ બલરામ પડ્યું જે શેષનાગના અવતાર હતા. બલરામ કૃષ્ણ કરતા એક વર્ષ ઉંમરમાં મોટા.

આમ દેવકીના સાતમા સંતાનનો ગર્ભ ગળી(કસુવાવડ) ગયાની વાત ફેલાઈ.

## ૨. શ્રીકૃષ્ણજન્મ

ત્યાર પછી સ્વયં ભગવાન વિષ્ણુ વસુદેવ-દેવકીના આઠમા પુત્રરૂપે દેવકીના ગર્ભમાં પધાર્યા.

સર્વ દેવો, ગંધર્વો, નારદમુનિ અને અપ્સરાઓએ ભગવાનની સ્તુતિ કરી. પૂર્ણ માસે શ્રાવણ વદ આઠમની રાતે ભગવાન શ્રીહરિ માતા દેવકીના કૂખે અવતર્યા.

શંક, ચક્ર, પદ્મ અને ગદા ધારણ કરેલા શ્રીહરિની સ્તુતિ કરતાં દેવકી-વસુદેવ બોલ્યાં :

'હે મધુસૂદન! આપે મારી કૂખે અવતાર ધારણ કરીને અમને ધન્ય કર્યાં છે પરંતુ આ પાપી કંસના ત્રાસ થકી અમારું રક્ષણ કરો. હે વિશ્વાત્મા! આ શંખ, ચક્ર, ગદા અને પદ્મની શોભાવાળું આપનું ચતુર્ભુજ સ્વરૂપ આપ સમેટી લો, જે આપ પ્રલયના અંતે ધારણ કરો છો.'

ત્યારે ભગવાન બોલ્યા : 'હે દેવી! સ્વાયંભુવ મન્વંતરના યુગમાં આગલા જન્મમાં તમે પૃશ્નિ નામથી તથા વસુદેવજી સુતપા નામના નિર્દોષ પ્રજાપતિ હતા. તમારા પુત્ર તરીકે મેં જન્મ ધર્યો હતો અને એ 'પૃશ્નિગર્ભ' નામથી પ્રસિદ્ધ થયો હતો.

'ત્યાર પછીના જન્મમાં તમે બંને અદિતિ અને કશ્યપ તરીકે ઉત્પન્ન થયાં હતાં અને મેં તમારે ત્યાં 'ઉપેન્દ્ર' નામે જન્મ ધારણ કર્યો હતો. કદમાં હું ટૂંકો હોવાથી 'વામન' નામે વિખ્યાત થયો હતો. આમ તમારે ત્યાં હું બે જન્મો ધરી ચૂક્યો છું અને આ ત્રીજો જન્મ મેં ધારણ કર્યો છે. તમને બંનેને તમારા પવિત્ર પૂર્વજન્મનું સ્મરણ કરાવવા માટે જ મારું આ ચતુર્ભુજ સ્વરૂપ મેં તમને બતાવ્યું છે. તમે મારું પુત્રભાવે તથા બ્રહ્મભાવે વારંવાર ચિંતન-આરાધન કરતાં કરતાં મારા પર સ્નેહભાવથી

ભક્તિ કરતાં પરમ ગતિ પામશો અને તમને જો કંસથી ડર હોય તો ગોકુળમાં નંદબાબા તથા યશોદાજીને ઘરે મને મૂકી આવો અને યશોદાની કૂખે જન્મેલી મારી માયાને અહીં લાવો, જેથી કંસ તમારા આઠમા સંતાનને મારી નાખશે તેવો ડર તમને રહેશે નહિ.'

ભગવાન શ્રીહરિએ તરત જ બાળસ્વરૂપ ધારણ કરી લીધું. વસુદેવજીએ પુત્રસ્વરૂપ ભગવાનને કરંડિયામાં છુપાવીને ગોકુળમાં નંદજીને ઘરે જવા નીકળ્યા. યશોદાજીને ત્યાં યોગમાયા જન્મી ચૂકી હતી. તેણે જ્ઞાનેન્દ્રિયો ઉપર પોતાનો પ્રભાવ પાથરી લોકોને તથા દ્વારપાળોને ઊંઘાડી દીધાં તેથી કારાવાસમાંથી વસુદેવજી સલામત રીતે બહાર નીકળી શક્યા. વસુદેવજીને યમુનાજીએ માર્ગ આપ્યો. તેથી ગોકુળમાં વસુદેવજી આરામથી પહોંચી શક્યા.

નંદબાબાને ઘરે પહોંચીને વસુદેવજીએ યશોદાજીના શયનકક્ષમાં પ્રવેશી શ્રીકૃષ્ણ ભગવાનના બાળસ્વરૂપને તેમની બાજુમાં સુવાડી દીધું તથા તેમની પુત્રી લઈ લીધી અને તે જ રીતે કરંડિયામાં છુપાવી ફરીથી કારાવાસમાં આવી ગયા અને દેવકીની બાજુમાં સુવાડી દીધી.

કારાવાસની બહાર રહેલા દ્વારપાળોએ કારાવાસમાં જન્મેલા બાળકનો રડવાનો અવાજ સાંભળ્યો અને કંસને ખબર આપવા દોડી ગયા.

કંસ આઠમા સંતાનને પોતાના મૃત્યુના દૂતરૂપે આવેલું કલ્પી તરત જ ક્રોધાવેશમાં લાલચોળ થઈને તે વસુદેવ અને દેવકી સમક્ષ ઊભો રહ્યો.

તેનાથી અત્યંત ભયભીત થઈને દેવકીજી કરગરવા લાગ્યાં, 'હે ભાઈ! આ પુત્રીને તું મારી નાખે તે બરાબર નથી. તેં મારા પુત્રોને મારી નાખ્યા છે. હવે આ એક નિર્દોષ પુત્રી તો તું મારી પાસે રહેવા દે! હું તારી ગરીબડી નાની બહેન છું એમ તો તું જો!'

દેવકીએ રડી-કરગરીને પુત્રીને જીવતદાન આપવા માટે કંસ પાસે માગણી કરી, પરંતુ દેવકીનો વિલાપ દુષ્ટ કંસને જરાયે સ્પર્શી શક્યો નહિ. તેણે દેવકીના હાથમાંથી નવજાત બાળકીને ઝૂંટવી લઈ બહાર આવ્યો અને તેને બંને પગથી પકડીને પથ્થર ઉપર પછાડીને મારી નાખવા ગયો પરંતુ દેવી યોગમાયા તરત જ કંસના હાથમાંથી છટકીને ઊંચે આકાશમાં ઊડી ગઈ. અને અષ્ટભુજારૂપે દેખાઈ. તેણે કંસને કહ્યું : 'અરે મૂર્ખ, મને મારવાથી તને શું લાભ થવાનો છે? તારો નાશ કરવાવાળો શત્રુ તો કોઈ બીજા સ્થળે જન્મી ચૂક્યો છે.' દેવી યોગમાયા એટલું કહી ઊડી ગઈ અને વિંધ્યાચલ પર્વત પર વાસ કર્યો.

દુષ્ટ બુદ્ધિવાળા કંસે નવજાત બાળકોને મારી નાખવાનો આદેશ આપ્યો.

## ૩. નંદ ઘેર આનંદ ભયો

ગોકુળમાં નંદબાબાને ત્યાં પુત્રનો જન્મ થવાથી તેઓ નાચી ઊઠ્યા. તેમણે બ્રાહ્મણો પાસે પુત્રનું જાતકર્મ તથા પિતૃઓ અને દેવોનું વિધિવત્ પૂજન કરાવ્યું.

ગોપ-ગોપીઓ પણ શૃંગાર સજીને ખુશ-ખુશ થતાં વિવિધ ભેટસોગાદો લઈને પુત્રજન્મની વધામણા દેવા નંદબાબાને ઘેર આવ્યાં. આમ ચારે તરફ કૃષ્ણજન્મની ઉજવણી થવા લાગી.

નંદબાબા કંસને વાર્ષિક કર આપવા મથુરા ગયા. તેમણે કંસને દાણ આપી દીધા પછી પોતાના

મિત્ર નંદજીને ઉતારે તેમને મળવા ગયા અને ઉમંગભેર ભેટી પડ્યા. વસુદેવજીએ ક્ષેમકુશળ પૂછીને પુત્રજન્મની વધાઈ આપી અને પોતાની પત્ની રોહિણી થકી થયેલા પુત્ર બલરામના પણ વસુદેવે ખબર પૂછ્યા.

પછી નંદબાબા તેમની સાથે આવેલા ગોવાળિયાઓને લઈ ગોકુળ જવા રવાના થયા.

## ૪. પૂતના રાક્ષસી અને ઉત્કચનો વધ

કંસે દશ દિવસોમાં જન્મેલાં બાળકોનો નાશ કરવા માટે પૂતના નામની રાક્ષસીને મોકલી હતી. તે બધાં નવજાત શિશુઓનો સંહાર કરવા ફરી રહી હતી.

એક દિવસ સુંદર સ્ત્રીનું રૂપ ધરીને પૂતના ગોકુળમાં આવી. તે પોતાના શિકારની શોધમાં આમતેમ ઘૂમતી હતી. તેવે વખતે નસીબયોગે નંદજીના ઘરમાં પારણામાં સુવાડેલા બાળકને જોયો. બાળકૃષ્ણ પૂતનાને ઓળખી ગયા તેથી આંખો બંધ કરી દીધી. પૂતના નંદજીના ઘરમાં ઘૂસી જઈ પારણામાંના એ બાળકને પોતાના ખોળામાં લઈ લીધો. યશોદા તથા રોહિણી પૂતનાના જાજરમાનપણાથી એવાં ક્ષોભિત થઈ ગયાં કે તેઓ તેને કશું કહી શક્યાં નહિ અને જોતાં જ ઊભા રહી ગયાં.

આ પૂતના રાક્ષસી બાળકને મારવા માટે પોતાનાં સ્તન પર કાતિલ વિષ ચોપડીને આવતી અને બાળકને સ્તનપાન કરાવતી. એથી બાળક તરત મરી જતું. એણે કૃષ્ણને પણ ખોળામાં લીધા અને પોતાનું ઝેરયુક્ત સ્તન તેમના મુખમાં મૂક્યું. તેમણે બે હાથ વડે પૂતનાનાં સ્તનને પકડીને ધાવવા માંડ્યું. આથી પૂતના અતિ પીડા પામવા લાગી. આ બાળકથી છૂટવા તેણે ખૂબ પ્રયત્નો કર્યાં, તેનાથી ચીસો પડાઈ જતી હતી. આખરે પૂતનાએ પોતાનું મૂળ રાક્ષસી સ્વરૂપ ધારણ કરી લીધું અને શ્રીકૃષ્ણને લઈને આકાશમાં ઊડી. પરંતુ એ તરત જ મૃત્યુ પામી નીચે પડી ગઈ. વ્રજવાસીઓ તેના અસલ રાક્ષસી સ્વરૂપથી બેભાન જેવાં થઈ ગયાં. તેમ છતાં બાળસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ તો તેની છાતી ઉપર નીડરપણે રમતા હતા. આ ભયાનક ઘટનાથી ગભરાયેલી ગોપીઓએ તરત જ કૃષ્ણને ત્યાં આવી ઉપાડી લીધા અને યશોદાજીના ખોળામાં મૂકી દીધાં.

ત્યાર પછી માતા યશોદાજીએ પોતાના પુત્રને પ્રેમપૂર્વક સ્તનપાન કરાવી સુવડાવી દીધા.

આ તરફ નંદજી તથા તેમની સાથે મથુરા ગયેલા ગોવાળિયાઓ વ્રજ તરફ પાછા આવી રહ્યા હતા. એમણે પૂતનાનું મહાકાય શરીર જોયું. પછી પૂતનાનાં મૃત શરીરને બાળી નાખ્યું. ભગવાન શ્રીકૃષ્ણના સ્પર્શ થકી મૃત્યુ પામેલી પૂતનાને મોક્ષની પ્રાપ્તિ થઈ. નંદજીએ ઘરે જઈને બાળકૃષ્ણને છાતીસરસા ચાંપ્યા.

બાળકૃષ્ણના જન્મ પછી તેમના ઉછેર પાછળ જ નંદજી તથા યશોદાજી હંમેશાં કાર્યરત રહેતાં હતાં. તેને લગતા વિવિધ પ્રસંગોની ઉજવણીમાં તેઓ આનંદ પામતાં હતાં. અને એ આનંદમાં વ્રજવાસીઓને પણ નિત્ય સામેલ કરતાં હતાં. એવી જ રીતે બાળકૃષ્ણ ગોઠણિયે ચાલતાં શીખી ગયાં તેમના જન્મ-નક્ષત્રનો યોગ આવતાં તેમનો પ્રસંગ ઊજવવા વ્રજવાસીઓ એકઠાં થયાં. વિદ્વાન બ્રાહ્મણો સ્વસ્તિ-વાંચન કરતા હતા અને યશોદાજી બીજી સ્ત્રીઓ સાથે ગીતો ગાતી કૃષ્ણની સ્નાનક્રિયા કરતી હતી.

સ્નાન પછી બાળકનૈયાની આંખો ઊંઘથી ઘેરાવા લાગી. તેથી માતા યશોદાએ તેમને ધીરે રહીને ગાડાં નીચે ઝોળીમાં સુવાડ્યા અને આંગણે આવેલા ગ્રામવાસીઓના સત્કારમાં લાગી ગયાં.

પૂતના મૃત્યુ પામતાં કંસે ઉત્કચ નામના રાક્ષસને બાળકૃષ્ણનો વધ કરવા ગોકુળ મોકલ્યો. ઋષિના સાપને લીધે એ શરીર વગરનો હતો. એટલે કોઈ એને જોઈ શક્યું નહીં. એણે ગાડાં નીચે સૂતેલા બાળકૃષ્ણને જોયા. એણે ગાડાને તોડી નાખવા જોરથી દબાવવા માંડ્યું.

આ તરફ કૃષ્ણ ભગવાન ભૂખ લાગવાથી રડવા માંડ્યા અને હાથ-પગ ઉછાળવા લાગ્યા. મહેમાનોની પરોણાગતમાં લાગી ગયેલાં યશોદાજીના ધ્યાનમાં આ રહ્યું નહિ. અને બાળકૃષ્ણએ લીલા કરતાં પોતાનો કોમળ પગ ગાડાને માર્યો. ગાડું આખું આકાશમાં ઊડ્યું અને નીચે પડી તૂટી ગયું. ઘરે એકઠાં થયેલાં મહેમાનો અને યશોદાજી ગભરાઈને ત્યાં આવી ગયાં અને આ ગાડું કેવી રીતે તૂટી ગયું તેનો વિચાર કરવાં લાગ્યાં. ગોપ-ગોપીઓનાં બાળકો કહેવા લાગ્યાં કે કૃષ્ણે પાટું મારીને ગાડું તોડી નાખ્યું. પરંતુ ગોવાળિયાઓને બાળકોના કહ્યા પર વિશ્વાસ પડ્યો નહિ. ત્યાર પછી મુંઝાયેલાં યશોદામાતાએ બ્રાહ્મણો દ્વારા વૈદિક સૂત્રોથી સ્વસ્તિ વાચન કરાવી, હોમ દ્વારા દુષ્ટ ગ્રહોની શાંતિ કરાવી અને કૃષ્ણ ભગવાનને સ્તનપાન કરાવ્યું.

નંદબાબાએ બાળકૃષ્ણને તેડી લઈને બ્રાહ્મણો પાસે એકાગ્ર ચિત્તે ચારે વૈદિક મંત્રોથી સંસ્કારિત થયેલા પવિત્ર જળ વડે તેને સ્નાન કરાવ્યું. ગ્રહોને ઉદ્દેશી અગ્નિમાં હોમ અર્પી બ્રાહ્મણોને દક્ષિણા આપી. ગાયોનાં દાન કર્યાં. એટલે ખુશ થયેલા બ્રાહ્મણોએ કૃષ્ણને અંતરના આશીર્વાદ આપ્યા.

ત્યાર પછી એક દિવસ માતા યશોદા બાળકૃષ્ણને પોતાની ગોદમાં લઈ રમાડતાં હતાં ત્યારે તેમને કૃષ્ણનું એટલું બધું વજન લાગવા માંડ્યું કે તેને ઉપાડી શક્યાં નહિ. તેથી માતાએ તેમને ભૂમિ પર સુવાડ્યા અને મનોમન ભગવાનની પ્રાર્થના કરી ઘરના કામકાજમાં લાગ્યાં.

એ વખતે એકાએક પવન ફૂંકાવા લાગ્યો. જાણે વાવાઝોડું થયું. ધૂળની ડમરી ઊડી અને કંસે તૃણાવર્ત નામના દૈત્યને વંટોળનું રૂપ લઈને મોકલેલો તે કૃષ્ણ ભગવાનને ઉઠાવી ગયો. આખા ગોકુળમાં ધૂળની ડમરી છવાઈ જવાથી લોકોની આંખો મિંચાઈ ગયેલી. વાવાઝોડાના ભયંકર સુસવાટાથી કાને પડ્યો શબ્દ પણ સાંભળી શકાય તેમ નહોતું. ચોતરફ અંધકાર ફેલાઈ ગયેલો. લોકો આકુળવ્યાકુળ થઈ કશું જોઈ ન શકવાથી આમતેમ ભટકવા લાગ્યા. માતા યશોદા પણ બાળકૃષ્ણને જોઈ શક્યાં નહિ. જ્યાં સુવાડ્યા હતા ત્યાં તપાસ કરવાથી કૃષ્ણ મળ્યા નહિ. તેથી યશોદાજી રડવા લાગ્યાં. અને ધરતી પર ઢળી પડ્યાં. થોડીવારે વાવાઝોડું શાંત થયું ત્યારે યશોદાજીના રડવાનો અવાજ સાંભળીને ગોપીઓ ત્યાં આવી પહોંચી. બાળકૃષ્ણ ન હોવાનું જાણી એ બધી પણ રડવા માંડી.

આ તરફ તૃણાવર્ત વંટોળના રૂપે બાળકૃષ્ણનું હરણ કરીને તેમને આકાશમાં લઈ ગયો પરંતુ શ્રીકૃષ્ણના વધેલા વજનને કારણે તે વધારે ઊંચે જઈ શક્યો નહિ. તૃણાવર્ત તો એ બાળકને મોટી શિલા જેવો જ માનવા લાગ્યો. તે તેને ઊંચેથી જ નીચે છોડી દેવા પ્રયાસ કરતો હતો પરંતુ કૃષ્ણે તેને ગળેથી એવી રીતે પકડેલો કે તે ભગવાનને છોડી શક્યો નહિ અને ગળા પર વધુ દબાણ આવવાથી તેની આંખો ફાટી ગઈ. પોતાનું અને ભગવાનનું શરીર સંભાળી ન શકવાથી બાળકૃષ્ણની સાથે જ એ ગોકુળની શેરીની વચ્ચોવચ્ચ આવી પટકાયો. શરીરના એકેક અવયવો વેરણછેરણ થઈ ગયા. તેની

છાતી પર લટકતાં અને નિર્દોષ ભાવે રમતા કૃષ્ણને ગોપીઓએ તેડી લીધાં અને યશોદાજીને સોંપી આવી. આ રીતે ફરીથી મૃત્યુના મુખમાંથી બચી ગયેલા કૃષ્ણને ભેટીને યશોદાજી અત્યંત આક્રંદ કરવા લાગ્યાં. બીજા વ્રજવાસી ગોવાળિયાઓ તથા નંદબાબા પણ આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે આ બાળકને રાક્ષસ ઉપાડી ગયો હતો છતાં પાછો આવી શક્યો તે ખુશીની વાત છે. રાક્ષસ પોતાના પાપને કારણે જ મર્યો છે. આપણા પૂર્વનાં પુણ્ય કામે લાગ્યાં તે આ બાળક ફરીથી પ્રાપ્ત થયો છે.

## ૫. બંને બાળકોનો નામકરણવિધિ

મહાન ઋષિ ગર્ગાચાર્ય જે યાદવોના પુરોહિત હતા તે વસુદેવજીની પ્રેરણાથી ગોકુળમાં આવ્યા. તેમને જોઈ નંદરાયે ખૂબ જ પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરી તેમનાં પૂજાસત્કાર કર્યા અને આસન ગ્રહણ કરવાની વિનંતી કરી. ત્યાર પછી નંદરાયે મધુરતાપૂર્વક તેમની આજ્ઞા જાણવા વિનંતી કરી. ગર્ગાચાર્યજીએ પ્રત્યક્ષ જ્યોતિષશાસ્ત્રની રચના કરેલી છે જેનાથી ભૂત-ભવિષ્ય જાણી શકાય છે. તેઓ વિદ્વાન અને બ્રહ્મજ્ઞાની હોઈ તેમને નંદજીએ બંને બાળકોના નામકરણ સંસ્કાર કરવા વિનંતી કરી.

ત્યારે ગર્ગાચાર્યજીએ કહ્યું : 'હે નંદજી, હું યાદવોના પુરોહિત તરીકે પ્રખ્યાત છું. તેથી હું જો તમારા પુત્રના સંસ્કાર કરીશ તો કંસ તમારા પુત્રને દેવકીનો આઠમો પુત્ર માની તેને મારી નાખશે.'

નંદજીએ કહ્યું : 'તમે અહીં ગાયોના વાડામાં એકાંતમાં કોઈ ન જાણે તે રીતે આ બાળકોના દ્વિજ સંસ્કાર કરી આપો.'

ગર્ગાચાર્યે નંદજીના કહેવાથી એકાંતમાં અને ગુપ્ત રીતે બંને બાળકોનાં નામ પાડ્યાં. તેમણે કહ્યું: રોહિણીનો પુત્ર 'રામ' કહેવાશે. વળી તેઓ બળવાન હોવાથી લોકો તેને 'બલરામ' કહેશે.

જ્યારે તમારો આ પુત્ર શ્યામ રંગ ધર્યો હોવાથી 'કૃષ્ણ' તરીકે ઓળખાશે. તમારો આ પુત્ર ગુણો અને પરાક્રમોના વૈવિધ્યને કારણે અનેક સ્વરૂપો અને નામો ધરાવે છે. આ પુત્ર તમારું કલ્યાણ કરશે તથા તમારાં સર્વ સંકટોનો નાશ કરશે.

ગર્ગાચાર્યજી આ રીતે નામકરણવિધિ પતાવી પોતાના નિવાસ પર ગયા. નંદરાય અત્યંત ખુશી પામી પોતાને ધન્ય માનવા લાગ્યા.

## ૬. શ્રીકૃષ્ણની બાળલીલા

સમય પસાર થતાં ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામ ગોકુળની શેરીઓમાં રમવા લાગ્યા.

બલરામ અને કૃષ્ણ ગોકુળની ગાયોનાં નાનાં-નાનાં વાછરડાંઓનાં પૂંછડાં પકડીને ખેંચતા-દોરતા, તે ગોપ-સ્ત્રીઓ હર્ષિત થઈને જોયા કરતી. બંને બાળકો અત્યંત ચંચળ અને રમતિયાળ હતા.

વ્રજની ગોપીઓ બંને કુમારો રમતા હોય ત્યારે તેમની ચિંતા કરતી, સતત તેમનું ધ્યાન રાખતી અને ઘરનું કામ પણ પૂરા ધ્યાનથી કરી શકતી નહિ. તેમનું મન અસ્થિર થઈ જતું. ત્યાર પછી સમય જતાં ગોકુળમાં ઘણા ગોપબાળકોને એમણે મિત્રો બનાવ્યા. તેમની સાથે તેઓ રમવા લાગ્યા. ગોપીઓ તો કાયમ તેઓની બાળલીલાઓને રસપૂર્વક નિહાળતી, ક્યારેક તેમાં ભાગ પણ લેતી. તેમાં જ તેઓને આનંદ આવતો. આ બધી બાળલીલાની વાતો તેઓ ફુરસદના સમયે એકમેકને કર્યે રાખતી તથા યશોદાજીને પણ મળવા આવતી ત્યારે કર્યે રાખતી. તેઓ યશોદાજીને કહેતી :

હે યશોદા! તમારો આ કૃષ્ણ તો અમને બહુ જ પજવે છે. ક્યારેક તો હજુ અમારે ગાયો દોહવાનું પણ બાકી હોય અને તે માટે સમય નથી હોતો ત્યારે પણ વાછરડાં છોડી મૂકે છે જેથી વાછરડાં બધું દૂધ ધાવી જાય છે અને અમને નુકસાન થાય છે. આ માટે અમે જ્યારે તેમને વઢીએ છીએ ત્યારે ખિલખિલ હસતા રહે છે. ક્યારેક અમે સાચવીને રાખેલાં દહીં-દૂધ પણ અમારી નજરથી બચાવીને ચોરી કરીને લઈ જાય છે પાછા તે બધું પોતે ખાતા-પીતા નથી અને પોતાના મિત્રોને વહેંચી આપે છે.

અરે યશોદા! કેટલીક વખત તો અમે દહીં-દૂધ, માખણને ઊંચે શીકામાં ઢાંકીને રાખી દઈએ છીએ ત્યારે ખાટલા, પાટલા, ડબલા-ડૂબલીઓ એકમેકની ઉપર ગોઠવીને ગમે તે રીતે તે ઉતારી લે છે અને ક્યારેક તેમાં પથ્થરો મારી, બાકોરું પાડીને માખણ-મિસરી કાઢી લે છે. તે જ રીતે જ્યારે અમે બનાવેલાં દહીં-માખણ એ બધું અંધારા ઓરડામાં ઢાંકીને છુપાવી દઈએ છીએ કે જ્યાં અમારાં બાળકો પણ જતાં ડરે છે ત્યાં બલરામ અને કૃષ્ણ જઈને બધું લઈ જાય છે અને એ માટે એમને ધમકાવીએ તો તેઓ સામા જવાબો આપે છે.'

આમ ગોપીઓ હેતપૂર્વક લાડથી યશોદાજીને બલરામ અને કૃષ્ણની નટખટ મસ્તીભરી બાળક્રીડાઓની મીઠી ફરિયાદો કરતી. ગોપીઓ આટલું નુકસાન સહન કરીને પણ મનમાં જરાયે કુભાવ લાવ્યા વગર બાળકૃષ્ણને અત્યંત પ્રેમ કરતી તો ક્યારેક પોતાને થયેલા નુકસાનથી કોચવાઈને એને ચોર કહેતી ત્યારે બાળકૃષ્ણ સામો જવાબ આપતા કે, 'ચોર તો તું છે. હું તો ઘરનો સ્વામી છું.' અને શ્રીકૃષ્ણ પોતાને જોઈતી વસ્તુઓ મેળવીને જ જંપે છે.

જ્યારે કૃષ્ણ તેમના ઘરે જાણે કંઈ જ બન્યું નથી તેમ માનીને સહજ ભાવે જતા ત્યારે અત્યંત પ્રેમપૂર્વક તેમને ગોદમાં લઈ ગોપીઓ માખણ-મિસરી ખવડાવતી. આ ક્રમ ચાલ્યા જ કરતો. ગોપીઓને કૃષ્ણ વિના ચાલતું નહિ અને કૃષ્ણને ગોપીઓને પજવ્યા વિના ચાલતું નહિ. પરમાત્મા પ્રત્યેનું ગોપીઓને આમ સહજ સ્વાભાવિક નિર્દોષ સાન્નિધ્ય પામવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું અને અનાયાસે કલ્યાણ થયું હતું.

## ૭. શ્રીકૃષ્ણના મુખમાં બ્રહ્માંડદર્શન

એક વખત વ્રજની શેરીઓમાં રમવા ગયેલાં ગોપબાળકો અને બલરામે ઘરે આવીને માતા યશોદાજીને કૃષ્ણે માટી ખાધાની ફરિયાદ કરી. ત્યારે યશોદાજીએ ભયભીત થઈને નટખટ એવા કૃષ્ણની પાસે જઈ તેના હિત ખાતર તેને ધમકાવવા લાગ્યાં, 'અલ્યા, એ રમતિયાળ કાના, તેં માટી શા માટે ખાધી? શું તને ખાવાનું નથી મળતું? આ બધાં છોકરાઓ અને તારો મોટોભાઈ બલરામ પણ કહે છે.'

તે વખતે બાળકૃષ્ણએ પ્રત્યુત્તર વાળ્યો, 'ઓ મા! એ બધા તમને ખોટું કહે છે. મેં માટી ખાધી જ નથી, મેં જો માટી ખાધી હોય તો મારા મુખની અંદર જોઈને ખાતરી કરી શકો છો' અને યશોદાજીએ તેને મોં ઉઘાડવાનું કહ્યું. ભગવાને પહોળા કરેલા મુખમાં દૃષ્ટિ કરતાં યશોદાજીને તેમાં સૃષ્ટિના સઘળા સ્થાવર-જંગમ જીવો, આખું આકાશ, પર્વતો, સમુદ્રો, બેટો, બ્રહ્માંડ, અગ્નિ, ચંદ્ર મન, ઈન્દ્રિયો અને પંચમહાભૂતના તથા ત્રિગુણાત્મક માયાવી જગતનાં દર્શન થયાં. આખું ગોકુળ પણ તેમાં દૃષ્ટિગોચર

થયું. પુત્રના મુખમાં આ બધું જોવા મળતાં માતા યશોદાજી અત્યંત વિસ્મય પામી શંકા કરવા લાગ્યાં કે એ શું આ તેમનું કોઈ સ્વપ્ન હતું કે ઈશ્વરની માયા હતી? કે પછી તેમના બાળકની જ કોઈ અકળ લીલા હતી કે પોતાને મોહ વશ એવું દેખાવા માંડ્યું હતું! આ બાબતે કોઈ યોગ્ય તર્ક શોધી ન શકતાં યશોદાજી પરમકૃપાળુ અને સર્વ જગતના પ્રાણીઓના આશ્રયદાતા એવા પરમાત્માના ચરણે વંદન કરી રહ્યાં. તેઓએ સર્વ પરમાત્માને મનોમન સમર્પણ કર્યું અને તેમને પરમાત્મા પ્રત્યેની ભક્તિ જાગૃત થઈ. તે જ વખતે શ્રીકૃષ્ણ ભગવાને તરત જ પોતે તેમના પુત્ર હોવાના પ્રેમથી મુક્ત વૈષ્ણવી માયા ફરી ફેલાવતાં યશોદાજી પોતાને લાધેલું આત્મજ્ઞાન વિસરી જઈ ફરીથી પરમેશ્વરને પુત્રભાવથી વહાલ કરવા લાગ્યાં.

નંદજી શ્રેષ્ઠ વસુ હતા. તેમનું નામ 'દ્રોણ' હતું અને તેમનાં પત્નીનું નામ 'ધરા' હતું. તેમણે બ્રહ્માજીને પ્રાર્થના કરી કે જેમની ભક્તિનું આરાધન કરવાથી જીવમાત્ર કલ્યાણકારી ગતિ પામે છે તેવા પરમેશ્વર ઉપર તેમને ભક્તિ થાય. તેથી બ્રહ્માજીએ તેમની તે ઈચ્છા પૂરી થશે તેવું વચન આપ્યું હતું. એ મહાન વસુ દ્રોણ તથા તેમની પત્ની ધરા ગોકુળમાં નંદજી અને યશોદા નામે થયાં. રામ અવતારમાં ઋષિઓ તપ કરી શ્રીરામને ભેટવા ઈચ્છતા હતા તેઓ વ્રજના ગોપ-ગોપીઓ બન્યા. આમ બ્રહ્માજીના વચનને સાર્થક કરવા ભગવાન શ્રીકૃષ્ણ પણ બલરામજીની સાથે જ પોતાની બાલ-લીલાઓ કરી ગોકુળનાં ગોપ-ગોપીઓને પોતાના પવિત્ર સાન્નિધ્યનો આનંદદાયી લાભ આપી રહ્યા હતા.

## ૮. યમલાર્જુનનો ઉદ્ધાર

એક વાર બાળકૃષ્ણને ભૂખ લાગી. યશોદાજી છાશ વલોવતાં હતાં. બાળકૃષ્ણે યશોદાજીની પાસે આવી વલોણાનો રવૈયો ફરતો હતો તે પકડી લીધો અને માતાજીને કામ કરતાં રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યા. યશોદાજીએ પ્રેમપૂર્વક વલોણું છોડીને તેમને ગોદમાં લઈ વાત્સલ્યની ભરપૂરતાથી સ્તનપાન કરાવવા લાગ્યાં. પરમ ભાગ્યશાળી યશોદાજીને જગતના સર્વ પ્રાણીઓની ભૂખ દૂર કરનારા પરમેશ્વરની ભૂખ ભાંગવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું તેથી વિશેષ કલ્યાણકારી શું હોય? તે વખતે ચૂલા પર ગરમ કરવા મૂકેલા દૂધમાં ઊભરો આવવા લાગ્યો. સ્ત્રીસહજ સ્વભાવથી યશોદાજીએ અધૂરા સ્તનપાને કૃષ્ણને છોડીને ચૂલા ઉપરથી ઉભરાતું દૂધ ઉતારી લેવા દોડ્યાં. આથી બાળકૃષ્ણે ગુસ્સાથી છંછેડાઈને રડતાં રડતાં દહીં વલોવવાની મોટી મટકીને પથ્થર મારીને તોડી નાખી તથા અંદરના ઓરડામાં જઈને પોતાને અત્યંત પ્રિય એવું માખણ આરોગવા લાગ્યા. તેમણે વાંદરાઓને આપવા વધુ માખણ માટે આમતેમ નજર દોડાવી તો ઊંચે શીકા પર માખણનું મટકું લટકતું જોયું. છત સુધી તેમનાથી પહોંચી શકાય તેમ નહોતું. તેથી ઓરડામાં પડેલો ખાંડણિયો લાવી, ઊંધો વાળીને તેના ઉપર ચડીને એમણે શીકામાંથી માખણ લઈ લીધું અને માતાજીથી ડરતા ડરતાં બીજી બાજુ ઝડપથી તે બધું વાંદરાંઓને વહેંચવા લાગ્યા.

આ તરફ યશોદાજી દૂધ ઉતારીને પાછાં આવ્યાં ત્યારે કૃષ્ણનો આ ખેલ જોયો. ખાંડણિયો ઊંધો વાળીને તેઓ વાંદરાંઓને માખણ ખવડાવતા હતા. દહીંના વાસણને પણ ફૂટી ગયેલું જોયું. આ કૃષ્ણે જ કર્યું હશે તેમ મનમાં વિચારી મલકાયાં. ચોરીથી મનફાવે તેમ માખણની ઉજાણી કરતાં કૃષ્ણની

પાછળ ધીમાં પગલાં ભરીને યશોદાજી લાકડી લઈને પહોંચ્યાં. માતાજીને પોતાની તરફ લાકડી લઈને આવતાં જોઈ તેઓ ભયપૂર્વક તરત જ ચપળતાપૂર્વક ઊતરી જઈને બહાર નાસી જવા દોડ્યા. પાછળ યશોદાજી પણ દોડ્યાં. થોડાં ભારે શરીરને કારણે યશોદાજી બાળકૃષ્ણની જેમ ચપળતાપૂર્વક દોડી શકતાં ન હતાં. તેથી વચ્ચે વચ્ચે અટકી જતાં હતાં છતાં એમણે કૃષ્ણને પકડી પાડ્યા. યશોદાજી એક હાથે તેમને પકડી બીજા હાથે દામણથી બાંધવાનું નક્કી કર્યું. ભગવાન કૃષ્ણને ખાંડણિયા સાથે દામણથી યશોદામાતા બાંધવા લાગ્યાં. તેમણે લીધેલું દામણ થોડું ટૂંકું પડતાં તેમાં સાંધો કરી બીજું બાંધ્યું તો તે પણ નાનું પડ્યું. તેથી ત્રીજો સાંધો કર્યો. ચમત્કારિક રીતે ત્રીજા સાંધા પછી પણ દોરડું ટૂંકું જ પડ્યું. એ રીતે જેટલીવાર યશોદાજીએ જુદાં જુદાં જેટલાં દોરડાં લીધાં તે બધાં જ થોડાં થોડાં ટૂંકાં જ પડ્યાં. આંગણામાં ગોપસ્ત્રીઓ આવીને એકઠી થઈ હતી ને બાળકૃષ્ણ અને માતા યશોદાની આ રમત જોઈ હસતી હતી. છેવટે માતાજીને અત્યંત થાકેલાં જોઈને તેમને દયા આવતાં તેઓ પોતે ઇચ્છાથી જ બંધાઈ ગયા. કૃષ્ણ પોતાને પ્રિય એવા ભક્તોને આધીન છે

યશોદાજી કૃષ્ણને ખાંડણિયા સાથે બાંધીને જેવાં પોતાના ઘરકામમાં ગૂંથાયા એટલે કૃષ્ણે ત્યાં બંધાઈને ઊભા ઊભા આંગણામાં દૃષ્ટિ દોડાવી તો ત્યાં બે અર્જુન વૃક્ષો જોયાં. આ બંને વૃક્ષો આગલા જન્મમાં કુબેરના પુત્રો હતા અને નલકુબેર તથા મણિગ્રીવ નામના પ્રખ્યાત યક્ષો હતા. એક વખત તેઓ બંને પુષ્કળ મદિરાપાન કરીને નશામાં ચકચૂર થઈને લાલઘૂમ આંખો સાથે ગંગાનદીમાં સ્ત્રીઓ સાથે તોફાની જળક્રીડા કરી રહ્યા હતા તેવે વખતે ત્યાં મહર્ષિ નારદમુનિ આવી ચડ્યા અને આ બધાંને આવા સ્વચ્છંદી વર્તન કરતાં જોયાં. નારદમુનિને જોતાં જ એમની સાથેની સ્ત્રીઓએ તરત જ વસ્ત્રો પહેરી લીધાં. જ્યારે બંને યક્ષોએ નગ્ન હોવા છતાં પણ વસ્ત્રો પહેરવાની પરવા કરી નહિ.

નારદજીએ એ દેવપુત્રોને કારણે તેમના ઉપર કૃપા કરવા માટે શાપ આપતાં કહ્યું : 'હે કુબેરપુત્રો! તમે બંને ગર્વ અને મદમાં પોતાની નગ્નતા પણ જાણતા નથી તેથી તમે સ્થાવર વૃક્ષ થવાને જ લાયક છો. માટે તમે વૃક્ષ બનીને પૃથ્વી પર અવતાર લો. તમે શ્રીકૃષ્ણના નિવાસસ્થાનમાં રહો.'

નારદમુનિએ એ રીતે તે બંને કુબેરપુત્રોને તેમના કલ્યાણ માટે જ શાપ આપેલો. ત્યારથી તેઓ બંને અર્જુનવૃક્ષ થઈ યમલાર્જુન નામથી વિખ્યાત થયા.

નારદજી ભગવાન કૃષ્ણના ભક્ત હતા અને ભક્તનાં વચનો સિદ્ધ કરવાનું ભગવાન હંમેશાં યાદ રાખે છે. તેથી ખાંડણિયાની સાથે બંધાયેલા કૃષ્ણ બંને અર્જુનવૃક્ષોને જોતાં નારદજીનાં વચનો સાર્થક કરવા ધીમે ધીમે ત્યાં સુધી ગયા અને યમલાર્જુનનાં બંને વૃક્ષોની વચ્ચે થઈને પસાર થઈને નીકળ્યા. આથી ખાંડણિયો આડો પડી ગયો અને બંને વૃક્ષોની આડો ભરાઈ જવાથી બંધાયેલા બાળકૃષ્ણ જેવા જોર કરીને આગળ વધ્યા કે તરત જ અર્જુન વૃક્ષોનાં મજબૂત થડ કાંપી ઊઠ્યાં અને ધડામ્ દઈને ધરતી પર મૂળ સહિત ઊખડી ગયાં. તે વૃક્ષોમાંથી પ્રકાશમાન તેજથી દિશાઓને આંજી દેતા બે સિદ્ધ દેવો નીકળી પડ્યા અને શ્રીકૃષ્ણને બે હાથ જોડી પ્રણિપાત કરી નમ્રપણે કહેવા લાગ્યા,

'હે કૃષ્ણ! હે યોગેશ્વર! વેદજ્ઞોના કહેવા પ્રમાણે આપ જ આદ્યપુરુષ છો અને સ્થૂળ તથા સૂક્ષ્મ જગત આપનું જ સ્વરૂપ છે. જીવમાત્રના નિયંતા અને કાળસ્વરૂપ નિર્વિકાર તથા ત્રણે ગુણોવાળી પ્રકૃતિ, માયા, મન અને જ્ઞાન વગેરેના આપ જ સાક્ષી પુરુષ છો. છતાં આપ ઇન્દ્રિયોના પ્રાકૃત ગુણો

કે મનબુદ્ધિ અહંકારોને ગ્રહણ કરતા નથી. આપ સ્વતેજથી સિદ્ધ છો. હે પરમ કલ્યાણસ્વરૂપ! આપ અમને બંનેને આપના દાસના પણ દાસ તરીકે સ્વીકારો. અમને અમારાં વાણી, વર્તન, મન-વચન અને કર્મો થકી આપની ભક્તિ પ્રાપ્ત થાઓ.'

એ રીતે બંને યક્ષોએ ભગવાનની સ્તુતિ કરી. તેથી ખાંડણિયા સાથે દામણા વડે બંધાયેલા એવા ભગવાન શ્રીકૃષ્ણે તેઓને કહ્યું : હે નલકુબેર! તમે બંને પણ હવે મારા જ પરાયણ થયેલા હોઈ તમે તમારા લોકમાં પ્રસ્થાન કરો.'

ભગવાન શ્રીકૃષ્ણનાં આવાં વચનો સાંભળ્યા પછી બંને યક્ષોએ પેટ પર દોરડું બંધાયું હતું તેવા શ્રીકૃષ્ણ ભગવાનની પ્રદક્ષિણા કરી અને તેમને પ્રણામ કરી ઉત્તર દિશા તરફ ગયા.

આંગણામાં આવેલાં બંને અર્જુનવૃક્ષ જમીન પર તૂટી પડવાનો અવાજ થતાં નંદ વગેરે ગોપપુરુષો કશુંક ભયજનક થયાની શંકાથી ત્યાં દોડી આવ્યા અને ધરતી પર પડેલાં વૃક્ષોને જોયાં. આ વૃક્ષો નીચે બાળકૃષ્ણ દબાઈ ગયા હશે તો? એમ વિચારી યશોદાજી રડવા લાગ્યાં. નંદરાય અને ગોપોએ વૃક્ષોને ખસેડી જોયું તો દામણથી બંધાયેલા બાળકૃષ્ણ બંને વૃક્ષો વચ્ચે ખાંડણિયાને ઘસડવાની મહેનત કરતા હતા. દામણથી બંધાયેલા અને ખાંડણિયાને ખેંચીને ઘસડીને ચાલતા પુત્રને જોઈ નંદજીએ હસતાં હસતાં તેમને બંધનમુક્ત કર્યાં અને ઊંચકીને વહાલ કરવા લાગ્યા. અને યશોદાજીને સોંપી દીધાં.

આમ જુદા જુદા પ્રકારે કૃષ્ણ ભગવાને ગોકુળમાં પોતાની બાળલીલાઓના પરચા બતાવવા માંડ્યાં. તેમાં ક્યારેક ભગવાન નાચતા ક્યારેક ગોપીઓ તાળીઓ પાડીને તેમને ઉત્સાહિત કરતી તો ક્યારેક ભગવાન પોતે ગોપીઓને વશ થઈ જતા તથા મુગ્ધની પેઠે ઊંચેથી ગાતા. આમ બાળસહજ ચેષ્ટાઓથી લોકોનું મનોરંજન કરતાં પ્રિય બની ગયા હતા.

એક વખત ભગવાન શ્રીકૃષ્ણ એક ફળ વેચનારી બાઈ ફળ વેચવા આવેલી તેની પાસે ફળ લેવા દોડતા ગયા. ફળ વેચતી બાઈએ મોલ માંગ્યું. કૃષ્ણે મુઠ્ઠીઓમાં અનાજ લઈને આપ્યું. બાઈએ એમના હાથમાંથી અનાજ લઈને એમના બંને હાથ ફળોથી ભરી દીધાં. કૃષ્ણએ પણ તેનાં ફળોના ટોપલાને રત્નોથી ભરી દીધો. વિસ્મયની વાત એ છે કે આખા જગતને સર્વ પ્રકારનાં ફળ અર્પનારા ભગવાન સ્વયં ફળની આશાએ ફળવાળી પાસે દોડ્યા હતા!

## ૯. શ્રીકૃષ્ણનો ગોકુળવાસીઓ સાથે વૃંદાવનમાં વસવાટ

એ બધાંમાં ઉપનંદ નામનો એક ગોવાળ જે ઉંમર અને અનુભવમાં બધાથી મોટો હતો અને દેશકાળને સારી રીતે જાણનારો હતો. તેણે કહ્યું, 'આપણે બધા વ્રજનું હિત ઇચ્છનારાઓ છીએ. તેથી આપણે અહીંથી દૂર બીજે રહેવા ચાલ્યા જવું જોઈએ. કારણ કે અહીં બાળકોને માટે જોખમરૂપ નીવડે તેવાં મોટાં તોફાનો-ઉત્પાતો થાય છે. કૃષ્ણને મારવા કેટલાય રાક્ષસો આવ્યા હતા. આટલા બધા અનર્થકારી ઉત્પાતોથી હવે આપણે ચેતી જવું જોઈએ અને કશું જ નુકસાન થાય તે પહેલાં આપણે અહીંથી ચાલ્યા જવું જોઈએ અને બીજી સારી જગ્યાએ વસવાટ કરવો જોઈએ. મારા ધ્યાનમાં એક જંગલ છે ત્યાં આપણે બધાં રહી શકીએ. તે જગ્યામાં આપણાં બધાં પશુઓને પણ ખાનપાનની મુશ્કેલી પડશે નહિ એવી એ પવિત્ર ભૂમિ છે. પર્વત, ઘાસ અને વેલાઓથી ભરપૂર છે. જો તમને બધાને પસંદ આવે તો આપણે આજે જ ત્યાં વસવા ચાલ્યા જઈએ.'

નંદબાબા અને ગોવાળિયાઓને ઉપનંદની આ વાત પસંદ આવી. તે જગ્યાનું નામ વૃંદાવન હતું. બધાંએ થોડીઘણી વધુ વિચારણા અને મસલતો કરીને સહમતિ સાધી તથા સૌએ પોતપોતાનો સરસામાન ગાડાંઓમાં ભરીને ચાલવા લાગ્યા. ગોકુળના તમામ વૃદ્ધો, બાળકો તથા ઘરના સામાનને ગાડાંમાં ચડાવી દીધો. કેટલાંક ગોપગોપીઓ પોતપોતાનાં ઢોરોને પોતાની સાથે હાંકતાં ચાલવાં લાગ્યાં.

એક ગાડામાં યશોદાજી તથા રોહિણીજી પણ બાળકૃષ્ણ અને બલરામને લઈને બેસી ગયાં હતાં.

બધાંના મનમાં વૃંદાવન જેવી કાયમ માટે શાંતિદાયક જગ્યામાં વસવાટ કરવાનો અનેરો ઉત્સાહ છલકાતો હતો. એમ કરતાં વૃંદાવન આવી ગયું. બધાં તેમાં પ્રવેશ્યાં. ગાડાંઓને અર્ધગોળાકારમાં ગોઠવીને ગોવાળોએ પોતાના તથા ગાયોના ધણ માટે વસવાટ બનાવી લીધાં.

વૃંદાવન, ગોવર્ધન પર્વત અને યમુનાનદીનો રમણીય કિનારો જોઈ બલરામ તથા બાળકૃષ્ણને પણ ઘણો આનંદ થયો. પોતાના નિર્દોષ મજાકમસ્તીથી અને હાસ્યભરી વાણીથી વ્રજવાસીઓના મનનું રંજન કરતા બંને વાછરડાં ચરાવવા જેટલા મોટા થયા. વાછરડાં ચરતાં હોય ત્યારે બંને ભાઈઓ જુદી જુદી રમતો રમતા તથા ક્યારેક વાંસળી વગાડતા.

## ૧૦. વત્સાસુર, બકાસુર અને અઘાસુરનો નાશ

એક વખત ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજી યમુના નદીના કિનારે પોતાના મિત્રો સાથે ગાયો ચરાવવા ગયેલા અને રાબેતા મુજબની રમતો રમતા હતા ત્યારે તેઓને મારવા ઇચ્છતો વત્સાસુર દૈત્ય ત્યાં આવી ચડ્યો.

એ દૈત્ય વાછરડાના ધણમાં વાછરડાનું રૂપ લઈને ઘૂસી ગયો. ભગવાન શ્રીકૃષ્ણ તો તેને ઓળખી ગયા. તેમણે આંખના ઈશારાથી બલરામને વત્સાસુરને બતાવ્યો તથા દબાતે પગલે તેની પાછળ ગયા અને પૂંછડા સહિત તેના બંને પાછલા પગેથી તેને પકડીને આકાશમાં ઘુમાવ્યો. અણધારી રીતે કૃષ્ણે વાછરડાં રૂપધારી દૈત્યને પકડીને ઘુમાવ્યો અને કોઠીના ઝાડ પર ઉછાળી અફાળ્યો. તેથી તે દૈત્ય કોઠીનાં વૃક્ષ સાથે ધરતી પર પટકાઈ પડ્યો અને મૃત્યુ પામ્યો. તેને જોઈ આશ્ચર્ય પામેલા ગોવાળિયાઓના બાળકો 'બહુ સારું થયું' એમ કહી પ્રસન્ન થયા.

એ દૈત્યના મોતથી પ્રસન્ન થયેલા દેવોએ પણ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી.

એક વખત બધા જ ગોપબાળકો પોતાનાં વાછરડાંઓને જળાશય પાસે પાણી પાવા જવા લાગ્યા. ત્યાં એમણે વિશાળકાય બગલો જોયો.

બકાસુર બગલાનું રૂપ ધરીને કૃષ્ણને મારવા આવ્યો હતો કૃષ્ણ એની સાથે લડવા આગળ આવ્યા. એ કૃષ્ણને ઉઠાવીને ગળી ગયો. આ જોઈને બલરામ વગેરે બાળકો ગભરાઈ ગયા. પરંતુ કૃષ્ણ ભગવાને તો લીલાઓ કરવા અને લોકકલ્યાણ અર્થે જ આ જન્મ ધારણ કરેલો. તેથી જેવો બકાસુર તેમને ગળી ગયો કે કૃષ્ણે તાળવાના મૂળ ભાગને અગ્નિથી બાળવો શરૂ કર્યો. બકાસુરે તરત જ તેમને બહાર ઓકી કાઢ્યા અને ચાંચો વડે મારવા ફરીથી દોડ્યો પરંતુ કૃષ્ણએ પોતાની તરફ ધસી આવતા તે અસુરની એક ચાંચ હાથમાં પકડી લીધી અને બીજી ચાંચ પગ નીચે દબાવી દીધી. પછી બાળકોની નજર સામે જ પલકવારમાં એને ચીરી નાંખ્યો. બકાસુર તરફડીને મરણ પામ્યો. દેવતાઓએ પુષ્પોની વૃષ્ટિ કૃષ્ણ

ભગવાન પર કરી.

કૃષ્ણને હેમખેમ જોઈ બલરામ તથા બીજા ગોપબાળકોના જીવમાં જીવ આવ્યો. તેઓ કૃષ્ણને ભેટી પડ્યા અને પછી પોતપોતાનાં વાછરડાં એકઠાં કરી ગામમાં ગયા. આ વાત એમણે વ્રજવાસીઓને કરી. સર્વ વ્રજવાસીઓ પણ આ વાત સાંભળી ખૂબ જ નવાઈ પામ્યાં અને જાણે મૃત્યુના મુખમાંથી પાછા આવેલા કૃષ્ણને મળતાં હોય તેમ આંખમાં આંસુ સાથે અત્યંત સ્નેહપૂર્વક મળવા લાગ્યા.

એક વખતે ભગવાન શ્રીકૃષ્ણને વનભોજન કરવાની ઇચ્છા થઈ.

બધાં વાછરડાંઓ જંગલમાં ચરતાં મૂકીને ગોવાળિયાઓના બાળકો ભગવાન કૃષ્ણની આગેવાની નીચે જુદી જુદી રમતો રમ્યા અને ઉજાણી કરવા બેઠા.

ત્યારે ત્યાં કંસે મોકલેલો અઘાસુર દૈત્ય આવી પહોંચ્યો. અઘાસુર બકાસુરનો અને રાક્ષસી પૂતનાનો નાનો ભાઈ હતો. તેથી પોતાના ભાઈ-બહેનના મોતનો બદલો લેવાની ભાવનાવાળા કુવિચાર સાથે તે દુષ્ટ અઘાસુરે માયાથી ગુફા જેવા પહોળા મુખવાળા મોટા અજગરનું શરીર ધારણ કર્યું. તેનું કદ એક યોજન જેટલી લંબાઈવાળું પર્વતના જેટલી જાડાઈવાળું હતું. તેની ધારણા ભગવાન કૃષ્ણ સહિત તમામ ગોપબાળકોને એકી સાથે ગળી જવાની હતી. તેથી તે રસ્તાની વચ્ચે જ લાંબા શરીરને પાથરીને સૂઈ ગયો. તેનો નીચલો હોઠ ધરતી ઉપર અને હોઠનો ઉપરનો છેડો આકાશમાં છેક વાદળને અડકી રહ્યો હતો. બંને ગલોફાં ગુફાનું દૃશ્ય સર્જતાં હતાં. તો મુખની અંદરની દાઢો પર્વતનાં શિખરો જેવી દેખાતી હતી.

ભગવાન શ્રીકૃષ્ણ અને બધાં ગોપબાળકો વાછરડાં ચરાવતાં જંગલમાં ફરતાં ફરતાં આ તરફ આવી ચડ્યાં અને તેઓએ આ મહાકાય અજગરના શરીરને ગુફા જેવું ધારી લઈ હસતાંરમતાં અઘાસુરના અજગરરૂપી મહાકાય ગુફા જેવા શરીરમાં પ્રવેશી ગયાં. કૃષ્ણ તો અઘાસુરના આ કપટને જાણી જ ગયા હતા.

શ્રીકૃષ્ણ અઘાસુરના અંધારી ગુફા જેવા ગળા તરફ એકદમ આગળ ગયા અને તેના કંઠનો રસ્તો રૂંધી નાખ્યો. આથી વેદનાથી કરાંજતા તે અજગરની આંખો બહાર નીકળી આવી. શ્વાસોચ્છ્વાસ રૂંધાવા લાગતાં તે મહાકાય અજગરનો તોફાની પવન જેવો શ્વાસ તેના માથામાં બ્રહ્મરંધ્રને ફાડીને બહાર નીકળ્યો તથા તેની સાથે જ તેના પ્રાણ નીકળી ગયા. તેના શરીરમાં પ્રવેશેલાં ગોપબાળકો અને વાછરડાંઓ મૃત્યુ પામી ચૂક્યાં હતાં, તેમને ભગવાન શ્રીકૃષ્ણે પોતાની કલ્યાણકારી દૃષ્ટિથી જ સજીવન કરીને તેઓ બધાંને અઘાસુરના મહાકાય શરીરમાંથી બહાર લાવ્યા. તે સમયે અઘાસુરના પ્રચંડ શરીરમાંથી નીકળેલા ચૈતન્ય પ્રવાહનું અદ્ભુત તેજ પ્રકાશ ફેલાવતું હતું તે કૃષ્ણમાં સમાઈ ગયું. આમ અઘાસુરનો મોક્ષ થયો. દેવોએ ફૂલોની વર્ષાથી શ્રીકૃષ્ણનું અભિવાદન કર્યું.

કૃષ્ણ પોતાના બાળસખાઓને કહેવા લાગ્યા, 'વાછરડાંઓ અહીં ચરશે અને પાણી પીશે. ચાલો, આપણે જમી લઈએ.' બધા જમવા બેઠા.

## ૧૧. બ્રહ્માજીના મોહને નિવારવા શ્રીકૃષ્ણની લીલા

શ્રીકૃષ્ણએ અગાઉ અઘાસુરનો મોક્ષ કરેલો તેથી બ્રહ્માજી અત્યંત આશ્ચર્ય પામેલા અને તેથી જ શ્રીહરિના બાળસ્વરૂપમાં તેમનું બીજું પરાક્રમ જોવા બધાં વાછરડાંઓ અને ગોપબાળકોને લઈ અદૃશ્ય

થઈ ગયા. શ્રીકૃષ્ણ તો વાછરડાંની શોધમાં નીકળ્યા હતા તેથી તેમને તો બમણી ચિંતા ઊભી થઈ. ફરીથી જ્યારે નદીકિનારે આવ્યા તો બધા સખાઓને નહિ જોતાં જંગલમાં ચારે તરફ ગોપબાળક અને તેમનાં વાછરડાંઓની તેમણે શોધ આદરી પરંતુ ક્યાંય કોઈ જોવા મળ્યું જ નહિ. અંતર્યામી શ્રીકૃષ્ણને તરત જ ખ્યાલ આવી ગયો કે આ રમત બ્રહ્માજીની જ છે. તેથી તેઓ બ્રહ્માજી પાસે જઈને ગોપબાળકો અને તેઓનાં વાછરડાંઓની ભાળ મેળવવાને બદલે સ્વયં ગોપબાળકો અને વાછરડાંઓના અનેક સ્વરૂપમય બની ગયા અને એ બધાંને સાથે લઈ વ્રજમાં પાછા આવ્યા. દરેક ગોપબાળકો પોતપોતાનાં વાછરડાઓને લઈ પોતાના ઘરે ગયાં. આમ લગભગ એક વર્ષ સુધી ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓના ઘરે ગોપબાળકો અને વાછરડાં સ્વરૂપે રહ્યા.

એક વર્ષ પૂરું થવામાં પાંચ-સાત દિવસો બાકી હતા ત્યારે ભગવાન કૃષ્ણ રાબેતા મુજબ જ બલરામ સાથે વાછરડાંઓ ચરાવવા વૃંદાવનમાં દાખલ થયા.

ત્યારે બ્રહ્માજી વૃંદાવનમાં ફરવા અને પરિસ્થિતિ જોવા નીકળ્યા. ત્યાં તેમણે અગાઉની માફક જ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના બાળસખાઓ અને તેમનાં વાછરડાંઓ સાથે ખેલકૂદ કરતાં રમતા હતા એ દૃશ્ય જોયું. બ્રહ્માજી મૂંઝવણમાં પડી ગયા કે ગોકુળમાં જેટલાં ગોપબાળકો હતાં તે બધાં તો તેમનાં વાછરડાંઓ સાથે બ્રહ્માજીની માયાથી મોહિત થઈને સૂતાં છે તે હજી જાગ્યાં પણ નથી અને પોતાના કબજામાં છે. જ્યારે એમના સિવાયના આ તેમના જેવાં જ બીજાં ગોપબાળકો ક્યાંથી આવ્યાં અને તે પણ શ્રીકૃષ્ણ સાથે ખેલતાં-કૂદતાં?! એમ કેટલાયે વિચાર કર્યા, તર્કો લડાવ્યા પણ એમને શ્રીહરિની માયા સમજાઈ નહીં. ત્યાં એમને સર્વ વાછરડાંઓ અને ગોપબાળકો શ્રીકૃષ્ણરૂપ દેખાયા. બ્રહ્માજીને દેખાયા.

ભગવાનનું આવું લીલાસ્વરૂપ દર્શન થતાંની સાથે જ બ્રહ્માજી તરત જ પોતાના વાહન ઉપરથી ઊતરી જઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા ભૂમિ પર સોટીની પેઠે લાંબા થઈ ગયા. અને હર્ષાશ્રુનો અભિષેક કરી તેમના ચરણ પકડી લીધા. ત્યાર પછી ધીમે ધીમે ભગવાનની સામે ઊભા થઈ બંને આંખો લૂછી નાખી. વિનમ્રપણે બે હાથ જોડી એકાગ્રચિત્તે અને ગળગળા સ્વરે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

પછી બોલ્યા, 'હે પરમાત્મા! મને અહીંથી જવાની રજા આપો. હું કલ્પપર્યંત આપને નમસ્કાર કરું છું.' તેઓએ ફરી શ્રીકૃષ્ણને દંડવત્ પ્રણામ કર્યા અને હંસ પર બિરાજમાન થઈ બ્રહ્મલોકમાં ગયા.

## ૧૨. શ્રીકૃષ્ણે કરેલો ધેનકાસુરનો વધ

બલરામ, કૃષ્ણ વગેરે બાળકો મોટા થતા પશુપાલકો તરીકે માન્ય થયા. તેથી મિત્રો સાથે ગાયો ચરાવવા જવા લાગ્યા.

એક વખત તેમનો એક સુદામા નામના સખાએ કહ્યું, 'વૃંદાવનથી થોડે અંતરે દૂર તાડનાં વૃક્ષોવાળા વનમાં પુષ્કળ ફળો પડેલાં હોય છે અને પડ્યા કરે છે. તે જ્યારે કોઈ લેવા જાય છે ત્યારે ત્યાં ધેનકાસુર નામનો રાક્ષસ રહે છે તે કોઈને લેવા દેતો નથી. એ ધેનકાસુર ઘણો જ બળવાન છે અને બીજા અસુરો પણ તેની સાથે જ રહે છે. તેથી મનુષ્યો તેમનાથી ભય પામીને તે વનમાં જતાં જ નથી. તે ખાવાની મને ખૂબ જ ઇચ્છા થઈ આવે છે. અમે ક્યારેય એ ફળો ખાધાં નથી. તેથી જો

આપ અમારી સાથે આવો તો આપણે બધા તે ફળો ખાવાની મોજ ઊડાવીએ.

મિત્રોની આ માગણી સાંભળીને બલરામ અને કૃષ્ણ ત્યાં જવા સાબદા થયા અને બધા સખાઓને લઈ તરત જ તે તાડ વૃક્ષોવાળા વનમાં પહોંચ્યા. ત્યાં કૃષ્ણે તોફાને ચડેલા હાથીની મસ્તીથી તમામ તાડનાં વૃક્ષોને પોતાના બળથી હલાવી હલાવીને તાડનાં ફળો પાડવા માંડ્યા. એક પછી એક તાડફળોનાં ટપાટપ અવાજ સાંભળીને ગધેડાનું રૂપ ધારણ કરેલો ધેનકાસુર ત્યાં આવી પહોંચ્યો અને આવીને તરત જ બલરામજીને પોતાના પાછલા બંને પગની લાતો છાતીમાં મારી ભયંકર ગર્જનાપૂર્વક ભૂંકવા લાગ્યો. એટલે બલરામજીએ તેના બંને પાછલા પગોને છેડેથી પકડી લીધા અને તેને ઘણા બળપૂર્વક ચક્કર ચક્કર ફેરવવા માંડ્યો. એની બધી શક્તિઓ હણાઈ ગઈ. તે ગધેડાને તાડવૃક્ષના મૂળમાં બલરામજીએ જોરથી પછાડ્યો.

ધેનકાસુર મરાતાં તેની જાતિના બીજા ગધેડા ખૂબ જ કોપાયમાન થઈને બલરામ તથા કૃષ્ણની સામે ધસી આવ્યા. પરંતુ તે દરેકને તેઓ પોતાનું જોર અજમાવવા જાય તે પહેલાં જ બલરામજી અને કૃષ્ણએ તેમના પાછલા પગો પકડી પહેલાંની માફક જ ઘુમાવીને તાડના ઝાડ સામે ફેંકવા માંડ્યા. આ યુદ્ધથી પૃથ્વી પર લાંબાં લાંબાં તાડનાં વૃક્ષો આડા પડીને પથરાઈ ગયાં. તૂટી પડેલાં ફળોના ઢગલાં અને ગધેડાના રૂપવાળા દાનવોનાં શબોથી આખું વન ભરાઈ ગયું.

ત્રાસ આપતા અસુરોનો બલરામ અને કૃષ્ણએ નાશ કર્યો હતો. પ્રસન્ન થઈને દેવોએ તેઓની ઉપર પુષ્પવૃષ્ટિ કરી વાજિંત્રો વગાડ્યાં અને સ્તુતિઓ કરી. તાડવૃક્ષના એ જંગલમાં માણસો પ્રવેશીને તાડનાં ફળો નિડરતાપૂર્વક ખાવા લાગ્યા. પશુ-પક્ષીઓને પણ નિર્ભયપણે વનમાં ઘૂમવા અને ઘાસચારો ચરવાનું મળ્યું.

ત્યાર પછી બલદેવજી અને કૃષ્ણ ભગવાન બધા ગોવાળિયાઓની પ્રશસ્તિ સાથે જાણે કંઈ જ બન્યું નથી તેવી રમતિયાળ વૃત્તિ સાથે વ્રજમાં ગયા.

## ૧૩. યમુના નદીમાં કાલિયનાગનું આગમન

એક વખત ભગવાન શ્રીકૃષ્ણ સખાઓ સાથે યમુના નદી પર ગયા. ગોવાળિયાઓ તથા ગાયો ખૂબ જ તરસ્યાં થયાં હતાં. યમુનાજીનાં જળ કાલિય નાગના ઝેરથી દૂષિત થયાં હતાં તેમ છતાં ગાયો અને ગોવાળિયાઓએ પોતાની તૃષા શાંત કરવા તે જળનું પાન કર્યું. ઝેરી પાણી પીતાં જ તરત જ તે બધાં મરણને શરણ થયાં અને ત્યાં જ ઢળી પડ્યાં. શ્રીકૃષ્ણ ભગવાને તેમના ઉપર પોતાની અમીદૃષ્ટિનો યોગ કરી સજીવન કર્યાં. બધાં બેહોશીમાંથી ઊઠતાં હોય તેમ ભાનમાં આવ્યાં અને વિનયપૂર્વક પરસ્પર સામું જોવા લાગ્યાં.

તે જળને દૂષિત કરનાર કાલિયનાગ હતો.

યમુના નદીના એક ધરામાં કાલિય નામે ઝેર ઓકતો એક સર્પ નિવાસ કરવા આવ્યો. તે જળનું પાન કરનાર પશુઓ-પક્ષીઓ તત્કાળ મૃત્યુ પામતાં. તો પછી મનુષ્ય તો શાના બચે?

ભગવાન શ્રીહરિના અવતાર શ્રીકૃષ્ણ જ્યારે જગતમાં પાપનો ભાર વધે ત્યારે જ અવતાર લે છે. તેમની નજર આ કાલિયનાગ ઉપર હતી. તેથી તેમણે એક દિવસ યમુના તટ પર મિત્રો સાથે દડો રમવા લાગ્યા. શરત એ હતી કે દડો દૂર જાય તો નાખનારે તે લઈ આવવો. શ્રીકૃષ્ણે જાણીજોઈને

યમુનામાં દડો નાખી દીધો. દડો લેવા ઊંચા કદંબના વૃક્ષ પર તેઓ ચડી ગયા. મિત્રો નાન...ના કરતા રહ્યા અને એમણે યમુનાનદીના ઝેરી પાણીમાં ભુસકો માર્યો. તેઓ સીધા યમુનાના ઊંડા જળમાં જ્યાં કાલિયનાગ સૂતો હતો ત્યાં ઊતર્યા. આવા સુંદર બાળકને જોઈને કાલિયનાગની પત્નીઓ ચમકી અને એને પૂછ્યું, 'બાળક, અહીં કેમ આવ્યો છે? જલદી બહાર નીકળી જા. નહીં તો અમારા પતિના ઝેરથી તું મરી જશે.'

શ્રીકૃષ્ણ બોલ્યા, 'માતા! ડરો નહીં. હું કાલિયનાગને મારવા જ અહીં આવ્યો છું.' કહીને એમણે કાલિયનાગની પૂંછડી પર પગ મૂકી જોરથી દબાવી.

આ તરફ શ્રીકૃષ્ણે પોતાના શરીરને ખૂબ મોટું કર્યે રાખવાથી કાલિયનાગનું શરીર ખૂબ તણાવા લાગતું. તેથી તેણે પોતાના બંધનના આંટા ઉકેલીને તેમને છૂટાં કર્યા અને ગુસ્સામાં પોતાની ફેણો ઊંચી કરીને ફૂંફાડા મારતો ઝેર ઓકતો ઊભો રહ્યો.

કાલિયનાગ ક્રોધથી કાંપતો હતો. ભગવાને થોડીવાર તો જુદાં જુદાં સ્થળે ડૂબકીઓ મારીને કરડવા માટે તૈયાર થયેલા તે નાગને આમતેમ ઘુમાવ્યે રાખ્યો અને થકવી નાખ્યો. અને તેને લાતો મારી અધમૂઓ કરી નાખ્યો. ત્યાર પછી નાગના વિશાળ મસ્તક પર તેઓ ચડી ગયા અને તેની ઉપર નાચવા લાગ્યા. આકાશમાંથી દેવોએ આ દૃશ્ય જોતાં ખૂબ જ પ્રસન્નતાપૂર્વક ભગવાનનું અભિવાદન કરતાં પુષ્પો વરસાવ્યાં. કાલિયનાગની ઉપર નાચતા શ્રીકૃષ્ણને જોઈને ગામવાસીઓ પણ ખુશીથી નાચવા લાગ્યા. યશોદાજી પણ ભાનમાં આવી કનૈયાનું નૃત્ય જોવા લાગ્યા.

ત્યારે નાગની પત્નીએ કહ્યું : હે ભગવાન! આપનો અને સર્વ જીવોનો અપરાધ કરનાર મારા આ પતિને આપે શિક્ષા કરી તે બરાબર જ છે. આપની આ ભયાનક શિક્ષા થકી જ અમારા પતિનાં પાપ નાશ પામ્યાં છે અને અમારા પતિના પરભવનાં કોઈ પુણ્ય જ હશે કે જેથી આપની પ્રસન્નતા અને ચરણરજ તેઓ પામી શક્યા છે. સર્વના કલ્યાણ અને સર્વના કારણરૂપ આપને અમે વંદન કરીએ છીએ. આપ તો સર્વજ્ઞ અને સ્વયંસિદ્ધ છો. સર્વ દેવોના દેવ છો. તેથી અમારા પતિને ક્ષમા કરી દો. અમારા પતિ નાગરાજ પ્રાણ ત્યાગી દે તે પહેલાં તેમને છોડીને જીવતદાન આપો.

ભગવાન શ્રીકૃષ્ણ નાગપત્નીઓની સ્તુતિ સાંભળીને કાલિયનાગને છોડી દીધો. એણે બે હાથ જોડી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી.

કાલિયનાગની સ્તુતિ સાંભળી શ્રીકૃષ્ણ બોલ્યા : હે કાલિયનાગ, તું અગાઉ ગરુડના ભયથી ત્રાસીને રમણકદ્વીપ છોડીને આ ધરામાં નિવાસ કરવા આવી પહોંચ્યો હતો તે ગરુડ હવે તારા ઉપર મારા પગનાં નિશાન જોઈને તને ખાશે નહિ. તું તારી પત્ની સાથે યમુના નદીમાંથી રમણકદ્વીપમાં ફરી નિવાસ કર.

ભગવાન કૃષ્ણે જીવતદાન આપ્યાથી કાલિયનાગ અને તેની પત્નીઓ ખુશ થયાં અને તેમની વિધિપૂર્વક પૂજા કરી. દિવ્ય પુષ્પોની માળાઓ, મણિઓ, ઝવેરાતો ઇત્યાદિની ભેટો આપી પ્રસન્ન કર્યા અને પોતે ત્યાંથી રમણકદ્વીપ જવા રવાના થયાં. ઝેરના કારણે પ્રદૂષિત થયેલી યમુના નદીનાં જળ ફરીથી શુદ્ધ અને નિર્મળ થઈ ગયાં.

કાલિયનાગને યમુનાજીના ધરામાંથી કાઢી મૂક્યા બાદ ભગવાન કૃષ્ણ જ્યારે દિવ્ય માળાઓ,

મણિઓથી જડિત અત્યંત કીમતી આભૂષણો પહેરી બહાર નીકળ્યા ત્યારે તેમને જોઈને સર્વ ગોવાળિયાઓના જીવમાં જીવ આવ્યો. તેઓ શ્રીકૃષ્ણને ભેટી પડ્યા. તે જ પ્રમાણે યશોદાજી, રોહિણીજી, નંદબાબા તથા સર્વ ગોપ-ગોપીઓ પણ શ્રીકૃષ્ણ ભગવાનને મળીને જાણે પોતાનો ખોવાયેલો આત્મા મળી આવ્યો હોય તેમ આનંદાશ્રુ વહેવડાવવા લાગ્યાં. બળદેવજી તો શ્રીકૃષ્ણના પ્રભાવને જાણતા જ હતા. તેથી તેઓ શ્રીકૃષ્ણને બાહુમાં ભીડીને હસવા લાગ્યા. તે જ રીતે ગાયો, બળદો તથા વાછરડાંઓ પણ આનંદ પામ્યાં.

ગામમાં કોઈ પણ ઘરમાં સારો-માઠો પ્રસંગ બને ત્યારે તેની દાનથી ઉજવણી કરવી એ ભારતીય સંસ્કૃતિની સત્યુગથી ચાલી આવતી એક પવિત્ર પ્રણાલી રહી છે. કૃષ્ણ ભગવાને કાલિયનાગને યમુનાજીના ધરામાંથી ભગાડી મૂક્યો તેથી ગામલોકો ખુશ થયાં. નંદરાયે તો હર્ષાવેશમાં ઉદાર દિલે સર્વ બ્રાહ્મણોને ગાયો તથા સોનાનું દાન આપ્યું. ત્યાર પછી માતા યશોદાજી શ્રીકૃષ્ણને જાણે મોતના મુખમાંથી પાછા આવ્યા હોય તેમ જાણી ગોદમાં લઈ હર્ષાશ્રુ વહેવડાવવા લાગ્યાં અને વારંવાર મસ્તક સૂંઘી બચીઓ કરી વહાલનો ધોધ વરસાવી દીધો.

એ આખી રાત વ્રજવાસીઓએ વૃંદાવનમાં યમુના કિનારે જ પસાર કર્યો. ઉનાળાની રાત્રિ હતી. એટલે જ રાત્રિના મધ્ય ભાગમાં વૃંદાવનમાં દાવાનળ પ્રજ્જ્વળી ઊઠ્યો. આથી ચોતરફ થાકીને નિદ્રાધીન થયેલા વ્રજવાસીઓ એકાએક ગભરાટમાં ઊઠીને નાસભાગ કરવા લાગ્યાં. તેઓ શ્રીકૃષ્ણના શરણે ગયાં અને તેમને તથા બલરામજીને બચાવ માટે કોઈ રસ્તો શોધવાનું કહેવા લાગ્યાં. શક્તિના અવિરત સ્રોતસ્વરૂપ ભગવાન દાવાનળના ભયાનક અગ્નિને પી ગયા.

## ૧૪. ભગવાન બલરામજી દ્વારા પ્રલંબાસુરનો વધ

ત્યાર પછી સર્વ ગોપીજનો સાથે આનંદોલ્લાસભેર ગવાતી સ્તુતિ સાથે ભગવાન શ્રીકૃષ્ણ ગાયોના ધણથી શોભતા ગોકુળમાં પધાર્યા.

આ બધા ગોવાળિયાઓ પૂર્વે જુદા જુદા દેવો જ હતા. તેથી જ તેઓને આ પરમ સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તે બધા બલરામજી તથા ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ અને પ્રશંસા કરતા હતા અને ભગવાન કૃષ્ણ અને ભગવાન બલરામજી પણ ફેરફુદરડી ફરવી, બાહુયુદ્ધ કરવાની વગેરે રમતો રમતા હતા. ક્યારેક બીજા ગોવાળો નાચતા ત્યારે તેઓ ગાયન-વાદન કરતા તથા વધારે નાચવા માટે પ્રોત્સાહિત કરવા હોંકારા ભણતા. ઉપરાંત જુદા જુદા વખતે કુંભવૃક્ષનાં ફળો, બીલાં, આમળાં ફેંકવાની રમતો, પકડાપકડીની, આંખ મિંચામણાની રમતો રમતા અને ઠઠ્ઠામશ્કરીઓ કરતા હસતા હસાવતા સર્વેનું મનોરંજન કરતા રહેતા. ક્યારેક વડની વડવાઈઓ પર લટકીને હીંચકા ખાવાની અને બીજી બાળરમતો તેઓ રમતા હતા.

તેવે સમયે એક વખત વૃંદાવનમાં પ્રલંબાસુર નામનો એક અસુર બલરામ અને કૃષ્ણનું અપહરણ કરવા માટે ગોવાળિયાનું રૂપ લઈને આવ્યો. કૃષ્ણ ભગવાન તો સર્વેના અંતરદ્દષ્ટા હોઈ તે પ્રલંબાસુરના મનની વાત જાણી ગયા અને તેનો નાશ કરી નાખવાના ઈરાદાથી તેની સાથે દોસ્તી પણ બાંધી લીધી. પછી બધા સખા ગોપાલકોને એકઠા કરીને તેમને એક નવી રમત રમવાનું શિખવાડવાનું કહ્યું. ભગવાન શ્રીકૃષ્ણે એવી રમત રમવાનું શિખવાડ્યું કે જેમાં બધા ગોવાળિયાઓનાં બે જૂથો પાડી

નાખ્યાં. એક જૂથના નેતા તરીકે બલરામને રાખ્યા અને બીજા જૂથમાં પોતે રહ્યા. તેમાં એક ઉપાડનારાઓનું જૂથ અને બીજા તેની પર બેસનારા થઈ વિવિધ રમતો રમવાનું શરૂ કર્યું. આમાં જે જીતે તેમણે હારેલા ઉપર બેસવાનું અને હારેલાઓએ જીત પામેલાઓને ઉપાડવાના. તે પ્રમાણે શરૂ થયેલી રમત બહુ જામી ત્યારે ગાયોને ચારતાં ચારતાં ગોવાળિયાઓનાં આ બંને જૂથો ભાંડીરક નામના વડ પાસે આવી પહોંચ્યાં.

આમાં બલરામજીના જૂથમાં સુદામા અને વૃષભ નામના ગોવાળિયાઓ જીત્યા ત્યારે કૃષ્ણના જૂથમાંથી શ્રીકૃષ્ણ વગેરે તેઓને ઉપાડવા લાગ્યા અને હારેલા કૃષ્ણએ સુદામાને ઉઠાવ્યો. ભદ્રસેને વૃષભને તથા પ્રલંબાસુરે બલરામજીને ઉપાડ્યા. બલરામજીને ઉપાડીને ઝડપથી દોડતો પ્રલંબાસુર નક્કી થયેલા સ્થાન સુધી જઈને ત્યાંથી પણ આગળ ચાલ્યો. પરંતુ બલરામજીનું વજન કંઈ કમ નહોતું. એક મોટા પર્વત જેટલું વજન ધરાવતા બલરામજીના ભારથી પ્રલંબાસુર ચાલી પણ શકતો નહોતો પણ નમી જતો હતો. આખરે એણે પોતાનું અસલી આસુરી રૂપ ધારણ કરી લીધું. જેમાં તે અત્યંત બિહામણો લાગતો હતો. પ્રચંડ રાક્ષસી કાયામાં તેની અંગારા વરસાવતી આંખો અને ભયંકર લાંબી તીક્ષ્ણ દાઢો, ભડભડ બળતી અગ્નિજ્વાળાઓ જેવા પીંગળ વાળ અને રત્નજડિત સુવર્ણાલંકારો ચમકી ઊઠતા હતા. તેના આ રૂપથી બલરામ ભયભીત ન થયા. એમણે પ્રલંબાસુરના માથામાં પોતાના વજ્ર જેવા હાથો વડે અત્યંત વેગપૂર્વક હતું તેટલું બળ એકઠું કરીને મુઠ્ઠીઓ ઝીંકી દીધી. જાણે કે વજ્રઘાત થયો અને આ એક જ તીવ્ર પ્રહારમાં પ્રલંબાસુરનું મસ્તક ફાટી ગયું. એના રાક્ષસી મુખમાંથી લોહી વહેવા લાગ્યું. તેણે ભયંકર ત્રાડ પાડી અને જમીન પર પડ્યો. આમ બલરામજી દ્વારા પ્રલંબાસુર મરાયાની જાણ થતાં જ બધા ગોવાળિયાઓ ખૂબ ખુશ થયા અને બધા તેમને અભિનંદન આપવા લાગ્યા તથા કેટલાક તો ભેટી પડવા લાગ્યા. ફરી એક વખત દેવોએ આ બંને પર ખુશ થઈને પુષ્પવૃષ્ટિ કરી.

ત્યાર પછી ગોવાળિયાઓ રમવામાં મશગુલ થઈ ગયેલા ત્યારે ગાયો પોતાને મનફાવે ત્યાં આમતેમ ચરતી ચરતી આગળ ને આગળ ચાલતી ઘણે દૂર ચાલી ગઈ અને ગાઢ જંગલની અંદર ઘૂસી ગઈ. ગાયો, ભેંસો અને બકરીઓ એક પછી એક વનમાંથી પસાર થતી મુંજ ઘાસના જંગલમાં પહોંચી. ત્યાં દાવાનળ સળગતો હતો. તેઓ દાવાનળનો અગ્નિ સહન ન થતાં બરાડા પાડવા લાગ્યાં અને બચવા માટે આમતેમ દોડાદોડી તથા નાસભાગ કરવા લાગ્યાં.

આ તરફ રમત પૂરી થતાં જ ભગવાન શ્રીકૃષ્ણ, બલરામજી તથા ગોવાળિયાઓને પોતાની સાથેનાં પશુઓને એકઠાં કરવાનું યાદ આવ્યું અને આસપાસ નજર દોડાવતાં ક્યાંય કોઈ ગાય-ભેંસ ચરતાં દેખાયાં નહિ તેથી બધા મૂંઝાયા અને ચારેકોર શોધ આદરી પરંતુ ક્યાંય ભાળ મળી નહિ તેથી બધા વ્યથિત થઈ ઉપાધિમાં પડી ગયા. બધાં તેમનું પગેરું દાબતાં આગળ વધ્યા. આખરે મુંજ ઘાસના વનમાં ભૂલી પડેલી ગાયો, ભેંસો વગેરેને જોયાં. ભગવાન કૃષ્ણએ ગાયોને પાછી બોલાવવા પોતાના ધીર-ગંભીર પરિચિત અવાજથી તેમના નામ સાથે પોકારો પાડતાં પોતાના રક્ષણાર્થે કૃષ્ણ આવી ચડ્યાની જાણ થતાં જ ખુશ થયેલી ગાયો ભાંભરતી ભાંભરતી તેમના તરફ દોડી આવી.

એટલામાં જ ઘાસના એ વનમાં ફેલાયેલો દાવાનળ ત્યાં સુધી આવી પહોંચ્યો.

શ્રીકૃષ્ણ ભગવાને ગોપોને કહ્યું, 'હે બાંધવો! તમે તમારા મનમાંથી ભયને દૂર કરો અને આંખો બંધ કરી દો.' બધાએ આંખો બંધ કરી દીધી. એટલે ભગવાન કૃષ્ણ પોતાના મુખ વાટે એ ભયાનક દાવાનળને ફરી પી ગયા.

થોડીવાર પછી ગોવાળિયાઓએ આંખો ખોલી નાખી તો તેઓ ભાંડારકર વડ પાસે ઊભા હતા. બધા ખૂબ જ વિસ્મય પામ્યા.

ત્યાર પછી સાંજ નમતાં બધા ગોવાળિયાઓ સાથે વાંસળી વગાડતાં વગાડતાં શ્રીકૃષ્ણ ભગવાન બલરામજી સાથે ગોકુળમાં પ્રવેશ્યા.

## ૧૫. શ્રીકૃષ્ણે કરેલું ગોપીઓનું વસ્ત્રાહરણ

વ્રજની કુમારિકાઓ હેમંતઋતુના પહેલા માસમાં એટલે કે માગસર મહિનામાં હવિષ્યાન્નનું (પિતૃઓને સંતોષવા બનાવેલું ભોજન) ભોજન કરીને કાત્યાયની દેવીનું પૂજનવ્રત કરતી. તેઓ અરુણોદય વખતે યમુનાનદીના જળમાં સ્નાન કરી અને ત્યાર પછી રેતીમાં કાત્યાયની દેવીની મૂર્તિ બનાવીને તેનું પૂજન કરતી. એ પૂજનમાં વિવિધ પ્રકારનાં નૈવેદ્યો, નરમ આમ્રપત્રો, ફળો, કંકુ અને ચોખા તથા ફૂલોથી આ પૂજન કરતી અને ધૂપ-દીપ-આરતી કરી દેવીની એવી સ્તુતિ કરતી, 'હે કાત્યાયની દેવી! અમારા ઉપર પ્રસન્ન થાઓ અને નંદરાયના પુત્ર કૃષ્ણને અમારા પતિ બનાવો. અમારાં વંદન સ્વીકારજો.' વ્રજની દરેક કુમારિકા મનોમન આમ શ્રીકૃષ્ણને જ પતિ તરીકે સ્થાપી દેતી અને તેવી જ મનમાં ઇચ્છા ધરાવતી તથા તે પ્રમાણે મહિના સુધી દરરોજ વ્રત અને પ્રાર્થના કરતી.

વ્રતના આ દિવસોમાં તેઓ રોજ પરોઢિયે દરેક સખીઓ સાથે મળીને શ્રીકૃષ્ણનાં ગીતો ગાતી ગાતી પવિત્ર યમુના નદીમાં સ્નાન કરવા જતી અને પોતાનાં વસ્ત્રો કિનારા ઉપર મૂકી દેતી. એક દિવસ એ જ પ્રમાણે પોતપોતાનાં વસ્ત્રો યમુનાતટે મૂકીને હોંશેહોંશે યમુનામાં પ્રવેશીને રસમસ્તી કરતી કરતી નહાવા લાગી. તેવે સમયે શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા. તેમણે ગોપકન્યાઓને નદીમાં સ્નાન કરતી જોઈ અને ટીખળ કરવાનું સૂઝ્યું. તેથી નદીના તટ ઉપર પડેલાં તેઓનાં બધાં વસ્ત્રો ઉઠાવી જઈ ગૂપચૂપ રીતે નજીકના કદંબવૃક્ષ ઉપર ચડી ગયા.

થોડીવારમાં એ ગોપકન્યાઓએ સ્નાન કરી બહાર નીકળવા માટે કાંઠા પર પડેલાં પોતાનાં વસ્ત્રો લેવા ગઈ પણ ત્યાં એકે વસ્ત્ર જોવા મળ્યું નહિ. બધી બાળાઓ મૂંઝવણમાં પડી ગઈ અને આ કૃત્ય કૃષ્ણનું જ હોવું જોઈએ એમ માનીને આસપાસનાં વૃક્ષો ઉપર નજર દોડાવી તો કદંબના વૃક્ષ ઉપર શ્રીકૃષ્ણને બેઠેલા જોયાં. એટલે તરત જ તેમને પોતાનાં વસ્ત્રો આપી દેવા વિનંતી કરવા લાગી.

શ્રીકૃષ્ણે સહાસ્ય મધુર સ્વરે કહ્યું : હે કન્યાઓ! તમે બધી વ્રતધારીઓ છો. તેમ છતાં વસ્ત્રરહિત થઈને જળમાં પ્રવેશીને પાણીમાં રહેલા દેવો તથા અગ્નિદેવનો અપરાધ કર્યો છે. તેથી તે પાપમાંથી મુક્ત થવા માટે માથા પર બે હાથ જોડી નીચે નમસ્કાર કરીને તમારાં વસ્ત્રો લઈ લો.

પોતે વ્રત કરેલું હોવાથી અને તેમ છતાં નગ્ન થઈ તે યમુનામાં સ્નાન કર્યું હોવાથી વ્રતભંગ થયો હશે અને વ્રતની પૂર્ણતાની ખેવના તો તેઓ દરેકને હતી. તેથી ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે તેઓએ ભગવાનને જ નમીને પ્રણામ કર્યાં. કારણ કે તેઓ જ તમામ કર્મોના સાક્ષાત્ ફળદાતા ભગવાન હતા તથા તમામ પાપોનો નાશ કરનારા પણ તેઓ જ હતા. ગોપ કન્યાઓને એ રીતે નમન

કરતી જોઈને ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને તેમનાં વસ્ત્રો આપી દીધાં.

પછી શ્રીકૃષ્ણ બોલ્યા, 'તમે વ્રજમાં જાઓ. તમે આ કાત્યાયની દેવીનું પૂજન જે મનોરથો સહિત કર્યું છે તેના ફળસ્વરૂપે તમે આવતી શરદઋતુની રાત્રિઓમાં મારી સાથે રાસ રમશો.'

પછી શ્રીકૃષ્ણ યમુનાનદીના કિનારા પર ગયા. ત્યાં ગાયોને અત્યંત પ્રેમપૂર્વક ઠંડુ સ્વચ્છ પાણી પિવડાવીને પોતે તથા બધા સખાઓએ પણ તે જળ પીધું. પછી બધા ગોપાલકો જેઓ વનમાં ફરી પશુઓને ચરાવતાં ક્ષુધાતુર થયા હતા તેમણે બળદેવજી તથા શ્રીકૃષ્ણ ભગવાનની પાસે આવીને એમ કહ્યું:

હે દુષ્ટોના નાશક એવા શ્રીકૃષ્ણ! અમને પીડા આપતી અમારી આ ભૂખને શાંત કરવા માટે તમે જ યોગ્ય છો.'

શ્રીકૃષ્ણે તેમને કહ્યું, 'સામે બ્રાહ્મણો અંગિરસ યજ્ઞ કરી રહ્યા છે. તમે તેમની પત્નીઓ પાસે જઈને મારું નામ લઈ ભોજન માગો.'

તેથી એ ગોવાળિયાઓ જ્યાં બ્રાહ્મણપત્નીઓ બેઠેલી તેમની પાસે ગયા. તેમને ગોવાળિયાઓએ કહ્યું : હે માતાઓ! અમારાં વંદન સ્વીકારજો. અમે અહીં શ્રીકૃષ્ણની સાથે ગાયો ચરાવવા આવેલા અને બળદેવજી તથા બીજા ગોપસખાઓ પણ સાથે છે. તેઓ બધા ભૂખ્યા થયેલા છે. તેથી અન્ન લેવા માટે અમે આવ્યા છીએ.'

પોતે જેમનું દિન-રાત ચિંતન કરતી હતી એવા ભગવાન શ્રીકૃષ્ણની લીલાકથાઓ સાંભળીને દર્શન માટે આતુર થયેલી બ્રાહ્મણ-સ્ત્રીઓ ભગવાનને ત્યાં પધાર્યાનું જાણીને ખૂબ જ હર્ષમાં આવી ગઈ અને તરત જ વિવિધ પાત્રોમાં ભોજનસામગ્રી ભરીને ભાવવિભોર થઈને તેમને ભોજન કરાવવા જાતે જ નીકળી પડી.

યમુના નદીના ઉપવનમાં ભગવાન શ્યામસુંદર પીળાં પીતાંબર, વનમાળા, મોરપીંછ અને બીજા વિવિધ આભૂષણો ધારણ કરીને બેઠેલા હતા. આસપાસ ગોપમિત્રોનાં ટોળાં બેઠેલાં હતાં. તેમની સાથે મજાકમસ્તી કરી રહ્યા હતા. તેમનાં અને બલરામજીનાં દર્શન કરીને તે બ્રાહ્મણસ્ત્રીઓ કૃતાર્થ થઈ ગઈ.

## ૧૬. ભગવાન શ્રીકૃષ્ણે ઊજવેલો ગોવર્ધન મહોત્સવ

શ્રી શુકદેવમુનિએ કહ્યું: ભગવાન કૃષ્ણ અને બળદેવજીના વ્રજવાસ દરમિયાન એક દિવસ ગોવાળિયાઓ ઈન્દ્રનો યજ્ઞ કરવાની તૈયારી કરવા લાગ્યા. તેમણે વિનયપૂર્વક નંદરાયજીને પૂછ્યું: 'હે પિતાજી! તમે લોકો હમણાં એવા કયા મોટા ઉત્સવની ઉજવણી કરવા માગો છો? જો તે યજ્ઞ હોય તો તેના ફળ વિશે મને કહો તથા કયા દેવને ઉદ્દેશીને કરવાનો છે?'

નંદજીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું: ભગવાન ઈન્દ્ર અને મેઘના સર્વ રૂપો પરસ્પર એકમેકનાં સ્વરૂપો છે. તેના વડે સર્વ પ્રાણીઓને જળ પ્રાપ્ત થાય છે. હે તાત! આપણે મેઘોના સ્વામી ઈન્દ્રનું યજ્ઞો કરી પૂજન કરીએ છીએ.'

ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું, 'હે પિતાશ્રી! દરેક જીવ તેના કર્મો સાથેનાં બંધનોમાં બંધાયેલો છે. કર્મો થકી ઉત્પન્ન થયેલો જીવ કર્મ થકી જ નાશ પણ પામે છે અને સુખ, દુઃખ, કલ્યાણ વગેરે પણ પોતાનાં

કર્મો થકી જ પામે છે. જેથી જગતમાં અવતરેલા કોઈ ઈશ્વર કર્મનાં ફળ આપનારો હોવા છતાં કર્મના કર્તાની જ ભક્તિ કરે છે ત્યારે જ કર્મ કરનારા જીવોને સફળતા આપવા-અપાવવા શક્તિમાન બને છે પરંતુ નિષ્ક્રિય રહેનારને ફળ અર્પી શકતો નથી. એથી જ્યારે કર્મો થકી જ ફળપ્રાપ્તિ શક્ય બનતી હોય તો દેવોની ભક્તિની શું જરૂર છે? અને સ્વ-કર્મોમાં રત રહેનારા જીવોને ઇન્દ્રની પણ કોઈ જરૂર રહેતી નથી.

શ્રીકૃષ્ણ બોલ્યા, 'હે પિતાશ્રી! આ સમસ્ત જગત સત્ત્વ, રજસ અને તમસ એમ ત્રણ ગુણો ઉપર આધારિત રહીને ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામે છે. રજોગુણથી આ આખું જગત પરસ્પર અનેક સ્વરૂપે ઉત્પન્ન થાય છે. જેથી રજોગુણના પ્રભાવથી જ મેઘો સર્વ જગ્યાએ જળરૂપી વરસાદ વરસાવે છે અને પ્રજાને જીવાડે છે. તેમાં ઈન્દ્ર શું કરે છે? વળી આપણે તો વન અને પહાડોમાં વિચરતી વનવાસી પ્રજા છીએ. આપણે તો ગાયો, બ્રાહ્મણો અને ગોવર્ધન પર્વતનો યજ્ઞ કરવો જોઈએ અને તે યજ્ઞ ઈન્દ્રના યજ્ઞ માટે એકઠી કરવામાં આવેલી આ સામગ્રીમાંથી જ કરવો જોઈએ.'

ભગવાન કૃષ્ણનાં માર્ગદર્શક વચનો નંદરાય સહિતના વડીલોને પસંદ પડ્યાં અને તે પ્રમાણે જ આયોજન કર્યું. તે ઈન્દ્રના ગર્વનો નાશ કરનારું હતું. બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપ્યાં, ગાયોને લીલાંછમ ઘાસપાનનાં નિરણ નાખ્યાં અને પછી સર્વ ગાયો સહિત ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી. આખા વ્રજે આ રીતનો નવતર ઉત્સવ મનાવ્યો.

ભગવાન કૃષ્ણએ મોટા શરીરવાળું સ્વરૂપ ધારણ કરીને 'હું ગોવર્ધન પર્વત છું.' એમ કહી અનેક બલિદાનો આરોગવા લાગ્યા અને સર્વ વ્રજવાસીઓને એ સ્વરૂપનાં દર્શન કરાવી નમસ્કાર કર્યા અને કહ્યું : 'અહો! જુઓ ગોવર્ધન પર્વતે સાક્ષાત્ સ્વરૂપે આપણી સમક્ષ પ્રગટ થઈને કૃપા વરસાવી છે! અને તેઓ તેમનું અપમાન કરનારા વનવાસીઓને સર્પ, વીંછી તથા અન્ય ઝેરી જીવજંતુઓના સ્વરૂપમાં આવી ડંસે છે. તેથી આપણે આપણા બધાંના અને આ ગાયોના કલ્યાણ અર્થે આ ગોવર્ધન પર્વતને વંદન કરીએ.' તે પ્રમાણે કરી શ્રીકૃષ્ણ ભગવાન અને વ્રજવાસીઓ વ્રજમાં પાછાં ફર્યાં.

## ૧૭. શ્રીકૃષ્ણએ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ધારણ કર્યો

શ્રીકૃષ્ણની દોરવણીથી પોતાના માટેના યજ્ઞ-પૂજન વગેરે બંધ રખાયાનું જાણવાથી ઈન્દ્ર અત્યંત નારાજ થયા અને ક્રોધે ભરાઈને પોતાના પ્રલયકારી મેઘસમુદાયને આજ્ઞા કરીને વ્રજનો નાશ કરવા કહ્યું. 'સાંવર્તક' નામના આ સેવકો સૃષ્ટિના પ્રલય વખતે જળપ્રલય નોતરે છે.

ઈન્દ્રની આજ્ઞા સાંભળીને 'સાંવર્તક' મેઘસમુદાય પોતાની તમામ તાકાત વડે નંદરાયજીના વ્રજ ઉપર મુશળધાર ત્રાટકીને બધું તારાજ કરવા લાગ્યો. વીજળીઓના કડાકાભડાકા અને વાયુઓના પ્રચંડ ધક્કાઓથી ચોતરફ જળપ્રલય ખેલાઈ રહ્યો. વ્રજમાં જાણે કે પૂર ઊમટ્યું. બધાં રહેણાકો પાણીમાં ડૂબી ગયાં. કશું જ દેખાતું ન હતું. ઢોરઢાંખર અને માણસો પણ પૂરમાં અને વાવાઝોડાના પવનના જોશમાં ધ્રૂજતાં તણાતાં શ્રીકૃષ્ણ ભગવાનને શરણે ગયાં. બાળકોને ગોપ-ગોપીઓએ પોતાના શરીર સરખા ચાંપી રાખ્યાં હતાં અને ભગવાનને પોતાના રક્ષણ માટે વિનંતી કરી.

ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ઈન્દ્રના સર્જાયેલા આ તાંડવનો પાર પામી ગયા હતા. શ્રીકૃષ્ણએ ગોવર્ધન પર્વતને એક હાથે ઉઠાવી લીધો અને તમામ ગોપ-ગોપીઓને કહ્યુંઃ 'હે માતા-પિતા તથા

ગોકુળવાસીઓ! તમે સુખેથી ગાયોને લઈને આ પર્વત નીચે જતા રહો.' બધાં વ્રજવાસીઓ પોતપોતાનાં ગાડાં અને ગાયો તથા બાળકો સાથે પર્વત નીચે આરામપૂર્વક ગયાં. સાત દિવસ સુધી શ્રીકૃષ્ણ ભગવાન એ જ રીતે ગોવર્ધન પર્વતને છત્રીની જેમ ડાબા હાથ વડે જ ઉપાડી રાખ્યો.

ભગવાન શ્રીકૃષ્ણની આવું સામર્થ્ય જોઈ ઇન્દ્ર અત્યંત પ્રભાવિત થયો. તેના ગર્વનું ખંડન થયું અને તેણે આજ્ઞાધારી મેઘોને જળવર્ષા કરતાં અટકાવ્યા. થોડી જ વારમાં આકાશ સ્વચ્છ થઈ સૂર્યોદય થઈ ગયો. સર્વત્ર શાંતિ વ્યાપી જતાં શ્રીકૃષ્ણએ ગોપાલકોને તેઓનાં ઢોરઢાંખર, સ્ત્રીઓ તથા બાળકો સાથે બહાર આવવા કહ્યું. તેથી બધાં બહાર આવી ગયાં અને શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ફરીથી યથાસ્થાને ગોઠવી દીધો. પછી સર્વ વ્રજવાસીઓ પ્રેમના વેગથી દોડી જઈને શ્રીકૃષ્ણને ભેટી પડ્યાં.

ઇન્દ્રદેવે નીચે આવી શ્રીકૃષ્ણની ક્ષમા માગી. શ્રીકૃષ્ણે તેમને આશીર્વાદ આપ્યા અને ઇન્દ્રલોકમાં જવા કહ્યું. ઇન્દ્રદેવ ચાલ્યા ગયા.

આકાશમાંથી દેવોએ પણ પૂર્વની માફક પુષ્પવર્ષા અને સ્તુતિઓથી ઊમળકાભેર શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો. ત્યાર પછી સર્વત્ર આનંદ પ્રસરાવતાં ભગવાન કૃષ્ણ સર્વના પ્રેમથી પુલકિત થતાં ગીતો ગાતા વ્રજવાસીઓ સાથે વ્રજમાં પધાર્યાં.

## ૧૮. શ્રીકૃષ્ણે યોજેલો રાસલીલાનો ઉત્સવ

શરદ ઋતુને કારણે જેમાં મલ્લિકાઓ(સુંદર ફૂલો) ખીલી હતી એવી રમણીય રાત્રિઓને જોઈને ભગવાને રાસ રમવાનો વિચાર કર્યો. શરદપૂર્ણિમાની એ રઢિયાળી રાત્રિએ ગોપીઓના મનને ઘેલાં કરવા માંડ્યાં. ગોપીઓ મધુર સ્વરે કૃષ્ણનાં ભક્તિગીતો ગાવા લાગી.

સૌ ગોપીઓ વાંસળી વગાડતા શ્રીકૃષ્ણ પાસે આવી અને પ્રસન્ન્ મુદ્રાઓ સાથે પરસ્પર બાહુઓ ભરાવીને મંડળાકારે ગોઠવાઈ ગઈ. ભગવાને રાસલીલા શરૂ કરી. વિસ્મયજનક એ હતું કે બે-બે ગોપીઓની વચ્ચે યોગેશ્વર શ્રીકૃષ્ણએ પોતાના યોગબળ થકી પોતાના એક સ્વરૂપને ગોઠવી દીધું. આમ કાનગોપીની ભવ્ય રાસલીલાનો ઉત્સવ આરંભાયો. ત્રણે લોકમાં ભવ્ય એવો આ પરમાત્મા અને માનવજીવો વચ્ચેનો રાસોત્સવ માણવા સ્વર્ગના દેવો આવ્યા. આખું આકાશ દેવોનાં વિમાનોથી ભરચક થઈ ગયું હતું. દેવોએ પુષ્પવૃષ્ટિ કરવા માંડી. ગાંધર્વોએ દુદુંભિ-નગારાં વગાડવા માંડ્યાં.

શ્રીકૃષ્ણ તે ગોપીઓની વચ્ચે રાસમંડળના સુવર્ણમણકાઓ વચ્ચે નીલમણિઓની માફક શોભાયમાન દીસતા હતા. ચોતરફ ગોપીઓનાં ઝાંઝર અને ઘુઘરીઓનો તાલબદ્ધ રણકાર ગુંજતો હતો.

આ રીતે રાસલીલા કર્યા પછી પણ પરમાત્માના પરમ પવિત્ર સાન્નિધ્યમાં પરમ તૃપ્તિ પામેલી ગોપીઓ પોતાને ઘરે જવા ઇચ્છતી ન હતી ત્યારે ભગવાને તેમને પ્રેમપૂર્વક સમજાવીને આજ્ઞા કરી. તેથી દરેક પોતપોતાના ઘરે ગઈ.

## ૧૯. શ્રીકૃષ્ણે નંદરાયને અજગરના પાશમાંથી છોડાવ્યા

એક દિવસ વ્રજના નંદબાબા સહિતના કેટલાક ગોવાળિયાઓ દેવયાત્રાએ જવા માટે ઉત્સાહિત થઈને તૈયારી કરવા લાગ્યા અને ગાડાંઓમાં બળદો જોડીને અંબિકાવનમાં ગયા. ત્યાં જઈને સરસ્વતી

નદીમાં સ્નાન કરીને તેઓએ પશુપતિનાથ શંકર ભગવાન તથા અંબિકાદેવીની વિવિધ પૂજાસામગ્રી થકી પૂજાવિધિ કરી અને ભગવાન શંકરને તેઓ પર પ્રસન્ન કરવાની ભાવના સાથે ગાયો, સુવર્ણ, વસ્ત્રો, મિષ્ટાન્ન તથા મધનું દાન કર્યું અને ફક્ત જળનો આહાર કરીને ઉપવાસ કર્યો તથા રાત્રિરોકાણ સરસ્વતી નદીના પવિત્ર તટ પર કરવાનું નક્કી કરી ત્યાં જ સૂઈ ગયા.

એવે વખતે કુદરતી રીતે જ એક ભૂખ્યો અજગર ત્યાં આવી પહોંચ્યો અને નદી તટે સૂતેલા નંદજીને ગળી જવા લાગ્યો. તેથી નંદરાયજી બચાવ માટે બૂમાબૂમ કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ ભગવાને એ અજગરને પોતાના પવિત્ર ચરણનો સ્પર્શ કર્યો. ભગવાનના કલ્યાણકારી ચરણસ્પર્શ પામતાં જ તરત જ અજગર મટીને વિદ્યાધરો દ્વારા પુજાયેલા એવા તેજસ્વી પુરુષ ત્યાં ઊભા થયા. તેણે ભગવાનને પ્રણામ કર્યા. એટલે શ્રીકૃષ્ણ ભગવાને તેને પરિચય આપવા કહ્યું તથા એ અજગરનું રૂપ કેમ કરતાં પામ્યો હતો તેનું કારણ પૂછ્યું.

અજગરે કહ્યું : હે પ્રભુ! હું સુદર્શન નામે એક વિખ્યાત વિદ્યાધર હતો અને ધનસમૃદ્ધિ અને રૂપમાં મદ પામ્યો હતો. હું કાયમ વિમાનમાં બેસી દેશ-દિશાઓમાં વિચર્યા કરતો હતો. એ જ મારો શોખ હતો. એક વખત મારા ગર્વમાં મેં અંગિરસકુળના કદરૂપા ઋષિઓની મશ્કરી કરી. તેથી ઋષિનો શાપ પામીને આ અજગરનું રૂપ પામ્યો હતો. હકીકતમાં તો એ દયાળુ ઋષિની મારા પર કૃપા જ હતી. કેમ કે તે થકી જ હું આપનો કલ્યાણકારી ચરણસ્પર્શ પામ્યો છું. હે દુ:ખનાશક દેવ, હવે હું આપની આજ્ઞા માગું છું.

શ્રી શુકદેવજીએ કહ્યું : હે રાજા! એ રીતે ભગવાનની રજા લઈ તેમની પ્રદક્ષિણા અને વંદન કરીને સુદર્શન વિદ્યાધર સ્વર્ગમાં ગયો તથા નંદજી દુ:ખમાંથી મુક્ત થયા અને ગોકુળવાસીઓ પણ શ્રીકૃષ્ણ ભગવાનના એ માહાત્મ્યને જાણવાથી આશ્ચર્યમુગ્ધ થયા. ત્યાર પછી એ તીર્થધામમાં ત્રણ રાત્રિઓ ગુજારીને ભગવાનની લીલાની ગાથા ગાતા ગાતા વ્રજમાં પાછા આવ્યા.

## ૨૦. શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો કરેલો વધ

એક વખત વ્રજમાં અરિષ્ટ નામનો અસુર બળદનું રૂપ લઈને આવી પહોંચ્યો. તેની ખાંધ અને શરીર મહાપ્રચંડ હતાં. તેથી તેના પગની ખરીઓથી ધરતીમાં પણ ખાડા પડી જતા હતા અને ધરતી તેનાં પગલાં પડવાથી કંપી ઊઠતી હતી.

કૃષ્ણ ભગવાને એ આખલા સાથે યુદ્ધ કરવા તૈયાર થઈને મલ્લની જેમ તાળીઓનો અવાજ કરી જાંઘ પર પોતાનો હાથ પછાડ્યો. ગુસ્સાથી રાતોચોળ થઈ ગયેલો અરિષ્ટાસુર પૂંછડું ઊંચું કરી જમીનમાં પાછલા બે પગ વડે ખાડો પાડી દઈને શ્રીકૃષ્ણ સામે ધસી ગયો. રક્તવર્ણી આંખો સાથે તેણે પોતાના શિંગડાંની ધારદાર અણીઓ વજ્રની જેમ આગળ કરીને આવતા એ દૈત્યને કૃષ્ણ ભગવાને શિંગડાંથી પકડી લીધો અને એક હાથી જેટલું બળ એકઠું કરીને તેને પાછો ધકેલી દીધો. ગુસ્સાથી લાલપીળા થયેલા અરિષ્ટાસુરે આ ભયંકર ધક્કાથી ભોંય પર પછડાટ ખાધી ત્યારે તેનાં તમામ અંગો પસીનાથી રેબઝેબ થઈ ગયાં. તે હાંફવા લાગ્યો. શ્રીકૃષ્ણે ફરીથી તેને તે જ રીતની પછડાટ ખવડાવી અને પોતાના વજ્ર સમાન પગના ભાર હેઠળ દબાવી તેનાં શિંગડાં ખેંચી કાઢી તેનાથી જ લોહીલુહાણ થયેલા તેને માર્યો. તેથી એ આખલો લોહી ઓકવા લાગ્યો. જમીન પર પડ્યો પડ્યો પગ પછાડવા

લાગ્યો અને તેની આંખો ચકળવકળ થવા લાગી. તેના મોતની ક્ષણો આવી પહોંચી હતી અને ભયાનક યાતના વેઠી તે એક આંચકા સાથે પ્રાણ છોડી ગયો.

આમ અરિષ્ટાસુરનો વધ કરી ગોકુળવાસીઓને ફરી એક વખત ભગવાન કૃષ્ણએ ત્રાસદાયક પરિસ્થિતિમાંથી ઉગારી લીધાં તેથી બધાં ખુશ થઈ ગયાં. ગોપ-ગોપીઓ પ્રશસ્તિ ગાન ગાવા લાગ્યાં અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ.

## ૨૧. શ્રીકૃષ્ણે કેશી દૈત્ય તથા વ્યોમાસુરનો કરેલો વધ

એક વાર નારદમુનિ કંસ પાસે પહોંચી ગયા અને એને કહી દીધું કે નંદરાયનો પુત્ર શ્રીકૃષ્ણ દેવકીનો આઠમો પુત્ર છે, કંસ ચમક્યો. એણે કેશી દૈત્યને શ્રીકૃષ્ણને મારવા મોકલી આપ્યો.

કંસે મોકલેલો કેશી દૈત્ય મહાકાય ઘોડાનું રૂપ લઈને પોતાનાં મજબૂત પગલાંથી ધરતી ધમધમાવતો, ખરીઓથી ધરતીમાં ખાડા પાડી દેતો અત્યંત વેગવાન ગતિથી નંદના વ્રજમાં આવી પહોંચ્યો. એણે સર્વત્ર ભયજનક વાતાવરણ ખડું કર્યું હતું. તેના ભયાનક દેખાવ અને ત્રાસદાયક વર્તાવથી વ્રજવાસીઓ ડરીને નાસભાગ કરવા લાગ્યાં.

એવામાં ભગવાન શ્રીકૃષ્ણ તેની સામે જઈ પહોંચ્યા અને તેને લલકાર્યો. શ્રીકૃષ્ણને પોતાના બંને પાછલા પગ વડે લાતો મારવા કૂદકો માર્યો. પરંતુ ભગવાને ચપળતાપૂર્વક ખસી જઈને તેની બંને લાતો ચૂકવી દીધી અને તેના બંને પાછલા પગ પકડી લઈને અત્યંત ક્રોધપૂર્વક ખૂબ ઘુમાવીને સો વાર જેટલો દૂર ફેંકી દીધો. ભગવાનના હાથે બળપૂર્વક ફેંકાયેલો તે દૈત્ય થોડીવાર તો બેહોશ થઈ ગયો પરંતુ તરત જ ભાનમાં આવી જતાં ફરીથી મોં ફાડીને વધુ ઝનૂનપૂર્વક શ્રીકૃષ્ણની સામે દોડ્યો. ત્યારે શ્રીકૃષ્ણએ પણ અત્યંત ઝનૂનપૂર્વક પોતાનો ડાબો હાથ તેના મુખમાં ઘુસાડી દીધો. તેથી કેશીએ તે હાથને પોતાના દાંત વડે ચાવી જવા બળ વાપર્યું પરંતુ ધગધગતા લોઢાને દાંત અડતાં જ જે રીતે દાંત પડી જાય તેમ કેશીના બધા દાંત પડી ગયા અને ભગવાનનો માયાવી હાથ પણ તે દૈત્યના ગળામાં આગળ વધવા લાગ્યો. તેનાથી તેનાં જડબાં ફાટી ગયાં અને શ્વાસમાં રૂંધામણ થવા લાગી. તે ખૂબ જ તરફડિયાં મારવા લાગ્યો. આખરે તે મરણને શરણ થઈ ગયો. ત્યાર પછી ભગવાને તેના મુખમાંથી પોતાનો હાથ બહાર ખેંચી કાઢ્યો. એમ શ્રીકૃષ્ણએ કેશી દૈત્યનો રમતાં રમતાં જ નાશ કરી નાખ્યો.

એક વખત વ્રજના સર્વ ગોપાલકો સાથે શ્રીકૃષ્ણ ભગવાન વૃંદાવનમાં પશુઓને ચારવા માટે ગયા હતા. ત્યાં ગોવર્ધન પર્વતનાં શિખરો ઉપર જઈને ગોવાળિયાઓ સંતાકૂકડી રમતા હતા. એવે વખતે મયદાનવનો મહામાયાવી પુત્ર વ્યોમાસુર ત્યાં ગોવાળિયાનો વેશ લઈને આવ્યો અને ગોવાળિયાઓને ઉપાડીને તેમને પર્વતની ગુફામાં પૂરી દીધા.

વ્યોમાસુરના આ કુકર્મને ભગવાન શ્રીકૃષ્ણ જાણી ગયા. તેમણે ગોવાળિયાને ઉઠાવી જતા વ્યોમાસુરને પકડી લીધો. ત્યારે તે અસુરે મોટા પર્વત જેવડું પોતાનું સ્વરૂપ બનાવી દીધું અને છટકવા લાગ્યો. પરંતુ ભગવાનની મજબૂત પકડમાંથી તે છૂટી શક્યો નહિ. ભગવાન કૃષ્ણએ તેને બંને હાથ વડે પકડમાં દબાવી જમીન પર પાડી દીધો અને પશુની જેમ ગુંગળાવીને મારી નાંખ્યો. ત્યાર પછી એમણે ગુફામાંથી સર્વ સખામિત્રોને બહાર કાઢ્યા.

# ૨૨. અક્રૂરજીનું વ્રજગમન

કોઈ દૈત્ય જીવતો પાછો ન આવ્યો એટલે કંસે વિચાર્યું કે હવે શ્રીકૃષ્ણને મથુરા બોલાવીને જ મારવો રહ્યો. એમણે અક્રુરને સભામાં બોલાવ્યા અને મીઠાશથી કહ્યું, 'હું ધનુર્યાગ કરી રહ્યો છું. મને ખબર પડી ગઈ છે કે બલરામ-કૃષ્ણ વસુદેવના સંતાનો છે. ગઈ ગુજરી ભૂલી જઈએ. મારે મારા ભાણેજોને મથુરામાં બોલાવી લેવા જોઈએ. તેઓ પણ આ મહોત્સવમાં ભાગ લે એમ હું ઈચ્છુ છું. તમને અને નંદરાયને સારી મિત્રતા છે. તો તમે મારા બંને ભાણેજોને લઈ આવો.' અક્રુરથી કંઈ બોલાય તેમ ન હતું કારણ કે વસુદેવ-દેવકી હજી કંસની કેદમાં હતાં. આથી ગોકુળમાં જવાની કંસની આજ્ઞા મળતાં જ મહાબુદ્ધિમાન અક્રૂરજી બીજી સવારે રથમાં બેસી ગોકુળ જવા નીકળ્યા. તેઓ તો આ વાત જાણતા જ હતા.

શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતન કરતા કરતા અક્રૂરજી વ્રજમાં પહોંચ્યા.

રથ નંદરાયના ઘરે જઈને ઊભો રહ્યો. અક્રૂરજી નીચે ઊતરી નંદરાયના દ્વારમાં આવ્યા. અક્રૂરજીને જોતાં જ નંદરાય દોડ્યા અને એમને ભેટી પડ્યા. પછી એમને પ્રેમથી ઘરમાં લાવી આસન આપી બેસાડ્યા. મધુપર્કથી વિધિપૂર્વક અક્રૂરજીની પૂજા કરી બંને પગ ધોયા. પછી અતિથિના પગ ચાંપ્યા અને શ્રદ્ધાપૂર્વક ભોજન કરાવ્યું. ભોજન પછી મુખવાસ-તાંબુલ આપ્યાં અને બધાં વાતો કરતાં બેઠાં. નંદરાય અને રોહિણીએ મથુરાના હાલચાલ પૂછ્યા. અક્રૂરજીએ ટૂંકમાં સર્વ કહ્યું. ત્યાં યશોદાજી, શ્રીકૃષ્ણ અને બલરામ આવ્યા. અક્રૂરજીએ યશોદાજીને પ્રણામ કર્યા અને બંને ભાઈઓ અક્રૂરજીને પગે લાગ્યા. અક્રૂરજી બંને ભાઈઓને ભેટી પડ્યા. એમની આંખમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં.

અક્રૂરજીને સમજાતું ન હતું કે પોતે બલરામ-શ્રીકૃષ્ણને લઈ જવા આવ્યા છે તે વાત કેવી રીતે કરવી.

રાત્રિભોજન પછી રોહિણી, યશોદાજી અને નંદરાય અક્રૂરજી સામે બેસીને મથુરાની વાતો પૂછવાં લાગ્યાં ત્યારે અક્રૂરજી બોલ્યા:

'નંદરાયજી વસુદેવ અને દેવકીજી હજી કંસના કારાગૃહમાં છે. એમણે એમના પર એટલો અત્યાચાર કર્યો કે દેવકીજીને બોલી દેવું પડ્યું કે કૃષ્ણ મારો અને વસુદેવનો પુત્ર છે. બલરામ વસુદેવ અને રોહિણીદેવીનો પુત્ર છે. ધનુર્યાગમાં હાજરી આપવા કંસે બંને ભાણેજોને મથુરા બોલાવ્યા છે. હું એમને લેવા આવ્યો છું.'

આ સાંભળતા જ નંદરાય અને યશોદાજીના માથે આભ તૂટી પડ્યું. બંને દેહભાન ભૂલી મોટા સ્વરે રડવા લાગ્યા.

વ્રજવાસીઓ પણ ત્યાં ભેગાં થઈ ગયાં. તેઓ પણ રડવા લાગ્યાં.

બલરામ અને શ્રીકૃષ્ણ પણ ત્યાં આવ્યા અને માતા-પિતાને શાંત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ અને બલરામજીને અક્રૂરજી મથુરા લઈ જવા માટે આવ્યા છે અને આવતીકાલે તેઓ મથુરા જાય છે તે સાંભળીને વ્રજની ગોપીઓ ખૂબ દુ:ખી થઈ. વ્રજનાં ગોપ-ગોપીઓએ એ રીતે અનેક પ્રકારનાં કરુણાસભર ઉક્તિઓઓથી ભગવાન શ્રીકૃષ્ણ વિશે પોતાની પ્રીતિ વ્યક્ત કરી અને ખૂબ જ કૃષ્ણમય થઈ જઈને લજ્જા છોડીને 'હે કૃષ્ણ', 'હે શ્યામસુંદર', 'હે દામોદર', હે માધવ' એમ મોટા સ્વરે પોકારી પોકારીને રડવા લાગ્યાં. આખી રાત સુધી તેમણે એ રીતે રુદન કર્યું.

# ૨૩. શ્રીકૃષ્ણ-બલરામનું મથુરાગમન

સૂર્યોદય થઈ ગયો. યશોદાજી અને નંદરાયને જેમ તેમ સમજાવી શ્રીકૃષ્ણે અને બલરામે જવાની તૈયારી કરી. નંદરાયે ગોપોને કહ્યું, 'આપણે પણ કનૈયા અને બલરામની રક્ષા કરવા સાથે જઈશું.'

બધા તૈયાર થઈ ગયાં.

યશોદાજી અને રોહિણીએ ભારે હૈયે કનૈયાને અને બલરામને વિદાય આપી.

તેવે સમયે અક્રૂરજીએ પ્રાતઃકાર્ય પતાવી લઈને રથ હાંકવા માંડ્યો અને વ્રજપતિ નંદરાયજી સહિત સર્વે ગોવાળિયાઓ તથા બળદેવજી અને ભગવાન શ્રીકૃષ્ણ પણ એમની પાછળ મથુરા જવા નીકળ્યા. શ્રીકૃષ્ણ ભગવાને પાછાં વળીને ગોપીઓ સામે તેમની કૃપાદૃષ્ટિ કરી. તેથી બધી ગોપીઓને હૃદયમાં જરા આનંદ થયો પણ ભગવાનના દૂર જવાની વ્યથા કેમે કરી વિસરી શકે તેમ નહોતી. જ્યાં સુધી ભગવાનના રથની ધજા ફરકતી દેખાણી ત્યાં સુધી આ વ્રજવાસી સ્ત્રીઓ ગામને પાદરે ઊભી રહી અને પછી નિરાશ વદને પાછી ફરી.

ભગવાન કૃષ્ણ પણ બલરામજી અને અક્રૂરજી સાથે રથમાં બિરાજી યમુના નદીના કિનારે પહોંચ્યા. ત્યાં જળપાન કરીને રથમાં બેસી ગયા. અક્રૂરજી તેઓ બંનેની રજા લઈને યમુનાના ધરા પર ગયા અને વિધિપૂર્વક સ્નાન કરવા લાગ્યા. યમુના નદીના જળમાં ડૂબકી મારીને અક્રૂરજીએ સનાતન બ્રહ્મવેદ મંત્રોનો જાપ કરતાં કરતાં જળમાં પણ બળદેવજી અને શ્રીકૃષ્ણ સાથે રહેલા જોયા અને તેઓ આશ્ચર્ય પામ્યા કે તેઓ બંનેને તો રથમાં બેસાડીને હું અહીં સ્નાન કરવા આવ્યો છું તો અહીં ક્યાંથી? એમ વિચારતાં તેઓએ જળમાંથી બહાર નીકળીને રથ તરફ નજર નાંખી તો તેઓ બંને રથમાં જ બેઠેલા હતા. એટલે ફરી પોતાની દૃષ્ટિભ્રમની ખરાઈ કરવા તેમણે જળમાં ડૂબકી મારી તો ફરીથી પણ જળમાં તેમને હજારો ફણાઓવાળા શેષનાગનાં દર્શન થયાં. જેમની યમુના નદીના જળની અંદર સર્વ સિદ્ધો, ચારણો, ગંધર્વો અને અસુરો મસ્તક નમાવીને સ્તુતિ-વંદના કરતા હતા. તેમની છાયામાં શ્યામસુંદર ભગવાનને સુવર્ણરંગી પીતાંબર પહેરીને બેઠેલાં જોયા. ચતુર્ભુજ સ્વરૂપ ભગવાનના વક્ષઃસ્થલ વિશે લક્ષ્મીજી બિરાજમાન હતાં. તેમનો કંઠ શંખ સમાન, ઊંડી નાભિ અને પીપળાના પાન જેવું કરચલીયુક્ત પેટ, કેડ અને નિતંબના સુંદર વળાંકો હાથીની સૂંઢ જેવી સાથળો અને મનોહર વનમાળા ધારણ કર્યાં હતાં. આસપાસમાં પાર્ષદો, સનકાદિ મુનિઓ, બ્રહ્માજી સહિતના મોટા દેવો મરીચ સહિતના ઉત્તમ નવ બ્રાહ્મણો અને પ્રહ્‌લાદ, નારદ, વસુ ઇત્યાદિ નિર્મળ મનવાળા ભક્તો ભક્તિભાવપૂર્વક તેમની સ્તુતિ ગાતા હતા અને લક્ષ્મી, પુષ્ટિ, સરસ્વતી, કાંતિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા એ બાર શક્તિઓ તેમની સેવા કરતી હતી.

અક્રૂરજીને અનાયાસે આ પરમ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય એવાં વૈકુંઠલોકનાં દર્શન થયાં. તેથી ખૂબ જ પુલકિત, પ્રસન્ન અને ભક્તિભાવપૂર્ણ બન્યા. તેમણે સજળ નેત્રો વડે સાવધાન થઈ બે હાથ જોડી ભાવભીની વાણી સહિત સ્તુતિ કરી.

એવી રીતે પરમાત્માની સ્તુતિ કરતા અક્રૂરજીને જળમાં પોતાનું સ્વરૂપ દર્શન કરાવી શ્રીકૃષ્ણે એમને નિરંતર ભક્તિનું વરદાન આપ્યું અને પોતાની માયા સંકેલી લીધી.

અક્રૂરજી રથ ચલાવવા માંડ્યા. સાંજના સમયે સૌ મથુરા પહોંચી ગયા. ત્યાં રસ્તામાં એકઠા મળેલા મથુરાવાસીઓ વસુદેવના બંને પુત્રને એકીટસે નિરખતાં ઊભા રહી ગયા.

ધનુર્યાગના ઉત્સવ નિમિત્તે એકેક ઘર તથા શેરી ચૌટા સુંદર રીતે શણગારેલાં હતાં. ચારેકોર ઉલ્લાસ અને ઉત્સવનું વાતાવરણ ખડું થયું હતું.

હે રાજા! વસુદેવના પુત્ર ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી મથુરાનગરીમાં પધાર્યા છે એની જાણ થતાં જ શહેરનાં ઘરોમાંથી સ્ત્રીઓ ઘણા જ ઉલ્લાસપૂર્વક તેમનાં દર્શન કરવા સામી આવી. તેમનાં પરાક્રમો અને ઐશ્વર્ય વિશે તેમણે ઘણી કીર્તિ સાંભળી હતી.

અક્રૂરજીએ સભા પાસે રથ ઊભો રાખ્યો અને સૌને થોભવાનું કહી સભામાં પ્રવેશ્યા. એમણે કંસને શ્રીકૃષ્ણ-બલરામના આગમનના સમાચાર આપ્યા. ત્યારે કંસે બંને ભાઈઓને પોતાના અતિથિગૃહમાં લઈ જવાનો આદેશ કર્યો. સૌ ત્યાં ગયા.

## ૨૪. ધોબી અને માળીનો શ્રીકૃષ્ણે કરેલો ઉદ્ધાર

પછી અક્રૂરજીની રજા લઈને શ્રીકૃષ્ણ-બલરામ અને ગોવાળિયાઓ મથુરાનગરીમાં ફરવા નીકળ્યા. નંદરાય અક્રૂરજીના નિવાસે ગયા.

એટલામાં રસ્તા પર સામેથી એક ધોબી આવતો હતો. તે વસ્ત્રોને રંગવાનું કામ પણ કરતો હતો. ભગવાન શ્રીકૃષ્ણએ તે ધોબીને ઊભો રાખી તેની પાસે ધોવાયેલાં ઉત્તમ વસ્ત્રો પહેરવા માગ્યાં અને તેનું કલ્યાણ થશે તેમ જણાવ્યું. પરંતુ ધોબી રાજાનો સેવક હતો અને તેથી અહંકારમાં ઉદ્ધત સ્વભાવનો થઈ ગયો હતો. તે બોલ્યો : અરે ગમારો! તમે તો પર્વતો અને જંગલોમાં ભટકનારાઓ છો. તમે કાયમ આવાં વસ્ત્રો પહેરો તે આ રાજ્યનાં વસ્ત્રો પહેરવાની કામના સેવો છો? મૂર્ખ લોકો, તમે અહીંથી જલદી ચાલ્યા જાઓ. ધોબી રાજાનો સેવક હોવાને નાતે ભગવાનની સામે તુમાખીભર્યું વર્તન કરવા લાગ્યો. તેથી કોપાયમાન થયેલા શ્રીકૃષ્ણ ભગવાને ઘણું જ બળ એકઠું કરીને તે ધોબીના ગાલ ઉપર એક જોરથી તમાચો મારી દીધો અને તેનાથી તે ધોબીનું મસ્તક તેના શરીર પરથી અલગ થઈ ગયું. ધોબીનો વધ થવાથી તેની સાથે રહેલા સર્વ સેવકો પણ વસ્ત્રોની ગાંસડીઓ છોડીને ગમે તેમ નાસી ગયા. તેથી શ્રીકૃષ્ણ ભગવાન અને બળદેવજીએ મનગમતાં વસ્ત્રો પહેરી લીધાં અને બાકીનાં બધાં વસ્ત્રો સખા ગોવાળિયાઓને પહેરાવ્યા. ત્યાર પછી મથુરાના એક દરજીએ પ્રસન્ન થઈને બંનેને સુંદર વસ્ત્રો સીવી આપ્યાં. તે પહેરતાં જ કૃષ્ણ ભગવાન અને બલરામ એકદમ સુંદર શણગારેલા રાજકુમારો જેવા લાગવા માંડ્યા. ભગવાને તે દરજી ઉપર પ્રસન્ન થઈને આ સંસારમાં ઉત્તમ પ્રકારનાં ધન, સામર્થ્ય અને તંદુરસ્તી પ્રાપ્ત થાય તેવાં વરદાન આપ્યાં, ત્યાર પછી શ્રીકૃષ્ણ તથા બલરામજી સુદામા નામના એક માળીને ઘરે ગયા. એટલે તેઓને પધારેલા જોઈ માળીએ ઉત્સાહમાં આવી જઈ તેઓ બંનેનું સ્વાગત કર્યું. પ્રણામ કર્યા. પૂજાસામગ્રી લાવી પૂજા કરી ચરણ ધોયા અને સ્તુતિ કરી હે દેવાધિદેવ પરમાત્મા! આપનાં પાવનકારી પગલાં અમારા ઘરમાં થવાથી અમારું આખું કુળ તરી ગયું છે. અમારો જન્મનો ફેરો સફળ થઈ ગયો છે. આપ તો સર્વના આત્મારૂપ મિત્ર છો. આપ આજ્ઞા કરો કે આપનું કયું કામ કરવા અમને યોગ્ય ગણ્યા છે? આમ કહી સુદામા માળીએ ભગવાનને ઉત્તમ પુષ્પોવાળી માળા બનાવી પહેરાવી. તેથી ભગવાને પ્રસન્ન થઈ તેને પણ વરદાન આપ્યાં. સુદામા માળીએ તેમના

વરદાનરૂપે ભક્તિભાવભરી અવિચળ બુદ્ધિ અને પ્રાણીઓ પર ભગવાનની દયા તથા ભક્તો ઉપર પ્રેમ માંગ્યાં. તે બધાં વરદાનો આપીને ભગવાન કૃષ્ણ તથા બલરામજી ત્યાંથી વિદાય થયા.

## ૨૫. શ્રીકૃષ્ણે કુબ્જાને સુંદરી બનાવી

ત્યાર બાદ મથુરાના રાજમાર્ગ પર આગળ જતાં ભગવાન શ્રીકૃષ્ણને એક તરુણ સ્ત્રી આવતી જોવા મળી જેણે હાથમાં ચંદનના વિલેપનનું પાત્ર લીધું હતું. તે દેખાવમાં કૂબડી હતી છતાં તેનું મુખ સુંદર હતું.

તે સ્ત્રીને ભગવાને હસતાં હસતાં પૂછ્યું, 'ઓ સુંદરી! તું કોણ છે? અને આ વિલેપન તું કોને માટે લઈ જાય છે? આ ઉત્તમ વિલેપન તું અમને આપ. જેથી તારું તરત કલ્યાણ થશે.'

ત્યારે કુબ્જાએ કહ્યું : હે સુંદર પુરુષ! હું કંસના મહેલમાં વિલેપન કરવાના કામ માટે રોકવામાં આવેલી દાસી છું. મારું નામ ત્રિવક્રા છે. કંસને મારું બનાવેલું વિલેપન બહુ જ પસંદ પડે છે. પરંતુ આ ઉત્તમ વિલેપન માટે તમારા જેવા બંને સુંદર પુરુષો સિવાય બીજું વધુ યોગ્ય કોણ હોઈ શકે? તેથી આપ જ આ લઈ લો. એમ કહીને કુબ્જાએ એ ઉત્તમ વિલેપન આપી દીધું. જે બંનેએ નાભિથી ઉપરના ભાગમાં લગાડ્યું. એમ ચંદનાદિ સુગંધી દ્રવ્યોના વિલેપન થકી બંને ભાઈઓ રંગાવાથી વધુ તાજગીયુક્ત અને શોભાયમાન બન્યા.

એ કુબ્જા ઉપર પણ ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા અને તેમણે તે કૂબડી સ્ત્રીની બંને પગની ફણાને પોતાના પગ વડે દબાવીને હાથની આંગળીથી તેના મુખની ચિબુક પકડીને એના શરીરને ઉપર તરફ ખેંચ્યું એટલે તે સુંદર મુખવાળી સ્ત્રી તરત જ સપ્રમાણ અને સુડોળ અંગોવાળી મદમાતી સુંદરી બની ગઈ. આ રીતે ભગવાનની કૃપાનો તત્ક્ષણ બદલો મળી જતાં રૂપ, ગુણ અને ઉદારતાવાળી તે સ્ત્રી કામાતુર બનીને ભગવાન શ્રીકૃષ્ણના વસ્ત્રને પકડીને પોતાને ઘરે પધારવા આગ્રહ કરવા લાગી. 'હે વીર! આપે મારા મનને જીતી લીધું છે. એથી આપ મારા ઉપર પ્રસન્ન થઈને મારા ઘરે પધારવા કૃપા કરો. હું આપને છોડવા ઇચ્છતી નથી.'

એથી ભગવાન શ્રીકૃષ્ણએ પછી આવશે તેમ કહી તેને વળાવી અને આગળ વધ્યા.

## ૨૬. શ્રીકૃષ્ણે ધનુર્યાગનું શિવધનુષ્ય તોડ્યું

મથુરાના વ્યાપારીઓએ શ્રીકૃષ્ણ ભગવાન અને બલરામજીને અનેક પ્રકારની ઉત્તમ ભેટો, તાંબુલ, પુષ્પમાળાઓ અર્પણ કર્યા પછી સર્વેનું અભિવાદન ઝીલતાં ઝીલતાં આ વ્રજવાસીઓ ધનુર્યાગના સ્થળે પહોંચ્યા. જ્યાં પહોંચતાં જ તેમણે ઇન્દ્રધનુષ્ય જેવું એક અદ્ભુત ધનુષ્ય જોયું. પૂજન કરાયેલા એ ધનુષ્યના રક્ષણાર્થે કેટલાક બળવાન માણસો બેઠેલા હતા. તે જોઈને શ્રીકૃષ્ણ ભગવાન તે ધનુષ્ય લેવા તેના તરફ વળ્યા. ત્યાં ઉપસ્થિત રહેલા લોકોએ રાજાના કોપની બીક બતાવી તેમને વાર્યા પરંતુ ભગવાન માન્યા નહિ. તેમણે બળ એકઠું કરીને તે ધનુષ્ય ઉઠાવી લીધું અને પછી ડાબા હાથમાં જ ઉપાડી આંખના પલકારામાં તેની પણછ ચડાવીને ખેંચ્યું. તો શેરડીના સાંઠાની જેમ એ વચ્ચેથી ભાંગી પડ્યું. એક ભયંકર કડાકો થયો. તેનાથી દશે દિશાઓ કંપી ગઈ. રાજા કંસના કાને પણ આ અવાજ પહોંચ્યો. તેણે તરત જ તપાસ કરાવી તો ધનુષ્યને કોઈએ તોડી નાખ્યાના સમાચાર

મળ્યા. તેથી કંસ છળી પડ્યો અને અત્યંત ક્રોધાયમાન થઈ ગયો. એ ધનુષ્યના રક્ષકોએ બલરામજી તથા શ્રીકૃષ્ણને પકડવા દોડ્યા. તેટલામાં ક્રોધાયમાન થયેલા કંસે મોકલેલા સૈનિકો ત્યાં આવી ચડ્યા. શ્રીકૃષ્ણ ભગવાને એ સૌનો સામનો કરી નાશ કર્યો તથા ધનુષ્યશાળામાંથી બહાર આવ્યા અને જાણે કંઈ જ બન્યું નથી તે રીતે ફરીથી આસપાસની શોભા જોતાં ફરવા લાગ્યા.

મથુરાના રહેવાસીઓ આ બંને પરાક્રમી કુમારોને હવે ઓળખી ગયા હતા. તેમની ચપળતા, બુદ્ધિકૌશલ્ય અને પરાક્રમ જોઈ સર્વત્ર તેમને સન્માન મળવા લાગ્યું. એટલામાં દિવસ આથમી ગયો, સાંજ પડવા આવી. તેથી ગોવાળિયાઓએ ગામ બહાર જ્યાં પોતાનાં ગાડાં છોડ્યાં હતાં ત્યાં જઈ પહોંચ્યા. હાથ-પગ ધોઈ ભોજન કર્યું અને કંસની પ્રવૃત્તિઓ વિશે થોડી તપાસ કરી. પછી રાત્રિ પસાર કરી.

રાજા કંસને આ બંને કુમારોએ મથુરામાં આચરેલાં વિવિધ પરાક્રમોના સમાચાર સાંભળવા મળ્યા હતા. તેથી તે પોતાના મૃત્યુ વિશે વધુ ચિંતાતુર બન્યો.

સૂર્યોદય થયો અને કંસે મલ્લયુદ્ધનો મહોત્સવ શરૂ કરાવ્યો. મલ્લક્રીડાની નિશ્ચિત કરેલી જગ્યાની પૂજાવિધિ કરવામાં આવી. તૂરી અને ભેરી નામનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. દેશભરના વિદ્વાન બ્રાહ્મણો તેમજ ક્ષત્રિયોને આમંત્રણ આપીને બોલાવેલા તેઓને શણગારેલા મંડપમાં બેસાડવામાં આવ્યા. રાજા કંસ પણ પોતાના મંત્રીઓ તથા ખંડિયા રાજાઓ સાથે ખાસ તૈયાર કરવામાં આવેલાં આસનો સંભાળીને બેઠા. પરંતુ કંસના હૃદયમાં ખૂબ બેચેની હતી. તેને ક્યાંય શાંતિ નહોતી. રાજ્યના મલ્લો ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ તથા તોશલ રંગમંડપમાં હાજર થયા. બીજા મલ્લો પણ પોતપોતાના આચાર્યો સાથે ત્યાં આવીને બેસી ગયા.

વ્રજમાંથી આવેલા નંદરાયજી સમેતના તમામ ગોવાળિયાઓ યથાસ્થાને મલ્લક્રીડાનો મહોત્સવ જોવા બેસી ગયા.

ત્યાર પછી બલરામજી તથા ભગવાન શ્રીકૃષ્ણ કે જેમણે મથુરામાં પ્રવેશ્યા તે જ દિવસે પોતાનાં પરાક્રમો દેખાડી દીધાં હતાં.

## ૨૭. શ્રીકૃષ્ણે કુવલયાપીડ હાથીનો કરેલો વધ

શ્રીકૃષ્ણ અને બલરામ મલ્લક્રીડાના મહોત્સવમાં વગાડવામાં આવેલાં દુદુંભિ અને નગારાંનો અવાજ સાંભળીને એ જોવાને માટે મંડપમાં ગયા. ત્યાં અખાડાના દ્વાર પાસે પહોંચતાં ભગવાને મહાવત સાથે ઊભેલા કુવલયાપીડ નામના હાથીને જોયો. એ હાથીને જોયો કે તરત જ શ્રીકૃષ્ણ ભગવાને મનોમન કશુંક નક્કી કરી નાખ્યું અને માથા પર હવામાં ઊડતા કેશ સરખા કરી કમરબંધ બરાબર બાંધીને મેઘ સમાન ગંભીર વાણીથી સત્તાવાહી સ્વરે ત્યાં ઊભેલા મહાવતને કહ્યું : ઓ મહાવત! તું અમને બંનેને અંદર જવા દે અને અહીંથી ખસી જા. ઢીલ નહીં કર. નહિતર હાથીની સમેત તારે પણ હમણાં મૃત્યુ પામવાનો વારો આવશે. એ રીતે શ્રીકૃષ્ણનાં તિરસ્કારયુક્ત વચનો સાંભળતાં મહાવત અત્યંત ક્રોધમુદ્રામાં આવી ગયો અને અંકુશ મારીને હાથીને ઉશ્કેરીને શ્રીકૃષ્ણ તરફ ધકેલ્યો. એ પ્રમાણે તેને કંસ તરફથી એ હાથી દ્વારા જ શ્રીકૃષ્ણને મારી નખાવવા માટેની આગોતરી આજ્ઞા મળેલી જ હતી.

કુવલયાપીડ નામનો તે હાથી સાક્ષાત્ યમરાજ જેવો હતો. તેણે શ્રીકૃષ્ણ તરફ અત્યંત બળપૂર્વક ધસી જઈને શ્રીકૃષ્ણને સૂંઢથી પકડી લીધા પરંતુ શ્રીકૃષ્ણ તેની સૂંઢમાંથી છટકી ગયા અને મુષ્ટિપ્રહાર કરી તેના પેટની નીચે છુપાઈ ગયા તેથી શ્રીકૃષ્ણની વાસ નસકોરા વાટે પામી શકતો હોવા છતાં તેમને જોઈ નહિ શકવાથી તે ખૂબ જ ક્રોધિત થયો અને તેણે પોતાની સૂંઢ વાંકી કરી ફરીથી શ્રીકૃષ્ણને પકડી પાડ્યા પરંતુ શ્રીકૃષ્ણ કુનેહપૂર્વક તેમાંથી બહાર નીકળી શક્યા અને તેનું પૂંછડું પકડીને પચ્ચીસ-ત્રીસ ધનુષ્ય જેટલે દૂર ખેંચી ગયા. ગાંડો થયેલો ગજરાજ તેમને પકડવા માટે ડાબે જમણે ફરવા લાગ્યો તો શ્રીકૃષ્ણ પણ તેની પૂંછડી પકડીને પાછળ ફરતા રહ્યા. ત્યાર પછી આ રમત થોડી લંબાવીને શ્રીકૃષ્ણ એકાએક તે હાથીની સામે જઈ ઊભા રહ્યા અને હાથીને એક જોરદાર મુષ્ટિપ્રહાર કરીને હાથીને પોતાની પાછળ ચારે બાજુ ખૂબ દોડાવ્યો તથા થપાટો મારતા મારતા જમીન પર પાડવા લાગ્યા. ઉપરાંત દોડતાં દોડતાં ભગવાન જમીન ઉપર પડી જવાનો અભિનય કરી ફરીથી ઊભા થઈ જતા. તેથી તેમને મારવા માટે જ્યારે હાથી પોતાની સૂંઢ જોરથી જમીન ઉપર પછાડતો ત્યારે તે ખૂબ જ ઘાયલ થઈ અને અત્યંત ક્રોધિત થતો. આમ ખૂબ રસાકસી થયા પછી આખરે હાથી થાક્યો અને છેલ્લે એક વખત મરણિયો બનીને શ્રીકૃષ્ણની સામે દોડ્યો. ત્યારે ભગવાને તેની સૂંઢ પકડી લીધી અને જમીન પર પછાડી દીધો તથા પોતાના પગ નીચે દબાવીને એક દંતશૂળ ઊખેડી નાંખ્યો. લોહીલુહાણ થઈ ગયેલો હાથી બેહોશ જેવો અને મરણતોલ થઈ ગયો ત્યારે તેના જ દંતશૂળ વડે ભગવાને તેના મહાવત અને હાથી બંનેને મારી નાખ્યા અને તે જ લોહિયાળ દંતશૂળ સાથે મલ્લક્રીડા યોજાઈ હતી તે અખાડામાં પ્રવેશ્યા.

કુવલયાપીડ જેવો બળવાન હાથી શ્રીકૃષ્ણના હાથે મરાતાં કંસ તો એકદમ હતપ્રભ જેવો થઈ ગયો અને વસુદેવ અને નંદજીના આ બંને પુત્રોને પોતાનાથી જીતી શકાશે નહિ તેવી ભીતિ સેવવા લાગ્યો. તેને પોતાનું મૃત્યુ નજર સામે જ દેખાયું. મથુરાની પ્રજા તો નટ જેવા શોભતા આ બંને મનોહર વેષધારી કુમારોને જોતાં જાણે કે ધરાતાં જ ન હતાં.

મલ્લક્રીડાનો પ્રારંભ કરવાનો હતો. વાજિંત્રો વાગી રહ્યાં હતાં ત્યારે કંસની આજ્ઞા મુજબ ચાણુર મલ્લ ઊભો થયો અને તેણે ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજીને સંબોધીને કહ્યું : ઓ નંદકિશોર કૃષ્ણ તથા બલરામ! તમે બંને બાહુયુદ્ધમાં ખૂબ જ કુશળ છો તેવી ખ્યાતિ અમે સાંભળી છે. ઉપરાંત તમારાં પરાક્રમો અહીં મથુરામાં પણ અમે નજરે જોયાં છે. તેથી અમારા રાજા કંસે તમારી મલ્લવિદ્યા જોવા અહીં તમને આમંત્રણ આપીને બોલાવ્યા છે. રાજાની આજ્ઞા પાળવી તે પ્રજાનો ધર્મ છે અને તેમની આજ્ઞાને ઉથાપનાર દુઃખી થાય છે. તેથી રાજાને પ્રસન્ન કરવા માટે પણ તમે મલ્લયુદ્ધમાં ભાગ લેવા પધારો.

ત્યારે શ્રીકૃષ્ણે 'હે ચાણુરમલ્લ! અમે તો બાળક છીએ. તેથી અમારા સરખેસરખા બળવાળા યોદ્ધા સાથે જ મલ્લયુદ્ધ ખેલીશું.

શ્રીકૃષ્ણની વાતનો ચાણુરે પ્રત્યુત્તર વાળતાં કહ્યું : હે કૃષ્ણ! તમે તો બળવાનોમાં શ્રેષ્ઠ છો. તમારે અને બલરામે બળવાનો સાથે જ યુદ્ધ કરવું જોઈએ. તેમાં અનીતિ ગણાશે નહિ. તેથી બલરામ મારી સાથે તથા મુષ્ટિક મલ્લ સાથે તમે યુદ્ધ કરો.'

ચાણુરમલ્લે કરેલી પોતાની અને મુષ્ટિક સાથેના મલ્લયુદ્ધની વાત શ્રીકૃષ્ણ અને બલરામજીએ માન્ય રાખી અને મલ્લયુદ્ધ કરવા તૈયાર થયા. જાંઘ પર પ્રહાર કરી બંને ભાઈઓએ મલ્લયુદ્ધ શરૂ કર્યું. બંને પ્રતિસ્પર્ધીઓને એકમેકને હરાવી દેવાની ઇચ્છા હતી. તેથી બંને જોડીદારોએ હાથમાં હાથ અને પગમાં પગ ભરાવીને બળ અજમાવીને એકમેકને ખેંચવા માંડ્યા. મસ્તકો, મુષ્ટિકો અને ઢીંચણો અફાળવા માંડ્યાં. મથુરાની સ્ત્રીઓ આ બંને કુમારોની દયા ખાવા લાગી અને રાજાની હાજરીમાં આ પ્રકારનું અસમાન યુદ્ધ માન્ય રાખવામાં આવ્યું તે અંગે ખેદ વ્યક્ત કરતી કહેવા લાગી.

એ વખતે જ યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને પોતાના હરીફ એવા ચાણુરને સ્વધામ પહોંચાડવાનું નક્કી કરી લીધું. શ્રીકૃષ્ણ ચાણુરના અંગો પર પોતાના વજ્ર જેવાં અંગોના પ્રહારો કરવા લાગ્યા અને ચાણુર ઈજાઓ પામતો થાકતો ગયો. ત્યાર બાદ શ્રીકૃષ્ણે તેના બંને હાથ પકડીને તેને માથા ઉપર લઈ જઈ ખૂબ ગોળગોળ ઘુમાવ્યો. તે દરમિયાન જ તે મરણને શરણ થઈ ગયો. એટલે તેને બમણા જોરથી ભૂમિ પર પટકી દીધો અને તેનું પ્રાણપંખેરું ઊડી ગયું.

ત્યાર પછી કૂટ નામના મલ્લને બળદેવજી સામે લડવા મોકલવામાં આવ્યો. એને પણ બળવાન એવા બલરામજીએ પોતાની પ્રચંડ તાકાતના જોરે ડાબા હાથની એક જ મુષ્ટિકાના પ્રહારથી ધરતી પર ઢાળીને મારી નાંખ્યો. ત્યાર પછી શ્રીકૃષ્ણ સામે લડવા આવેલા શલ નામના મલ્લને ભગવાને પગની એક જ લાતથી તેનું માથું ભાંગી નાખ્યું અને તોશલ મલ્લને ઊભોઊભો જ ચીરી નાખ્યો. આ રીતે કંસના મલ્લો ચાણુર, મુષ્ટિક, કૂટ, શલ અને તોશલ મરી ગયા. તેથી બાકીના મલ્લો પોતાના પ્રાણને પ્યારા ગણી ત્યાંથી પોબારા જ ગણી ગયા. આમ બલરામજી અને શ્રીકૃષ્ણ ભગવાન આ મલ્લયુદ્ધમાં જ વિજય પામ્યા. એકઠી થયેલી માનવમેદનીએ જયજયકાર કર્યા.

કંસે પોતાના સૈનિકોને ગુસ્સામાં આવીને આજ્ઞા કરી કે આ બંને પુત્રોને મારી નાખો. નંદ જેવા દુર્બુદ્ધિને કારાવાસમાં ધકેલી દો. મહા નીચ એવા વસુદેવને તો તરત જ મારી નાખો તથા મારા પિતાને પણ સ્વધામ પહોંચાડી દો કારણ કે તે પણ મારા વિરુદ્ધ જઈને પોતાના કુટુંબ સાથે શત્રુપક્ષમાં હળી ગયો છે.

કંસને વિનાશ સમયે વિપરીત બુદ્ધિ સૂઝી હતી.

## ૨૮. શ્રીકૃષ્ણે કરેલો કંસ વધ

એટલામાં તો આ બધું સાંભળીને ભયંકર ક્રોધમાં કાંપતા ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા અને ઝડપથી કંસના ઊંચા આસન પર ચડી બેઠા. કંસ જેમને પોતાના કાળરૂપે જોતો હતો તે દેવકીના આઠમા પુત્ર શ્રીકૃષ્ણને પોતાના સિંહાસન પર આવતાં જોઈને એકદમ ઊભા થઈ જઈ ઢાલ - તલવાર હાથમાં લઈ લીધાં પરંતુ ઉગ્ર તેજ ધરાવતા શ્રીકૃષ્ણ ભગવાને બાજપક્ષીની ચપળતાથી ઢાલ તલવારધારી કંસને ગળચીમાંથી પકડ્યો અને માથાના વાળ પકડી તેને માંચડા પરથી મલ્લયુદ્ધના મેદાન પર પટક્યો. તેના માથા પરથી મુગટ ખસી ગયો હતો. પછી પછડાટ ખાધેલા તે કંસની ઉપર જગતનિયંતા ભગવાન શ્રીકૃષ્ણ પડ્યા અને સિંહ જેમ હાથીને ઘસડે તે રીતે શ્રીકૃષ્ણએ તે મૃત્યુ પામી ચૂકેલા કંસને સર્વ એકઠી થયેલી માનવમેદનીની નજર સામે જ જમીન પર ઘસડવા માંડ્યો. સર્વ મનુષ્યોએ ગગનભેદી જયજયકાર કર્યો.

સંબંધમાં શ્રીકૃષ્ણનો મામો થતો કંસ અજાણપણે પણ ભગવાન પ્રત્યેની ભયબુદ્ધિથી હંમેશાં ખાતાં-પીતાં, બોલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં શ્રીકૃષ્ણને જ જોતો. તેથી ભગવાનના કલ્યાણકારી હાથોએ જ કલ્યાણગતિ પામ્યો. જે બીજાંઓને અત્યંત દુર્લભ છે.

કંસ મરવાથી તેના આઠ નાના ભાઈઓ કંક, ન્યગ્રોધ આદિ શ્રીકૃષ્ણ સામે બદલો લેવા ધસી આવ્યા. પરંતુ રોહિણીપુત્ર બળવાન એવા બલરામજીએ તે આઠેયને પશુની જેમ એકેક પ્રહારમાં જ મારી નાખ્યા. ત્યાર પછી પોતાના પતિઓના મૃત્યુથી ખૂબ વ્યથિત થયેલી કંસ તથા તેના ભાઈઓની સ્ત્રીઓ રોકકળ કરતી આંખમાં આંસુઓ સાથે ત્યાં આવી પહોંચી અને પોતપોતાના પતિઓના મૃતદેહોને ભેટતી શોક કરવા લાગી.

ભગવાનના આ પરાક્રમથી આકાશમાંથી બ્રહ્માજી, શિવજી વગેરે દેવોએ પ્રસન્નતાપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી અભિવાદન કર્યું અને દેવતાઓ, ગાંધર્વો નાચગાન કરવા લાગ્યા, દુંદુભિ-નગારાં વાગવા લાગ્યાં.

## ૨૯. શ્રીકૃષ્ણે માતા-પિતાને કારાગૃહમાંથી છોડાવ્યા

પછી શ્રીકૃષ્ણ પોતાના મોટાભાઈ બલરામજી સાથે દેવકીજી અને વસુદેવ પાસે કારાગૃહમાં જઈ ભેટ્યા. દેવકી શ્રીકૃષ્ણને ભેટી ચોધાર આંસુએ રડવા લાગી અને હર્ષના આવેશથી એનું મસ્તક ચૂમવા લાગી.

અક્રૂરજીએ વસુદેવ અને દેવકીની બેડીઓ તોડાવી.

કારાગૃહના બધા સૈનિકો એમની ક્ષમા માગવા લાગ્યા. વસુદેવે તેમને ક્ષમા આપી. પછી બધાં બાજુના કક્ષમાં કેદ ઉગ્રસેનને મળ્યા. બંને ભાઈઓએ નાનાને પ્રણામ કર્યા અને પોતાની ઓળખ આપી.

ઉગ્રસેને બંને કુમારના મસ્તક ચૂમી આશીર્વાદ આપ્યા.

અક્રૂરજીએ એમની પણ બેડી તોડાવી. શ્રીકૃષ્ણ અત્યંત આદરથી ઉગ્રસેનને બહાર લાવ્યા. અને એમનો જયજયકાર કરવા લાગ્યા.

મથુરાની પ્રજાએ પણ એમનો જયજયકાર કર્યો.

ત્યાર પછી શ્રીકૃષ્ણે દેવકીજીના પિતા એટલે કે પોતાના નાનાજી ઉગ્રસેનને યાદવોનો રાજા તરીકે મથુરાની ગાદી પર વિધિવત રાજ્યાભિષેક કર્યો અને વિનયભરી વાણીમાં કહ્યું : હે મહારાજ! તમે અમને આજ્ઞા આપવાને સમર્થ છો. કેમ કે અમે તો તમારી પ્રજા છીએ. વળી યયાતિ રાજાના શાપને કારણે યાદવો રાજ્યધુરા સંભાળવા યોગ્ય નથી. તેથી હું રાજા થઈ શકું તેમ નથી. તેથી આપ જ અમ સર્વે યાદવોના રાજા બનો તે ઇચ્છનીય છે અને હું હંમેશાં તમારા મદદકર્તા તરીકે રહીશ. તેથી બધા રાજાઓ તમારી અધિનતા સ્વીકારશે.

ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનાં બધાં સગાંસંબંધી જ્ઞાતિજનો અને અંધક, મધુ, યદુ, વૃષ્ણિ, કુકુર, દાશાર્હ વગેરે કુળોના લોકો જે કંસના ત્રાસથી રાજ્ય છોડીને જતાં રહ્યાં હતાં તથા પરરાજ્યમાં વસવાટથી દુ:ખી હતાં તેઓને ત્યાંથી સન્માનપૂર્વક તેડાવીને રહેવા માટેની તમામ સુવિધા કરી આપી. ધનસંપત્તિ વગેરે આપ્યાં. એટલે તેઓ બધાં પણ ઉલ્લાસભર્યાં જીવન જીવવા

લાગ્યાં. સર્વેએ ભગવાન કૃષ્ણનો કૃતજ્ઞતાપૂર્વક આભાર માન્યો અને એમના સર્વ સંતાપો દૂર થયા.

ત્યાર પછી દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન અને બલરામજી પોતાનાં પાલક પિતા નંદજી પાસે જઈને કહેવા લાગ્યા : હે પિતાજી! તમે અને અમારી માતા યશોદાજીએ અમારા પર આત્યાધિક પ્રીતિ રાખીને અમારાં પાલનપોષણ કર્યાં છે અને જે બાળકોનાં માતા-પિતા તેમનું પાલનપોષણ કરવા શક્તિમાન ન હોય તેવાં બાળકોનો જે પોતાના સગાં સંતાનોની જેમ ઉછેર કરે છે.તેઓ જ ખરાં માતા-પિતા છે. તેથી હે પિતાજી! હવે તમે ગોકુળમાં જાઓ. અમે અહીં બધો રાજ્યકારભાર વ્યવસ્થિત કરી સર્વ સ્નેહીજનો ને કુટુંબીઓને થાળે પાડીને તમને અને સર્વ સ્નેહીજનોને વ્રજમાં મળવા આવીશું. એમ બધાંને આદરપૂર્વક વસ્ત્રાલંકારો તથા ભેટસોગાદો આપીને અશ્રુભીની આંખે બધાંને વિદાય કર્યાં.

## ૩૦. શ્રીકૃષ્ણ અને બલરામનો યજ્ઞોપવિત સંસ્કાર અને વિદ્યાભ્યાસ અર્થે સાંદીપનિ ઋષિના આશ્રમમાં ગમન

ત્યાર પછી વસુદેવજીએ પુરોહિત અને બ્રાહ્મણો પાસે પોતાના આ બંને પુત્રોના યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યા. બ્રાહ્મણોને સોનાની માળાઓ અને રેશમી વસ્ત્રો પહેરાવેલી ગાયો તથા ઉત્તમ દક્ષિણાઓ દાનમાં આપી.

યજ્ઞોપવિત સંસ્કાર પામેલા ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજીને યદુકાળના આચાર્ય ગર્ગાચાર્યે ઉજ્જયનીના સાંદીપનિ મુનિના આશ્રમમાં વિદ્યાભ્યાસ માટે જવાની સૂચના આપી. ત્યાં તેઓ બંનેએ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું. સ્વયં સર્વ વિદ્યાઓના ઉત્પત્તિસ્થાન હોવા છતાં મનુષ્યસ્વરૂપ તે ભગવાન સ્વયંસિદ્ધ નિર્મલ જ્ઞાનને છૂપાવી ઉજ્જયનીમાં રહેતા કાશ્યપગોત્રી બ્રાહ્મણ સાંદીપનિ ઋષિના ગુરુકુળમાં ભણવા ગયા. ત્યાં ગુરુની આદરપૂર્વક સેવા કરતાં કરતાં છ અંગો અને ઉપનિષદો સાથે સર્વ વેદો ભણ્યા. મંત્ર, તર્કવિદ્યા અને છ પ્રકારની રાજનીતિ વગેરે વિદ્યાઓ પ્રાપ્ત કરી. આ સર્વ વિદ્યાઓ તેઓ ખૂબ જ કુશળતાપૂર્વક એકી બેઠકમાં જ ગ્રહણ કરતાં ભણી રહ્યા અને ચોસઠ દિવસોમાં ચોસઠ કળાઓ પણ શીખી લીધી.

બધી વિદ્યાઓ સાંદીપનિ ઋષિ પાસેથી ગ્રહણ કરી લીધા પછી બંને ભાઈઓ ગુરુજી પાસે ગયા અને ગુરુદક્ષિણા માગવા આગ્રહ કર્યો.

સાંદીપનિ ઋષિ તો પોતાના આ બંને પ્રિય શિષ્યોની અદ્‌ભુત શક્તિઓથી અને મનુષ્ય કરતાં વિશેષ બુદ્ધિમત્તા ધરાવતા હોવાથી વાકેફ હતા. તેથી પત્ની સાથે પરામર્શ કરીને તેમણે એવી દક્ષિણા માંગી કે પ્રભાસના મહાસમુદ્રમાં મૃત્યુ પામેલા પોતાના પુત્રને જીવતો પાછો લાવવો. તેથી ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી તેમ કરવા તાત્કાલિક એક રથમાં બેસીને પ્રભાસ પહોંચ્યા. ત્યાં થોડીવાર દરિયાકિનારે બેઠા એટલીવારમાં તો સમુદ્ર તેમની પાસે આવ્યો અને સાક્ષાત્ પ્રભુ પધાર્યાની ખુશીથી તેમની પૂજા કરી અને આવવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે ભગવાને પોતાનો ગુરુપુત્ર માગી લીધો.

સમુદ્ર બોલ્યા : 'હે ભગવાન! આપના ગુરુપુત્રને હું લઈ ગયો નથી પરંતુ મારા આ જળમાં પંચજન નામનો એક મહાદૈત્ય શંખનું રૂપ ધારણ કરીને રહે છે. તેણે કદાચ આપના ગુરુપુત્રને હરી લીધો હશે.'

તેથી શ્રીકૃષ્ણ તરત જ સમુદ્રમાં પ્રવેશ્યા અને પંચજન નામના અસુરને મારી નાખીને તેના પેટમાં તપાસ કરતાં ગુરુપુત્ર મળ્યો નહિ. પછી તેના શરીરમાં ઉદ્ભવેલા પંચજન્ય શંખને લઈને રથમાં બેઠા અને ત્યાંથી યમદેવની સંયમની નામની નગરીમાં ગયા. ત્યાં જઈ શંખધ્વનિ કર્યો એટલે યમદેવ ત્યાં આવ્યા અને ભગવાનની સત્કારપૂજા વગેરે કર્યાં અને આજ્ઞા ફરમાવવા વિનંતી કરી. એટલે ભગવાન કૃષ્ણે પોતાના ગુરુપુત્રને લાવી આપવા આજ્ઞા કરી. યમદેવે તત્ક્ષણ તેમના ગુરુપુત્રને લાવી આપ્યો. તેને લઈને શ્રીકૃષ્ણ તથા બળદેવજી ફરીથી સાંદીપનિ ઋષિ પાસે ગયા. તેમનો પુત્ર તેમને સોંપી દીધો અને ફરીથી કંઈક દક્ષિણા માગવા કહ્યું.

ત્યારે સાંદીપનિઋષિ અત્યંત પ્રસન્નતાપૂર્વક બોલ્યા : હે પુત્રો! તમે બંનેએ મને અજોડ ગુરુદક્ષિણા આપી છે. હે વીર શિષ્યો! હવે તમે બંને ઘેર જાઓ. તમારી વિદ્યા અને વેદો આ લોક અને પરલોકમાં તમને સતત સાથ આપો. તમારી પવિત્ર કીર્તિ ઉત્તરોત્તર વધતી રહો.

એ રીતે ગુરુજીએ આશીર્વાદ આપી જવાની આજ્ઞા આપી. તેથી બંને ભાઈઓ પોતાના વાયુવેગી રથમાં બેસી ઘરે આવ્યા. આખા નગરે તેમનો સત્કાર કર્યો અને પ્રજા ખૂબ હર્ષ પામી.

## ૩૧. શ્રીકૃષ્ણે ઉદ્ધવને વ્રજમાં મોકલ્યા

શ્રીકૃષ્ણના નાના(પિતરાઈ દાદા) ઉગ્રસેનને રાજ્યકારભારમાં સહાયતા કરવા લાગ્યા. એમાં ઉદ્ધવજી મહાબુદ્ધિમાન હતા તથા યાદવ શ્રેષ્ઠ ભગવાન શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર અને મંત્રી હતા તથા સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય હતા. તેઓ શ્રીકૃષ્ણના એકાંકિત ભક્ત પણ હતા. ભગવાન શ્રીકૃષ્ણ ઘણા સમયથી વ્રજ છોડીને મથુરામાં રહેતા હતા. પરંતુ માતા યશોદા અને વ્રજવાસીઓના તેમના પ્રત્યેના અવિસ્મરણીય પ્રેમથી તેઓ સતત તેઓની ચિંતામાં રહેતા. તેથી એક દિવસ પ્રિય મિત્ર ઉદ્ધવનો હાથ પકડીને કહ્યું : 'હે ઉદ્ધવ! તમે ગોકુળમાં જાઓ અને અમારાં માતા-પિતાના ક્ષેમકુશળ પૂછી આવો તથા વ્રજની ગોપીઓ મારા વિરહમાં દુ:ખી થતી હશે તેમની વ્યથાને પણ દૂર કરી આવો. તેઓનાં ચિત્ત મારા વિશે જ એકાગ્ર હશે. તેઓના માટે હું પ્રાણમય છું. તેઓએ મને પોતાના સગાં-સંબંધીઓને પણ તરછોડીને પ્રેમ કર્યો છે. બધાં સુખસગવડો ત્યજ્યા છે. તેમ છતાં તેમનાથી હું દૂર થઈ ગયો છું. તેઓ મારા આવવાની આતુરતાપૂર્વક રાહ જોતી હશે. તેથી તમે જાઓ.'

શ્રીકૃષ્ણના આ પ્રસ્તાવ સાથે ઉદ્ધવજી રથમાં બેસી નંદજીને ઘેર જવા નીકળ્યા અને દિવસ આથમતાં સુધીમાં તો વ્રજમાં પહોંચી પણ ગયા. ગોધૂલી સમયે ગાયોના ધણે ઉડાડેલી રજથી વાતાવરણ એકદમ ધૂંધળું બની ગયું હતું. ગામમાં સહુ કોઈ ગાયોને દોહવાની તૈયારી કરી રહ્યાં હતાં. ગોવાળિયાઓ વાંસળી વગાડી રહ્યા હતા અને ગોપ-ગોપીઓ સુંદર વસ્ત્રાલંકારોમાં શોભતા શ્રીકૃષ્ણ ભગવાનની પવિત્ર લીલાગાથાઓ ગાતાં હતાં. આવા સમયે વ્રજમાં ઉદ્ધવજી પોતાનો રથ લઈને નંદરાયજીના ઘરે પહોંચ્યા. નંદરાયજી તરત જ તેમનો સત્કાર કરતાં ભેટી પડ્યા અને શ્રીકૃષ્ણ સાક્ષાત્ આવ્યા હોય તેવા ઉમંગ દર્શાવી તેમને ઉત્તમ ભોજન કરાવી ખબરઅંતર પૂછતા બેઠા.

નંદરાયજીએ પૂછ્યું, 'હે ઉદ્ધવ! મથુરામાં પાપી કંસ પોતાના પાપનો ઘડો ફૂટી જવાથી તેના સર્વ અનુચરો સાથે મરાયો તે સારું થયું. તેથી અમારા મિત્ર વસુદેવજી કારાવાસમાંથી છૂટ્યા. તેઓ અને તેમનાં સગાંઓ, પુત્રો બધાં કુશળ તો છે ને? અમારો પુત્ર કૃષ્ણ અમને, તેમની માતાને, તેમના

સખા ગોવાળિયાઓને તથા વ્રજને, વૃંદાવનની ગાયોને અને ગોવર્ધન પર્વતને યાદ તો કરે છે ને? હવે શ્રીકૃષ્ણ ક્યારે અમને મળવા આવશે તે કહો. તેમનાં દર્શન કરવા માટે અમારા જીવો ખૂબ આતુર થયા છે.

'હે ઉદ્ધવ, શ્રીકૃષ્ણએ વ્રજનું અનેક પ્રકારે રક્ષણ કર્યું છે. અમે શ્રીકૃષ્ણમય થઈ જઈએ છીએ. અમે જાણીએ છીએ કે શ્રીકૃષ્ણ અને બલરામજી તો પૃથ્વી પર અવતરેલા ભગવાન છે અને પ્રાણીઓનું કલ્યાણ કરવા અવતર્યા છે. એમણે ઘણા અસુરોને માર્યા છે અને મનુષ્યોની રક્ષા કરી છે.

નંદરાયજી શ્રીકૃષ્ણ વિશે આમ વાતો કરતાં કરતાં અત્યંત વિહ્વળ બની ગયા અને પ્રેમાવેશમાં મૌન ધારણ કરી લીધું. બીજી બાજુ યશોદાજી પણ પુત્રનાં પરાક્રમો, ચરિત્રોનાં વર્ણનો સાંભળીને તેને યાદ કરતાં અશ્રુ વહાવવા લાગ્યાં. આમ બંને માતા-પિતાનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમ જોઈ ઉદ્ધવજી કહેવા લાગ્યા :

'હે સન્માનનીય નંદરાયજી! સમગ્ર લોકોના ગુરુ એવા પરમાત્મા શ્રીકૃષ્ણ વિશે તમે આવી ભક્તિબુદ્ધિ પ્રાપ્ત કરી છે તેથી તમે બંને બધાં મનુષ્યોમાં પ્રશસ્તિપાત્ર છો. તમારા બંને પુત્રો તો જગતના નિમિત્ત કારણ, પુરાણ પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપ છે. તેઓ જ સર્વેના જીવનદાતા છે. જીવમાત્ર જો મૃત્યુ સમયે એક ક્ષણવાર પણ પોતાના શુદ્ધ મનને તેમનામાં એકાગ્ર કરી શકે તો બ્રહ્મસ્વરૂપ પામે છે. અને આત્માનું જ્ઞાનસ્વરૂપનું ભાન પામી શકે છે. સત્ત્વગુણી સ્વરૂપ પ્રાપ્ત કરીને પરમગતિ મેળવે છે. જ્યારે તમે તો સમગ્રના આત્મા અને સમગ્રના કારણ એવા ભગવાન પરત્વે આવો અખંડ વાત્સલ્યભાવ કરી શક્યા છો તેથી તમારે હવે કશું જ કરવાનું બાકી રહેતું નથી. ભગવાન શ્રીકૃષ્ણએ સંદેશો આપવા જ મને મોકલ્યો છે કે તેઓ હવે થોડા જ સમયમાં વ્રજમાં પધારશે અને તમને મળશે. તેથી તમે વ્યથાને દૂર કરી તેમની રાહ જુઓ, કારણ કે ભગવાન તો સર્વના હૃદયમાં વાસ કરનારા છે. વળી તેઓ તો નિર્ગુણ છે છતાં આ ગુણમય જગતમાં માયાથકી અવતાર ધારણ કરે છે. આ જીવ અજ્ઞાનથી પોતાને 'હું' ભાવ કેળવીને કર્તા સમજવા લાગે છે. તેથી અહંબુદ્ધિ ઉત્પન્ન થાય છે જે માત્ર ભ્રમ છે અને આ ભગવાન કૃષ્ણ ફક્ત તમારા પુત્ર જ છે એવું નથી પણ સર્વના આભારૂપ ઈશ્વર છે અને જગતની કોઈપણ વસ્તુ તેમનાથી અલગ નથી.

નંદરાયજી તથા ઉદ્ધવજી એમ વાતો કરતા હતા એવામાં રાત્રિ પસાર થઈ ગઈ. ગોપીઓ ઘરનું કામ કરતી શ્રીકૃષ્ણના લીલામૃતનાં ગુણપદો ગાવા લાગી. એ મધુર સ્વરોમાંથી પ્રગટ થતો ભક્તિભાવ આકાશમાં પહોંચીને સર્વે દિશાઓનાં અમંગળ દૂર કરતો હતો. ત્યાર પછી સૂર્યોદય થતાં તેમણે નંદરાયજીના ઘરના આંગણામાં સુવર્ણ રથ પડેલો જોયો. તેથી એકબીજાને વિસ્મયતાપૂર્વક પૂછવા લાગી: 'આ રથ તો આપણા કમળનયન શ્રીકૃષ્ણને લઈ જવા આવેલા અક્રૂરનો છે. હવે અક્રૂરને અહીં શું કામ હશે? સ્ત્રીઓ આવી વાતચીત કરતી હતી તેવે સમયે ઉદ્ધવજી યમુના નદીએ સ્નાન-કર્મ પતાવીને ત્યાં આવી ગયા.

ઉદ્ધવજી જે શ્રીકૃષ્ણ ભગવાનના સેવક હતા, તેઓ શ્રીકૃષ્ણ જેવા જ સ્વરૂપવાળા લાંબા બાહુ, કમળ સરીખાં નેત્રો, સુંદર મુખાકૃતિ, પીળાં પીતાંબર અને રત્નજડિત આભૂષણો પહેરેલા હતા. તેમને જોઈને ગોપીઓ વિચારવા લાગી કે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણ જેવું જ સ્વરૂપ ધરાવનારો આ કોણ

હશે? અને ક્યાંથી આવ્યો હશે? તેથી તે સર્વ એકઠી થઈને ઉદ્ધવજીને વીંટળાઈ વળી અને પૂછીને જાણી લીધું કે તેઓ તો શ્રીકૃષ્ણનો સંદેશો લાવ્યા છે. તેથી વિનયથી નમ્ર થઈને લજ્જાયુક્ત બની તેમનો સત્કાર કર્યો અને એકાંતમાં તેમને પૂછવા લાગી : 'તમે શ્રીકૃષ્ણના સેવક થઈને તેમનો સંદેશો લઈને આવ્યા છો તે અમે જાણીએ છીએ. તેમનાં માતા-પિતાને આશ્વાસન આપવા તમે આવ્યા છો. તે સિવાય આ વ્રજમાં તેઓ બીજું કંઈપણ યાદ કરે એવું એવું અમને લાગતું નથી, કારણ કે માતા-પિતા ઉપરનો ઋણાનુબંધ અને સ્નેહભાવ તો મુનિઓ પણ ત્યજી શકતા નથી.'

પછી આંખમાં અશ્રુ ભરી ગોપીઓ પૂછવા લાગી, 'હે ઉદ્ધવજી! આર્યપુત્ર કૃષ્ણ વિદ્યાભ્યાસ કરીને આવ્યા પછી મથુરામાં જ છે? તેઓ તેમના ઘરને તથા ગોવાળિયા સખાઓને ક્યારેક યાદ કરે છે? ક્યારેક આમ દાસી જેવીઓની અમારી યાદ પણ કરે છે? અરેરે! હવે તેમનો મેળાપ ક્યારે થશે?'

ત્યાર પછી ઉદ્ધવજી શ્રીકૃષ્ણનો સંદેશો કહેવા લાગ્યા, 'હે પરમ ભાગ્યશાળી ગોપીઓ! તમે સર્વ તો આખા જગતમાં પૂજનીય છો કે તમે જગતપિતા વાસુદેવમાં ચિત્તને સ્થાપવા સમર્થ થઈ છો અને એ ભગવાનની ભક્તિ તો જપ, દાન, તપ, વ્રત, યજ્ઞો, સંયમ તથા બીજા કલ્યાણનાં સાધનોથી જ પ્રાપ્ત કરી શકાય છે. તે પરમભક્તિ તમે અનાયાસે જ સાધી શક્યાં છો તેમજ ઘરગૃહસ્થીનો ત્યાગ કરીને આ પરમ પુરુષને મનથી વરી છો તે પરમ ભાગ્યની વાત છે. હે ગોપીઓ! આ એકાંતિક ભક્તિ અને તે જ શ્રેષ્ઠ છે. તમારો ભગવાન પરત્વેનો પ્રેમ જોઈ મારા પર પણ તમારી મોટી કૃપા થઈ છે. હું તો શ્રીકૃષ્ણનાં ગુપ્ત કાર્યો કરનારો છું અને જે સંદેશો લાવ્યો છું તે સાંભળો. શ્રીકૃષ્ણે કહ્યું છે કે તમે તો મારી સાથે જ છો. જગતનાં પંચમહાભૂતો સ્વરૂપ હું નિર્વિકાર, નિર્ગુણ છું. જગતને હું જ પાળું છું અને સંહારું છું. હું સુષુપ્તિમાં પ્રજ્ઞારૂપે, સ્વપ્નાવસ્થામાં તેજસરૂપે અને જાગતિક અવસ્થામાં હું વિશ્વરૂપે દેખાઉં છું છતાં ઇન્દ્રિયોથી અનુભવાતા આ વિષયો સર્વ મિથ્યા છે એ વિષયોના ચિંતનમાંથી મનને અટકાવી મારો સાક્ષાત્કાર કરવો જોઈએ અને તમે મારામાં જ મગ્ન રહો એ આશયથી જ હું તમારાથી દૂર રહું છું. જેમ દૂર રહેલા પતિમાં સ્ત્રીનું મન જેટલું ઓતપ્રોત રહે છે તેટલું નજર સામેના પતિમાં પરોવાયેલું રહેતું નથી. તેથી તમારા મનને છૂટું પાડી ફક્ત મારામાં જ સ્થાપી દઈને તમે નિત્ય મારું ચિંતન કરશો તો થોડા સમયમાં જ મને પામશો. હે પરમ કલ્યાણી સ્ત્રીઓ! શરદપૂનમની રાત્રિએ મેં તમને રાસ રમાડ્યાં હતાં ત્યારે જે સ્ત્રીઓ રાસલીલામાં આવી શકી ન હતી તેઓ બધી મારા ચિંતન થકી મને પ્રાપ્ત થઈ ગઈ હતી.'

એ રીતે સંદેશો સાંભળીને સર્વ ગોપીઓ પ્રસન્ન થઈને ઉદ્ધવજીને કહેવા લાગી, 'શ્રીકૃષ્ણ ભગવાને સેવેલી આ નદીઓ, વનો, પર્વતો, ગાયો અને વાંસળીના સૂરો અમને એ પ્રિય ભગવાનની યાદ વારંવાર તાજી કરાવે છે. એનાથી અમારી બુદ્ધિ ભ્રમિત થઈ ગઈ છે. તેને અમે કેવી રીતે વિસરી શકીએ? હે ગોવિંદ! હે નાથ! તમારા વિયોગના દુઃખમાં ડૂબેલા ગોકુળનો ઉદ્ધાર કરવા જલદી પધારો!' આટલું કહીને ગોપીઓ રડી પડી.

એ રીતે ભગવાન શ્રીકૃષ્ણના સંદેશાથી જેમનો વિરહતાપ દૂર થયો હતો તેવી ગોપીઓએ ઉદ્ધવજીનો સત્કાર કર્યો. ઉદ્ધવજી પણ ગોપીઓના શોકને આશ્વાસન આપી શાંત કરવા કેટલાક મહિના વ્રજમાં રહ્યા અને કૃષ્ણ ભગવાનનાં પરાક્રમની કથાઓ કહેતાં, સર્વને આનંદિત કરતા રહેતા.

ઉદ્ધવજી ગોપીઓ જેવી ગામડાની સ્ત્રીઓમાં જન્મેલા અજોડ ભક્તિભાવથી ભગવાનની લીલા વિશે વધુ ઊંડું ચિંતન કરતા થયા અને પોતે પણ હવે પછી આવા વ્રજમાં સ્થાવર-જંગમ કોઈપણ પ્રકારના જીવ તરીકે જન્મ લેવા માટે પ્રાર્થના કરવા લાગ્યા.

ત્યાર પછી ઉદ્ધવજી મથુરા જવાની તૈયારી કરવા લાગ્યા એટલે નંદરાયજી, યશોદાજી, સર્વ વ્રજવાસીઓ, ગોપ-ગોપીઓએ વિવિધ ઉત્તમ ભેટો આપી ફરીથી ભગવાન શ્રીકૃષ્ણને અનેક રીતે યાદ કરીને તેમને વિવિધ સંદેશાઓ કહેવડાવી ભક્તિભાવપૂર્વક વિદાય કર્યા. મથુરામાં પહોંચીને ઉદ્ધવજીએ પણ તે બધું ભગવાન શ્રીકૃષ્ણને જણાવ્યું અને વ્રજવાસીઓની ભેટો બલરામજી, શ્રીકૃષ્ણ તથા ઉગ્રસેન રાજાને અર્પણ કરી.

## ૩૨. શ્રીકૃષ્ણે સુંદરી કુબ્જાનો કરેલો ઉદ્ધાર

ત્યાર પછી એક દિવસ સર્વની બુદ્ધિના સાક્ષી એવા ભગવાન શ્રીકૃષ્ણ કામથી તપ્ત એવી કુબ્જાનું પ્રિય કરવાની ઇચ્છાથી તેના ઘરે ગયા. જે પ્રમાણે તેને વચન આપેલું હતું. ભગવાનની કૃપાથી જ સુંદરીનું રૂપ પામેલી તે કુબ્જાનું ઘર સુંદર, સાજસજનીવાળું ઉત્તમ રાચરચીલાથી યુક્ત શૃંગારરસ સામગ્રીથી ભરેલું અને સુગંધી ધૂપ, દીવા, પુષ્પોથી મહેકતું હતું.

કુબ્જાએ ભગવાનને પોતાના ઘરે પધારેલા જોઈને તરત જ તેમનો ભાવપૂર્વક આદરસત્કાર-પૂજા વગેરે કર્યાં. શ્રીકૃષ્ણે આમ કુબ્જાનો ઉદ્ધાર કર્યો.

## ૩૩. શ્રીકૃષ્ણ અક્રૂરજીને ઘરે પધાર્યા

ભગવાન શ્રીકૃષ્ણને અક્રૂરજી યાદ આવ્યા અને તેમની પાસેથી કંઈ કામ કરાવવાની ઇચ્છાથી બલરામજી તથા ઉદ્ધવજીને લઈને તેમને ઘરે ગયા. અક્રૂરજીએ તેમનો ઉમંગભેર સત્કાર કર્યો - ભેટી પડ્યા અને આસન આપી બેસાડ્યા તથા નીચે બેસી પોતે ભગવાન શ્રીકૃષ્ણના બંને ચરણોને પોતાના ખોળામાં રાખી ચંપી કરતાં તેમની વિવિધ પ્રશસ્તિ વચનો અને મહાભયનું વર્ણન કરતી સ્તુતિ કરી.

ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું : હે અક્રૂરજી! તમે તો અમારા કાકા વડીલ અને વિશ્વાસપાત્ર બંધુ છો અને અમે તો હંમેશાં રક્ષણ, પોષણ તથા તમારી દયા પામવા યોગ્ય તમારી પ્રજા છીએ. જેઓ કલ્યાણની ઇચ્છા રાખે છે તેવા લોકોએ તમારા જેવા મહાભાગ્યશાળી ઉત્તમ મહાપુરુષોને નિત્ય સેવવા જોઈએ. કારણ કે દેવો તો સ્વાર્થી હોય છે. પરંતુ તમારા જેવા સત્પુરુષો હંમેશાં બીજા ઉપર કૃપા કરવા તૈયાર હોય છે અને પૃથ્વી પર ફક્ત જળમાં જ તીર્થો નથી, ફક્ત માટી કે પથ્થરની મૂર્તિઓ જ દેવો નથી, ખરાં તીર્થો તો આપ જેવા સત્-પુરુષોરૂપી તીર્થો છે, જે પોતાના દર્શન માત્રથી લોકોનું કલ્યાણ કરે છે.

આમ તમે અમારા ઉત્તમ તીર્થરૂપ વડીલ હોઈ ને પાંડવોના કલ્યાણ માટે તેમની હાલત જાણવા હસ્તિનાપુર જાઓ. ત્યાં તેમના પિતા પાંડુરાજા મૃત્યુ પામ્યા હોવાથી બાળક પાંડવો અને માતા કુંતી અત્યંત દુઃખી છે. અમારી જાણમાં એવા સમાચાર આવ્યા છે કે ધૃતરાષ્ટ્ર રાજા હમણાં પોતાના મહેલમાં એ લોકોને લાવ્યા છે અને તેઓ ત્યાં રહ્યાં છે પરંતુ અંબિકાના પુત્ર રાજા ધૃતરાષ્ટ્ર અંધ છે. વળી તેમનામાં દીનબુદ્ધિ છે, તેથી પોતાના દુષ્ટ પુત્રના ભરમાવવાથી નાના ભાઈનાં અનાથ બાળકો સાથે

ભેદભાવભર્યું વર્તન કરે છે. તેથી તેમના વર્તનની તપાસ કરવા તમે જાઓ અને મને તે વિશે જાણ કરો. તેથી આપણે તેમનું કલ્યાણ થાય તેવા પ્રબંધ કરી શકીએ.

એ રીતે અક્રૂરજીને ભગવાન હસ્તિનાપુર જવાની આજ્ઞા કરી ને બલરામજી તથા ઉદ્ધવજીને લઈ ત્યાંથી પોતાના આવાસે પધાર્યાં.

## ૩૪. શ્રીકૃષ્ણે અક્રૂરજીને હસ્તિનાપુર મોકલ્યા

ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા મુજબ અક્રૂરજી હસ્તિનાપુર નગરીમાં ગયા. હસ્તિનાપુરમાં પુરુવંશી રાજાઓના યશ થકી બંધાયેલાં દેવમંદિરો અને બ્રાહ્મણ મંદિરો આવેલાં છે.

અક્રૂરજી એવી પવિત્ર મંદિરોની નગરીમાં પહોંચીને રાજા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, કુંતી, પુત્ર સોમદત્ત, ગુરુ કૃપાચાર્ય, દ્રોણાચાર્ય, કર્ણ, દૂર્યોધન, અશ્વત્થામા, પાંડવો અને બીજા સંબંધીઓને મળ્યા. તેઓને કુશળ સમાચાર પૂછીને શ્રીકૃષ્ણ ભગવાનના પણ કુશળ સમાચાર આપ્યા. ભગવાને સોંપેલું કામ કરવા માટે અક્રૂરજીએ હસ્તિનાપુરમાં થોડા મહિનાઓ રોકાવું પડ્યું અને ધૃતરાષ્ટ્ર રાજા પાંડવો સાથે કેવી રીતનું વર્તન કરે છે તેની ગુપ્ત રીતે તપાસ હાથ ધરી.

દુર્યોધન વગેરે ધૃતરાષ્ટ્રના દુષ્ટ પુત્રો ધૃતરાષ્ટ્રને પોતાની મરજી મુજબ જ વર્તવાની ફરજ પાડતા હતા, તેથી ધૃતરાષ્ટ્રમાં પોતાની સ્વતંત્ર બુદ્ધિથી કશું જ કરવાની હિંમત ન હતી તેવી માહિતી અક્રૂરજી મેળવી શક્યા. એમણે એ પણ જાણ્યું કે ધૃતરાષ્ટ્રની પડખે તેમના સાળા શકુનિ જેવા દુષ્ટો ગોઠવાઈ જઈને પોતાની કુટિલ યોજના પ્રમાણે જ ધાર્યાં કામો કરાવતા હતા.

અક્રૂરજીએ હસ્તિનાપુરમાં વિદુરજી તેમજ કુંતીને પણ અવારનવાર મળીને જાણી લીધું કે પાંડવો શસ્ત્રવિદ્યામાં પારંગત બની ગયા હતા. તથા બળવાન હિંમતવાન અને વિનયશીલ બન્યા હતા. તેજસ્વી એ કુમારો ઉપર પ્રજાનો પણ અપૂર્વ સ્નેહ હતો. જે દુર્યોધન વગેરેથી સહન ન થતાં તેમને ખોરાકમાં ઝેર આપીને ઈર્ષાભાવે મારી નાખવાનો પણ પ્રયત્ન દુર્યોધન વગેરે ભાઈઓએ કર્યો હતો, પરંતુ ફાવ્યા ન હતા. કુંતીમાતાએ પોતાના ભાઈ અક્રૂરજીને પોતાની પાસે આવેલા જોઈ આંખમાં આંસુ સાથે મથુરામાં બધાં સગાં-સંબંધીઓના ખબરઅંતર પૂછ્યા.

પછી કુંતી બોલ્યા : 'હે શાંત સ્વભાવવાળા ભાઈ! મારાં માતા-પિતા, મારા ભાઈઓ, મારી બહેનો, મારા ભત્રીજાઓ, રાજપરિવારની સર્વ સ્ત્રીઓ, મારી પ્રિય સખીઓ સર્વ મને સંભારે છે?'

મારા પ્રિય ભત્રીજા, શરણાગતનું રક્ષણ કરનારા, ભક્તવત્સલ ભગવાન વાસુદેવ-કૃષ્ણ અને બળવાનોમાં શ્રેષ્ઠ, હળધારી, કમળસમાન નેત્રવાળા બલરામ પોતાના આ દુઃખથી ઘેરાયેલી ફૂઈને અને તેના અનાથ દીકરાઓને યાદ કરે છે કે નહિ? નહારો વચ્ચે ઘેરાયેલી હરણી જેવી હું રાત-દિવસ શોકમાં ઘેરાયેલી રહું છું. મને તથા બાપ વગરના થઈ પડેલા મારા પુત્રોને વાસુદેવ-કૃષ્ણ અને બલરામ ક્યારે સાંત્વન આપવા આવશે? ક્યારે ધીરજ આપવા આવશે? એમના સિવાય હવે મારા પુત્રોની પડખે ઊભું રહેનાર કોણ છે? સર્વ તો મારા જેઠ તરફ થઈ ગયા છે. કારણ કે હાલ તેઓનું પલ્લું ભારે છે. હે ધર્માત્મા! તમે વિનંતી કરી મારા ભત્રીજાઓને કહેજો કે - હે કૃષ્ણ! હે યોગેશ્વર! હે વિશ્વાત્મા! હે જગતનું સર્વ પ્રકારે કલ્યાણ કરનારા! હે ગોવિંદ! હે શરણાગત-વત્સલ! હે જગદીશ! હે સર્વના અંતરાત્મામાં બિરાજમાન! હે મુરલીધર! હે કરુણાના સાગર! હું મારા પાંચ પુત્રો સહિત તમારે શરણે

આવી છું. હે દીનાનાથ! આ દુ:ખી પીડિત કુંતીફૂઈનું રક્ષણ કરો. તેની વહારે આવો! હે નટવર! હવે અમને તમારું જ શરણું છે.

હે વનમાળી! જે તમારે શરણે આવે છે તેને પછી કોઈ શરણની આવશ્યકતા રહેતી નથી. માટે હે વાસુદેવ! અમારી રક્ષા કરો. અમને તમારી શરણમાં લઈ લો. અમારા પર અપાર કૃપા વરસાવો. મારા પુત્રોને સદૈવ તમારી શરણમાં માનો.

અને પોતે શત્રુઓની વચ્ચે રહીને પિતાવિહોણા પોતાના પુત્રોને ઉછેરતી દુ:ખી છે. તેથી શ્રીકૃષ્ણના શરણરૂપ આશ્રય કરીને રહે છે તેવો સંદેશો મોકલ્યો.

શ્રી શુકદેવજીએ કહ્યું : હે રાજા! એ રીતે તમારાં દાદીમા માતા કુંતીજી પોતાના સ્વજનો અને ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરીને રડવા લાગ્યાં. તેથી અક્રૂરજી અને વિદુરજીએ તેમનાં દુ:ખો સાંભળી તેમને આશ્વાસન આપ્યું અને તેમના પરમ ભાગ્યશાળી પુત્રો તો ધર્મ, વાયુ, ઇન્દ્રના કારણરૂપે ઉત્પન્ન થયા છે તેમ કહી તેમનાં પરાક્રમો વર્ણવી સર્વ સારા દિવસો આવશે એમ કહી શાંત પાડ્યા.

ત્યાર પછી અક્રૂરજી રાજા ધૃતરાષ્ટ્રને મળવા ગયા અને ભગવાન શ્રીકૃષ્ણ તથા બલરામજીના સ્નેહસંદેશા આપતાં કહ્યું, હે રાજન! તમારા ભાઈ પાંડુ રાજાના મૃત્યુ બાદ હવે તમે રાજગાદી પર આવ્યા છો તેથી ધર્મશાસન કરશો. પ્રજાને સદાચારથી પ્રસન્ન કરશો અને પોતાના સંબંધીઓ તરફ રાગદ્વેષ નહિ રાખતાં સમાન ભાવ રાખશો તો કલ્યાણ અને કીર્તિ પામશો. નહિતર પ્રજામાં નિંદ્ય બનીને નર્કમાં ગતિ થશે. તેથી હે રાજન્! તમે તમારા પુત્રોની માફક જ પાંડુ રાજાના પુત્રો તરફ પણ એકસરખી દૃષ્ટિ રાખીને જ વર્તો. કારણ કે આ દુનિયામાં કોઈ સહવાસ અધિક સમીપ રહેતો જ નથી. પોતાના શરીર સાથે પણ નહિ. જીવમાત્ર એકલો જ જન્મે છે અને એકલો જ મૃત્યુ પામે છે તથા બધાં પાપપુણ્યનાં ફળ પણ એણે એકલાએ જ ભોગવવાના રહે છે. આપ તો વિદ્વાન છો, અનુભવથી પણ જોયું હશે કે અલ્પ બુદ્ધિવાળા મનુષ્યોએ અધર્મથી એકઠું કરેલું ધન તેમના મૃત્યુ બાદ બીજાં સગાંવહાલાંઓ, પુત્રો ખોટાં બહાનાઓ કાઢી લૂંટી જાય છે અને જેમને પોતાનાં માનીને અધર્મથી પોષેલાં હોય છે તેઓને તે અસંતુષ્ટ સ્થિતિમાં જ છોડીને ચાલ્યા જવું પડે છે. તેથી તમે પણ સમર્થ છો અને આ પ્રમાણે સમજી મનબુદ્ધિને વશ કરીને સમાન ભાવ સ્થાપો તે ઇચ્છનીય છે.'

ત્યારે રાજા ધૃતરાષ્ટ્રે કહ્યું : હે અક્રૂર! આપના મુખેથી મારા કલ્યાણની વાણી સાંભળી મને સાંભળ્યા જ કરું એમ થાય છે અને હું તૃપ્ત થતો નથી તેમ છતાં તમારાં આ સત્ય પણ પ્રિય ભાષણ - વચનોથી પુત્ર પરત્વેના સ્નેહને કારણે વિષમ બનેલા મારા હૃદયમાં સ્થિર થઈ શકતી નથી. જગતના કલ્યાણ અર્થે અવતાર ધારણ કરેલા યદુપતિ શ્રીકૃષ્ણની માયાને કયો પુરુષ ઓળંગી શકે તેમ છે? અને એ જ માયાનો માર્ગ તો ચિંતન ન કરી શકાય તેવો છે. ભગવાન પોતે પણ એ માયા થકી જ આ સંસાર ઊભો કરીને તેમાં પ્રવેશ કરે છે તથા કર્મો કરી કર્મફળો પામે છે. હું તેવા પરમ સામર્થ્યવાન પરમાત્માને વંદન કરું છું.

શ્રી શુકદેવમુનિએ કહ્યું : હે પરીક્ષિત! એ રીતે ધૃતરાષ્ટ્ર રાજાનો સંદેશો અને મત જાણી લઈને અક્રૂરજી સર્વ સંબંધીઓને મળી તેમની આજ્ઞા લઈને મથુરા પાછા પધાર્યા અને ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા મુજબ પોતાને સોંપવામાં આવેલા કામરૂપે પોતે પાંડવોની સ્થિતિનું અને ધૃતરાષ્ટ્ર રાજાનું

તેમના પ્રત્યેના વર્તનની જે જાતમાહિતી લાવ્યા હતા તેનું વર્ણન બલરામજી તથા શ્રીકૃષ્ણ ભગવાન આગળ કહી સંભળાવ્યું.

ત્યાર બાદ અક્રૂરજીએ માતા કુંતીને સંદેશો કહી સંભળાવ્યો. તેના દુઃખની, અંતરની વ્યથાની કથા વિસ્તારથી કહી સંભળાવી. કુંતીના સાચા હૃદયની વિનવણીથી ભગવાન કૃષ્ણ પીગળી ગયા. બલરામ ક્રોધથી તમતમી ગયા. પરંતુ શ્રીકૃષ્ણે તેમને શાંત પાડ્યા અને તેમને સમજાવતાં કહ્યું : 'હે દાઉ! તમે ક્રોધને ત્યજી દો. જે જે ક્ષણે જે જે થવાનું છે તે થતું જ રહેશે.'

શ્રીકૃષ્ણના હોઠ પર ભુવનમોહન(મધુર સ્મિત) સ્મિત રમતું હતું. એ અંતર્યામી જ જાણતા હતા કે હવે પછીના ભારતવર્ષના ઈતિહાસમાં પોતે શું ભાગ ભજવવાના હતા, પાંડવો શું ભાગ ભજવવાના હતા અને કૌરવો શું ભજવવાના હતા!

## ૩૫. શ્રીકૃષ્ણનું દ્વારકાગમન

કંસ મરણ પામ્યો એટલે એની બે રાણી અસ્તિ અને પ્રાપ્તિ પિતા જરાસંધને ઘરે ચાલી ગઈ અને પિતાને કંસ વધની વાત કરી આ સાંભળી જરાસંધ શોક અને ક્રોધથી તમતમી ઊઠ્યો. તેણે પૃથ્વીને યાદવ વિનાની કરવા ત્રેવીસ અક્ષૌહિણી સેના લઈ યાદવોની રાજધાની મથુરા પર આક્રમણ કર્યું. મથુરાને એણે ચારે તરફથી ઘેરી લીધી. પૃથ્વીનો ભાર ઉતારવા આવેલા ભગવાન શ્રીકૃષ્ણ જરાસંધના સૈન્યથી ઘેરાયેલી મથુરાને ભયથી વ્યાકુળ જોઈ યુદ્ધ માટે તૈયાર થયા તે વખતે સૂર્ય જેવા તેજવાળા બે રથ આકાશમાંથી આવ્યા. તેમાં સારથિઓ સહલડાયક સામગ્રી અને દિવ્ય આયુધોથી ભરપૂર હતાં. તે જોઈ શ્રીકૃષ્ણે બલરામને કહ્યું: 'હે દાઉ, તમારે માટે આ રથ આવેલા છે. તેમાં બેસી આ સૈન્યનો સંહાર કરો અને સંબંધીઓને સંકટમાંથી બચાવો. આપણા બંનેનો જન્મ સત્પુરુષોને સુખ કરનાર છે. તેથી આ સૈન્યનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતારો.'

શ્રીકૃષ્ણ અને બલરામે કવચ પહેરી, રથ ઉપર બેસી હથિયારો સાથે થોડી સેના લઈને નગરની બહાર નીકળી શંખ વગાડ્યો, એટલે શત્રુ સૈનિકોના હૃદયમાં અત્યંત ત્રાસ થયો. મગધરાજ જરાસંધ તે બંનેને જોઈને બોલ્યા : 'હે કૃષ્ણ! તું બાળક છે, વળી એકલો છે. માટે તારી સાથે હું લડવા ઈચ્છતો નથી. હું બલરામ સાથે યુદ્ધ કરીશ.

જરાસંધે તે બંને સામે ધસી જઈ મહાબળવાન મોટી સેનાથી તેઓ બંનેને ઘેરી લીધા. દેવો અને અસુરોએ પૂજેલા ઉત્તમ શારંગ ધનુષ્યનો શ્રીકૃષ્ણે ટંકાર કર્યો અને ભાથામાંથી બાણો કાઢી અનેક બાણો છોડી શત્રુઓનો નાશ કરવા માંડ્યો. વળી અમાપ તેજવાળા બલરામે લોહીની સેંકડો નદીઓ વહાવી દીધી. આમ બંને ભાઈઓએ તેનો નાશ કર્યો. નાશ પામેલા સૈન્યવાળા ફક્ત પ્રાણથી જ બાકી રહેલા અને રથરહિત થયેલા જરાસંધને પકડ્યો અને વરુણપાશથી બાંધવા માંડ્યો. પણ શ્રીકૃષ્ણે બલરામને અટકાવ્યા અને પછી જરાસંધને છોડી મૂક્યો. જરાસંધે શરમાઈને તપ કરવાનો સંકલ્પ કર્યો પણ રસ્તામાં અન્ય રાજાઓએ લૌકિક નીતિવાક્યો કહીને અટકાવ્યો. ભગવાન શ્રીકૃષ્ણે જતો કરેલો તે બૃહદ્રથનો પુત્ર જરાસંધ ઉદાસ થઈ મગધદેશ ગયો. દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. તેમને અનુમોદન આપતાં શ્રીકૃષ્ણ-બલરામ મથુરા ગયા. શોકમુક્ત અને ભયરહિત આનંદિત થયેલા મથુરાના લોકો

તેમનો વિજય ગાવા લાગ્યા. શ્રીકૃષ્ણે નગરપ્રવેશ કર્યો કે તરત શંખો, દુંદુભિ, વાંસળી, વીણા, મૃદંગો તથા અન્ય અનેક વાદ્યો વાગી રહ્યાં. રસ્તાઓ પર જળ છંટકાવ કરી પતાકાઓથી શણગારાયેલું શહેર ભવ્ય લાગતું હતું. શહેરની સ્ત્રીઓએ પુષ્પો, અક્ષત, દહીં અને જવારા વડે બંને ભાઈઓને વધાવ્યા. શ્રીકૃષ્ણે વીર પુરુષોને ભૂષણરૂપ રણભૂમિનું અઢળક ધન જે સાથે લાવ્યા હતા તે બધું યદુરાજા ઉગ્રસેનને અર્પણ કર્યું.

મગધરાજ જરાસંધ પહેલાંના જેટલી જ અક્ષૌહિણી સેના લાવીને સત્તર વખત શ્રીકૃષ્ણ સાથે લડ્યો પણ હારતો રહ્યો.

ભવિષ્યમાં અઢારમું યુદ્ધ થવાનું હતું. તેટલામાં નારદમુનિએ મોકલાવેલ વીર કાળયવન યાદવોને દેખાયો. કાળયવને ત્રણ કરોડ મ્લેચ્છ યોદ્ધાઓ સાથે આવી મથુરાને ઘેરો ઘાલ્યો હતો. શ્રીકૃષ્ણ અને બલદેવજી એ કાળયવનને જોઈને વિચાર કરવા લાગ્યા : 'અહો! યાદવો પર બંને બાજુથી મહાસંકટ આવ્યું છે. મહાબળવાન યવનો આપણને ઘેરી વળ્યા છે અને હવે થોડા દિવસમાં જરાસંધ પણ આવશે. આપણે બંને આ યવન સાથે લડીશું. તેટલામાં જો જરાસંધ આવી પડે તો આપણા બંધુઓનો નાશ કરશે. અથવા પોતાના નગરમાં લઈ જશે. માટે આપણે હમણાં જ માનવીથી પેસી ન શકાય એવો કિલ્લો કરી તેમાં આપણા જ્ઞાતિજનોને રાખી આ યવનનો નાશ કરાવીએ.

આમ વિચાર કરી ભગવાન શ્રીકૃષ્ણે વિશ્વકર્મા પાસે સમુદ્રની વચ્ચે બાર યોજન ઘેરાવાવાળો એક કિલ્લો તૈયાર કરાવ્યો. તેની વચ્ચે આશ્ચર્યોથી યુક્ત એક શહેર રચાવ્યું. તેનું નામ દ્વારકા. આ શહેરમાં વિશ્વકર્માએ પોતાના જ્ઞાનની કળાકૌશલ્યતા દર્શાવી હતી. નગરની રચનામાં-રાજમાર્ગો, બજારો, ઉદ્યાનો, મકાનો, ઈત્યાદિની વ્યવસ્થિત બાંધણી હતી. બાગ-બગીચા, દેવતાઈ વૃક્ષો તથા લતાઓથી શોભતા હતા. સુવર્ણનાં શિખરોવાળા સ્ફટિક મણિની અટારી અને આકાશને આંબતા દરવાજા હતા. અશ્વશાળા, અન્નશાળા, દેવમંદિરો ઈત્યાદિ સુવર્ણનાં શિખરોવાળાં હતાં. દરેક ઘરને મજલાઓ હતા. ઈન્દ્રે શ્રીહરિ માટે સુધર્મા નામની દિવ્ય સભા તથા પારિજાતક નામનું દેવતાઈ વૃક્ષ મોકલ્યું હતું. તેથી ત્યાં વસતા મનુષ્યોને ભૂખ-તરસ લાગતાં ન હતાં. લોકપાલ કુબેરે પોતાના ઐશ્વર્યરૂપ આઠ ખજાના ત્યાં મોકલ્યા હતા. શ્રીહરિ યોગના પ્રભાવથી સઘળા મનુષ્યોને તે નગરીમાં લઈ ગયા. પ્રજાપાલક બલરામ સાથે મંત્રણા કરી શ્રીકૃષ્ણ કોઈ હથિયાર વિના નગરની બહાર નીકળ્યા અને કાળયવન જુએ તેમ ભાગવા લાગ્યા.

શ્રીકૃષ્ણને મથુરામાંથી નીકળેલા જોઈ કાળયવન નારદે કીધેલાં લક્ષણો ઉપરથી 'આ જ વાસુદેવનો પુત્ર કૃષ્ણ હોવો જોઈએ.' આમ નિશ્ચય કરી નાસતા શ્રીકૃષ્ણ પાછળ તેમને પકડવા દોડ્યો. શ્રીકૃષ્ણ જાણે એના હાથમાં આવી જ જશે એવી રીતે દેખાડતા એ યવનરાજને દૂર એક પર્વતની ગુફા તરફ લઈ જવા લાગ્યા.

યવને કહ્યું, 'યદુકુળમાં જન્મેલા તને આમ નાસવું યોગ્ય નથી.' આમ કહેતો તે શ્રીકૃષ્ણની પાછળ દોડ્યો પણ તે યવન શ્રીકૃષ્ણની પાસે પહોંચી શક્યો નહિ. ભગવાન શ્રીકૃષ્ણ તેની દરકાર કર્યા વિના પર્વતની ગુફામાં પેસી ગયા. એ યવન પણ ગુફામાં પેઠો. ત્યાં તેણે શ્રીકૃષ્ણને સૂતેલા માની ત્યાં સૂતેલા

મનુષ્યને કૃષ્ણ માની લાત મારી. એટલે ત્યાં સૂતેલા તે પુરુષને લાત વાગવાથી જાગી ગયો. તે પુરુષ આંખો ઉઘાડી આમતેમ જોવા લાગ્યો તો સામે ઊભેલા કાળયવનને તેણે જોયો. ક્રોધાયમાન થયેલા તે પુરુષની નજર પડતાં તેની આંખોમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે ક્ષણવારમાં કાળયવન બળીને ભસ્મ થઈ ગયો.

એ પુરુષ ઇક્ષ્વાકુ કુળમાં જન્મેલ માંધાતારાજાનો પુત્ર 'મુચુકુંદ' નામનો પ્રખ્યાત, બ્રાહ્મણોનો ભક્ત અને સત્ય પ્રતિજ્ઞાવાળો હતો. અસુરોથી ત્રાસ પામેલા ઇન્દ્રે, દેવગણોએ તેમનું રક્ષણ કરવા તે મુચુકુંદરાજાની સહાય માગી હતી. તેણે ઘણા લાંબા સમય સુધી તેઓની રક્ષા કરી હતી. ત્યાર બાદ કાર્તિકસ્વામીને મેળવ્યા પછી દેવોએ મુચુકુંદને વિરામ કરવા કહ્યું. દેવોએ કહ્યું, 'અમારી પાસેથી મોક્ષ વિના અન્ય વર માગો.' પરિશ્રમથી થાકેલા મુચુકુંદરાજાએ તેઓને વંદન કરી તેમની પાસે ફક્ત નિદ્રા જ માગી અને કહ્યું, 'હે ઉત્તમ દેવો! મારી નિદ્રાનો જે ભંગ કરે તે તત્કાળ બળીને ભસ્મ થાય.'

દેવોએ 'તથાસ્તુ' કહ્યું અને મુચુકુંદ ગુફામાં પેસી સૂઈ ગયો. દેવોએ આપેલા આ વરદાનથી કાળયવન ભસ્મ થયો. એટલે ભગવાન શ્રીકૃષ્ણે મુચુકુંદને પોતાનાં દર્શન આપ્યા. પછી પોતાની ઓળખ આપી વરદાન માગવા કહ્યું.

હે પ્રભુ! આપની પાસે હું આપના ચરણની સેવા વિના બીજું કંઈ ઇચ્છતો નથી.

શ્રી ભગવાન બોલ્યા : હે રાજા! તમને મારામાં નિત્ય અવિનાશી ભક્તિ રહો. હવે પછીના જન્મમાં સર્વ પ્રાણીઓના પરમ મિત્ર ઉત્તમ બ્રાહ્મણ બની અખંડ પરમાત્મા સ્વરૂપ મને પામશો.'

શ્રીકૃષ્ણની કૃપા મેળવી મુચુકુંદ ગુફાની બહાર નીકળ્યો. મનુષ્યો, પશુઓ, વનસ્પતિઓનાં પ્રમાણ ટૂંકાં થયેલાં જોયાં તે પરથી કળિયુગ આવી ગયો એમ જાણી તે ઉત્તર દિશામાં ગયો. ત્યાં એ બદરિકાશ્રમમાં જઈ ઠંડી-ગરમી સહી, શાંત થઈ, તપથી શ્રીહરિનું આરાધન કરવા લાગ્યો.

હવે શ્રીકૃષ્ણે યવનોએ ઘેરેલી મથુરાનગરીથી પાછા આવી મ્લેચ્છોના સૈન્યનો નાશ કર્યો. તેમનું ધન દ્વારકા લઈ જવા માંડ્યું. ત્રેવીસ અક્ષૌહિણીઓ લઈ જરાસંધ મથુરા પર ચડી આવ્યો. તે જોઈ શ્રીકૃષ્ણ અને બલરામજી એકદમ ધન પડતું મૂકી ત્યાંથી નાઠા. બંને ભયને લીધે નહિ પણ બીકણ હોય એવા ઢંગથી નાઠા. જરાસંધ તે જોઈ ખૂબ હસવા લાગ્યો. મહાસમર્થ એવા બંનેનું બળ-માપ નહીં જાણતો તે તેમની પાછળ દોડ્યો. શ્રીકૃષ્ણ અને બલરામજી પ્રવર્ષણ નામના ઊંચા પર્વત ચડી ગયા. જરાસંધે ખૂબ તપાસ કરી પણ શ્રીકૃષ્ણ-બલરામજીને શોધી શક્યો નહિ. તેથી પર્વતની ચારે બાજુ લાકડાં ગોઠવી પર્વતને બાળી મૂક્યો. આ બળતા કિનારાવાળા ને અગિયાર યોજન ઊંચા તે પર્વત પરથી શ્રીકૃષ્ણ-બલરામજી ખૂબ બળથી કૂદ્યા અને પોતાની નગરી દ્વારકામાં પાછા જઈ પહોંચ્યા. જરાસંધે માની લીધું કે શ્રીકૃષ્ણ-બલરામજી અહીં બળી ગયા હશે. તેથી તે પણ પોતાના સૈન્યને લઈને મગધદેશ ગયો. રૈવત રાજાએ રેવતી નામની કન્યા બલરામને આપી હતી. ભગવાન શ્રીકૃષ્ણ પણ લક્ષ્મીદેવીના અંશરૂપ ભીષ્મકરાજાની પુત્રી રુક્મિણીનું હરણ કરી તેને પરણ્યા.

## ૩૬. પ્રદ્યુમ્ન દ્વારા શંબરાસુરનો વધ

મહાદેવના ક્રોધથી કામદેવ બળી ગયો હતો તે ફરી શ્રીકૃષ્ણ ભગવાનને ત્યાં રુક્મિણીના પેટે

પ્રદ્યુમ્ન નામે જન્મ્યો. તે સર્વ વાતે પિતા જેવો થયો હતો. ઇચ્છિત રૂપ ધરનાર શંબરાસુરે પ્રદ્યુમ્નને પોતાનો શત્રુ જાણી તે જ્યારે દશ દિવસનો પણ થયો ન હતો, તેટલામાં તેને હરી સમુદ્રમાં ફેંકી દીધો. પ્રદ્યુમ્નને કોઈ મોટું માછલું ગળી ગયું. માછીમારોએ નાખેલી જાળમાં બધાં માછલાંની સાથે તે મોટું માછલું પણ પકડાઈ ગયું. માછીમારોએ તે મોટા માછલાને શંબરાસુરને જ ભેટ તરીકે આપ્યું. રસોઇયાને એ માછલાને જોઈ આશ્ચર્ય થયું. તેને છરી વડે ચીર્યું. માછલાના પેટમાં બાળકને જોયું. તેઓએ માયાવતી નામની શંબરાસુરની દાસીને સોંપ્યું. માયાવતીને મનમાં થયું આ બાળક કોણ હશે? એટલામાં ત્યાં નારદજીએ આવી તેની ઉત્પત્તિ વિશે બધી જ વાત કહી અને કહ્યું: 'આ કામદેવ જ છે!' આ ગુપ્ત વાત માયાવતીને જણાવી. માયાવતી બીજી કોઈ નહીં પણ કામદેવની યશસ્વિની પત્ની રતિ જ હતી. જે પૂર્વમાં શંકર ભગવાનના ક્રોધથી બળી ગયેલાં પતિના શરીરની ફરી ઉત્પત્તિની રાહ જોતી હતી. શંબરાસુરે તેને રસોડામાં નીમી હતી. તેને એ બાળકને કામદેવ જાણી તેના ઉપર સ્નેહ કરવા લાગી. એટલે પ્રદ્યુમ્ને તેને કહ્યું : 'હે માતા! તમારી બુદ્ધિ વિપરીત છે. તમે માતૃભાવ છોડી સ્ત્રીની પેઠે કેમ વર્તો છો?'

રતિ બોલી : 'તમે નારાયણ શ્રીકૃષ્ણના પુત્ર છો. શંબરાસુરે તમારું હરણ કર્યું છે. હું રતિ અને તમે કામદેવ છો. તમે દશ દિવસના થયા ન હતા તેટલામાં શંબરાસુરે તમને સમુદ્રમાં ફેંકી દીધા હતા. ત્યાં એક માછલું ગળી ગયું હતું. માછીમારોના હાથમાં એ માછલું આવતાં તે માછલાના પેટમાંથી તમે નીકળ્યા છો અને મને મળ્યા છો. હવે તમે સેંકડો માયા જાણનારા અને પરાજય ન કરી શકાય તેવા પોતાના આ દુર્જય શત્રુ શંબરાસુરનો માયાઓથી નાશ કરો. તમારી માતા રુક્મિણી સંતાનરહિત થઈ વ્યાકુળ થઈ શોક કરે છે.' એમ કહી માયાવતી રતિએ પ્રદ્યુમ્નને સર્વ માયાનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા આપી.

પ્રદ્યુમ્ને યુદ્ધ માટે શંબરાસુરને લલકાર્યો. શંબરાસુરે ખૂબ આવેગથી ગદા ફેરવી પ્રદ્યુમ્ન ઉપર ફેંકી. ગદાને આવતી જોઈ પ્રદ્યુમ્ને ગદાને ગદાથી દૂર કરી ક્રોધાયમાન થઈ પોતાની ગદા શત્રુ પર ફેંકી. શંબરાસુર મયદાનવે બતાવેલી દાનવી માયાનો આશ્રય કરી આકાશમાં રહી પ્રદ્યુમ્ન ઉપર અસ્ત્રોનો વરસાદ વરસાવવા લાગ્યો. પ્રદ્યુમ્ને માયાઓનો નાશ કરનારી સત્ત્વ ગુણમયી મહાવિદ્યાનો પ્રયોગ કર્યો અને બળથી તીક્ષ્ણ તલવાર ઊંચી કરી શંબરાસુરનું મસ્તક તેના ધડથી જુદું કર્યું. તે વખતે આકાશમાંથી દેવોએ પ્રદ્યુમ્ન ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને આકાશમાં જનારી તેમની માયાવતી સ્ત્રી રતિ આકાશમાર્ગે તેમને દ્વારકા લઈ ગઈ. પ્રદ્યુમ્ને આકાશમાર્ગે અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પ્રદ્યુમ્નને જોતાં જ રુક્મિણી વિચારવા લાગી કે આ મારો ખોવાયેલો પુત્ર લાગે છે. રુક્મિણી એમ વિચાર કરતી હતી એટલામાં દેવકી-વસુદેવ સાથે શ્રીકૃષ્ણ પધાર્યા. ભગવાન શ્રીકૃષ્ણ બધું જ જાણતા હોવા છતાં શાંત રહ્યા. એટલામાં નારદજી આવ્યા અને શંબરાસુરે પ્રદ્યુમ્નને હર્યો હતો તે સઘળો વૃત્તાંત કહ્યો એ સાંભળી અંતઃપુરની સ્ત્રીઓ પ્રદ્યુમ્નને જોઈ અભિનંદન આપવા લાગી. તેમજ દેવકી, વસુદેવ, શ્રીકૃષ્ણ, બલરામ, રુક્મિણી અને બીજી સ્ત્રીઓ તે દંપતીને ભેટીને આનંદ પામ્યાં.

## ૩૭. જાંબવતી અને સત્યભામા સાથે શ્રીકૃષ્ણનો વિવાહ

સૂર્યદેવ ભક્ત સત્રાજિતના પરમ મિત્ર થયા હતા. તે સૂર્યદેવે પ્રસન્ન થઈ સત્રાજિતને સ્યમંતક

નામનો મણિ આપ્યો હતો. તે મણિ ગળામાં પહેરી સૂર્યની પેઠે પ્રકાશતો સત્રાજિત દ્વારકામાં ગયો. તેના તેજથી અંજાયેલી દૃષ્ટિવાળા લોકોએ શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું : 'હે નારાયણ, સૂર્યદેવ આપના દર્શન કરવાની ઈચ્છાથી આવે છે.'

શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા અને કહ્યું : 'આ સૂર્યદેવ નથી. આ તો મણિથી પ્રકાશતો સત્રાજિત છે.' સત્રાજિત પોતાના ઘરે ગયો અને દેવ મંદિરમાં બ્રાહ્મણો પાસે તે મણિની પ્રતિષ્ઠા કરાવી. તે મણિ દરરોજ આઠભાર સોનું આપતો. જ્યાં તેની પૂજા થતી ત્યાં દુકાળ, મરકી, અમંગળો, સર્પો, માનસિક પીડા, શારીરિક પીડા, અશુભો કે માયાવીઓ રહી શકતાં ન હતાં. એક વખતે તે મણિ યદુરાજ ઉગ્રસેન માટે શ્રીકૃષ્ણે માગ્યો, પણ ધનના લાલચુ સત્રાજિતે મણિ આપ્યો નહિ. ત્યાર પછી સત્રાજિતનો ભાઈ પ્રસેન તે તેજસ્વી મણિ પહેરીને વનમાં મૃગયા કરવા ગયો. ત્યાં કેસરીસિંહે પ્રસેનને ઘોડા સાથે મારી નાખ્યો. તે સિંહ પહાડમાં પેઠો. પહાડમાં જાંબવાને મણિની ઈચ્છાથી સિંહને મારી નાખ્યો અને તેણે મણિને બાળકનાં રમકડાં તરીકે રાખ્યો.

બીજી તરફ સત્રાજિત ભાઈને ન જોતાં વિલાપ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે, 'મારો ભાઈ મણિ પહેરીને વનમાં ગયો હતો તેને કૃષ્ણે મારી નાખ્યો છે!' આ વાત લોકો દ્વારા ફેલાઈ. તે વાત કૃષ્ણ ભગવાને સાંભળી. પોતાના પર આવેલા અપયશને દૂર કરવા તેઓ નગરવાસીઓ સાથે પ્રસેનની તપાસ કરવા નીકળ્યા. મરેલા ઘોડાને અને કેસરી સિંહને રીંછ જાંબવાને પર્વતની પીઠ પર મરેલો લોકોએ જોયો. રીંછોના રાજા જાંબવાનની ગુફા ઘોર અંધકારવાળી હતી. તેમાં શ્રીકૃષ્ણ એકલા પેઠા. મણિને બાળક રમકડાંની જેમ રમતો જોઈ ભગવાન ગુફાની અંદર બાળક પાસે ઊભા એટલે બાળકની માતા ભય પામી બૂમો પાડવા લાગી. તે સાંભળી બળવાન જાંબવાન ક્રોધાયમાન થઈ ભગવાન સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેનું બળ ક્ષીણ થયું. અત્યંત આશ્ચર્ય પામી તે બોલ્યો, સર્વના નિયંતા પુરાણપુરુષ વિષ્ણુને હું જાણું છું. આપ મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્ર છો?'

ભગવાને જેણે જાણ્યા હતા તે રીંછોના રાજા ભક્ત જાંબવાનને શ્રીકૃષ્ણ ભગવાને પ્રેમથી કહ્યું: 'હે રીંછોના રાજા! આ મણિને લીધે મારા પર ખોટું આળ આવ્યું છે. તે દૂર કરવા આ મણિ લેવા અમે આ ગુફામાં આવ્યા છીએ!'

એટલે જાંબવાને તેમનો સત્કાર કરવા મણિ સાથે જાંબવતી નામની કન્યા શ્રીકૃષ્ણને હર્ષથી આપી. તેઓ દ્વારકા ગયા. શ્રીકૃષ્ણે સત્રાજિતને સભામાં બોલાવી, ઉગ્રસેન રાજાની સમક્ષ મણિની પ્રાપ્તિ કેવી રીતે થઈ તે કહી, મણિ સત્રાજિતને સોંપી દીધો. સત્રાજિત ઘણો જ શરમાયો. પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો એ ઘેર ગયો. ખૂબ વિચારી નિશ્ચય કર્યો કે સ્ત્રીઓમાં રત્ન જેવી મારી પુત્રી અને આ મણિ હું શ્રીકૃષ્ણને આપું. સત્રાજિતે પોતાની સુંદર પુત્રી તથા મણિ શ્રીકૃષ્ણને આપ્યાં એટલે ભગવાન શીલ, રૂપ, ઉદારતા વગેરે ગુણોવાળી સત્યભામાને વિધિપૂર્વક પરણ્યા. શ્રીકૃષ્ણે સત્રાજિતને કહ્યું : 'અમે તમારો મણિ લઈશું નહિ, તમે સૂર્યદેવના ભક્ત છો, તેથી મણિ તમારી પાસે રાખો. અમે તો ફળ ભોગવનારા છીએ.'

## ૩૮. શ્રીકૃષ્ણે બીજી પાંચ રાણીઓ સાથે વિવાહ કર્યા

પાંડવો માતા કુંતી સાથે લાક્ષાગૃહમાં બળ્યા ન હતા અને વનમાં વિચરતા હતા. શ્રીકૃષ્ણે

ધૃતરાષ્ટ્રને સમજાવી હસ્તિનાપુરની ગાદી યુધિષ્ઠિરને આપવા કહ્યું. પરંતુ એમણે ખાંડવપ્રસ્થ નામનો વનપ્રદેશ પાંડવોને આપ્યો. ત્યાં વિશ્વકર્માની સહાયતાથી શ્રીકૃષ્ણે ઈન્દ્રપ્રસ્થ નગર વસાવી પાંડવોને સમૃદ્ધ રાજ્ય કરાવી આપ્યું. પછી ભગવાન શ્રીકૃષ્ણ સાત્યકિ વગેરે સાથે દ્રુપદરાજાને ત્યાં પાંડવોને મળવા ઈન્દ્રપ્રસ્થ ગયા. ભગવાન શ્રીકૃષ્ણને જોઈને આનંદિત થઈ પાંડવો ઊભા થયા અને શ્રીકૃષ્ણને ભેટ્યા. શ્રીકૃષ્ણે કુંતીજી પાસે જઈ તેમને વંદન કર્યું. પછી બધાં આસનો પર બેઠાં. કુંતીજીએ સગાંસંબંધીઓના કુશળ સમાચાર પૂછ્યા. સામેથી શ્રીકૃષ્ણે પણ સૌના કુશળ સમાચાર પૂછ્યા.

અનેક દુઃખોને યાદ કરતાં કુંતીજી બોલ્યા : 'હે કૃષ્ણ! મારા ભાઈ અક્રૂરજીને અહીંયાં મોકલ્યા તે જ સમયથી અમારું કુશળ થયું છે. આપે અમને સનાથ કર્યાં છે. આપનામાં 'પોતાનો કે પારકો' એવો ભેદ છે જ નહિ, તમે સર્વના હિતેચ્છુ છો.'

યુધિષ્ઠિરે કહ્યું : 'હે અધીશ્વર! અમે કયું પુણ્ય કર્યું હશે કે મોટા યોગીઓને પણ દુર્લભ એવા આપના અમને દર્શન થાય છે.' પછી યુધિષ્ઠિરે ચોમાસાના ચાર માસ રહેવા પ્રાર્થના કરી એટલે ભગવાન શ્રીકૃષ્ણે તેમાં સંમતિ આપી. ત્યાર બાદ અર્જુન અને ભગવાન શ્રીકૃષ્ણ એક દિવસ વનમાં ગયા. વનમાં ફરતાં ફરતાં અર્જુનને તરસ લાગી. તે યમુના નદી પર ગયો. ત્યાં ઠંડુ પાણી પીધું. એટલામાં ત્યાં ખૂબ સુંદર દેખાવવાળી કન્યા જોઈ. એ કન્યા જોઈ શ્રીકૃષ્ણે અર્જુનને તેની તપાસ કરવા મોકલ્યો.

અર્જુન તે કન્યા પાસે ગયો. અને પૂછ્યું : 'હે સુંદરી, તમે કોણ છે?'

કાલિંદી બોલી : 'હું સૂર્યદેવની પુત્રી છું. ભગવાન વિષ્ણુને હું પતિરૂપે મેળવવા કઠોર તપ કરું છું. મારું નામ 'કાલિંદી' છે. આ જળમાં મારા પિતાએ બનાવેલા ઘરમાં હું રહું છું.'

ત્યાં સૂર્યદેવ પ્રગટ થયા અને કાલિંદીને કહ્યું, 'હે પુત્રી! આ શ્રીકૃષ્ણ વિષ્ણુના અવતાર છે. તારું તપ ફળ્યું. તું એમની સાથે વિવાહ કર.' પછી પુત્રીને આશીર્વાદ આપી અંતર્ધ્યાન થઈ ગયા.

યુધિષ્ઠિરને સર્વ હકીકત કહી શ્રીકૃષ્ણે દ્વારકા જવાની રજા માગી. યુધિષ્ઠિરે 'હા' પાડી. શ્રીકૃષ્ણ સાત્યકિ વગેરે સાથે દ્વારકા પાછા ફર્યા. દ્વારકામાં શ્રેષ્ઠ ઋતુમાં, શ્રેષ્ઠ નક્ષત્રમાં, શુભ મુહૂર્તમાં કાલિંદીને પરણ્યા.

પછી હે રાજન્! વિંદ અને અરવિંદ નામના અવંતીના બે રાજાઓએ શ્રીકૃષ્ણમાં આસક્ત થયેલી પોતાની બહેન મિત્રવિંદાને શ્રીકૃષ્ણ સાથે પરણાવતાં અટકાવી હતી. મિત્રવિંદા રાજાધિદેવી નામની શ્રીકૃષ્ણની ફોઈની પુત્રી હતી. તેનું સ્વયંવરમાં શ્રીકૃષ્ણે બધા રાજાઓનાં દેખતાં બળાત્કારે હરણ કર્યું હતું. વળી હે રાજન્! કૌશલ દેશમાં નગ્નજિત નામે અત્યંત ધાર્મિક રાજા હતો. તેને એક તેજસ્વી કન્યા હતી. તેનું નામ 'સત્યા' હતું. બીજું નામ 'નાગ્નજિતી' હતું રાજાઓના બળની કસોટી માટે તીક્ષ્ણ શિંગડાંવાળા કાબૂમાં લેવા અશક્ય, પુરુષોની ગંધને પણ સહન ન કરનારા ઉદ્ધત એવા સાત આખલાઓને જીત્યા વિના કોઈ તે કન્યાને પરણી શકતું ન હતું. ભગવાન શ્રીકૃષ્ણ મોટા સૈન્યને લઈને કૌશલપુર ગયા. ત્યાંના રાજાએ આસન આપી પૂજા સાહિત્યથી શ્રીકૃષ્ણનો આદર-સત્કાર કર્યો. શ્રીકૃષ્ણે પણ સામેથી સત્કાર કર્યો. શ્રીકૃષ્ણને જોઈ નાગ્નજિતી વિચારવા લાગી : 'મેં અનેક વ્રતો કરી જો આ ભગવાનને હૃદયમાં વસાવ્યા હોય તો આ મારા પતિ થાઓ અને મારા મનોરથો સત્ય કરો.

ત્યાર પછી નગ્નજિત રાજા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો : 'હે નારાયણ! હું ક્ષુદ્ર આપનું શું પ્રિય કરું?'

શ્રીકૃષ્ણ બોલ્યા : 'હે રાજન્! પોતાના ધર્મ મુજબ વર્તનારો ક્ષત્રિય કોઈની પાસે માગે, તેને વિદ્વાનો નિંદ્ય ગણે છે, તો પણ હું તમારી કન્યાની માગણી કરું છું.

રાજાએ કહ્યું : 'હે નાથ! અમે પહેલેથી જ કન્યાને ઉત્તમ પુરુષ મેળવવા માટેની પરીક્ષા માટે પ્રતિજ્ઞા કરી છે કે જે વીર પરાક્રમી આ સાત આખલાઓને પલોટી વશમાં કરે તે કન્યાને પરણી શકે. આપ આ આખલાઓને વશ કરી નાથો, તો મારી પુત્રીના વર તરીકે માન્ય થઈ શકો.'

ભગવાન શ્રીકૃષ્ણે કમર કસી. પોતાનાં સાત સ્વરૂપો કરી રમતમાત્રમાં આખલાઓને વશ કર્યાં તે આખલાઓને દોરીથી નાથીને બાળક રમકડાં રમે તેવી રીતે આખલાઓને ખેંચવા લાગ્યા. આ જોઈ નગ્નજિત આશ્ચર્ય પામ્યો. તેણે પ્રસન્ન થઈ પોતાની પુત્રી શ્રીકૃષ્ણને આપી. પછી તે રાજકન્યાને વિધિ પ્રમાણે શ્રીકૃષ્ણ પરણ્યા. નવયુગલને રાજાએ પહેરામણી આપી, દ્વારકા તરફ વળાવ્યાં. પછી શ્રીકૃષ્ણ પોતાની ફોઈ શ્રુતિકીર્તિની પુત્રી ભદ્રાને પરણ્યા. મદ્રદેશના રાજાની પુત્રી લક્ષ્મણાને શ્રીકૃષ્ણે સ્વયંવરમાંથી હરી હતી. ભૌમાસુરનો નાશ કરી તેની કેદમાં સોળ હજાર રાજકન્યાઓ હતી તેને શ્રીકૃષ્ણ પરણ્યા.

ભૌમાસુરે ઇન્દ્રનું છત્ર અને માતા અદિતિના કુંડળો ચોરી લીધા હતા. શ્રીકૃષ્ણે તેને મારીને ઇન્દ્રને છત્ર અને માતા અદિતિને કુંડળો આપી દીધા. એના અંતઃપુરમાં કેદ સોળ હજાર રાજકન્યાઓને શ્રીકૃષ્ણે છોડાવી. તેઓએ શ્રીકૃષ્ણ સાથે વિવાહ કરવાની પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણે માયાથી સર્વ માટે એક મહેલ બનાવી પોતાના એટલા સ્વરૂપ કરી સર્વ સાથે વિવાહ કર્યા.

આમ શ્રીકૃષ્ણની સોળ હજાર એકસો ને આઠ રાણીઓ હતી. તે દરેક રાણીએ દશ-દશ પુત્રોને જન્મ આપ્યો હતો. બધા જ પુત્રો શ્રીકૃષ્ણ સમાન જ હતા. રુક્મિણીના પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, સુદેષ્ણ, ચારુદેહ, સુચારુ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુચંદ્ર, વિચારુ અને ચારુ - આ દશ પુત્રો હતા.

## ૩૯. બલરામે કરેલો રુક્મિનો વધ

રુક્મિને શ્રીકૃષ્ણ સાથે વેર હતું છતાં પોતાની બહેન પર એને ખૂબ જ પ્રેમ હોવાથી રુક્મિએ બહેનને સારું લગાડવા માટે જ ભાણેજ પ્રદ્યુમ્નને પોતાની પુત્રી રુક્માવતી આપી હતી. અને અનિરુદ્ધને રોચના નામની પુત્રની પુત્રી આપી હતી. હે રાજન્! અનિરુદ્ધના વિવાહ ઉત્સવમાં રુક્મિણી, બલરામ, શ્રીકૃષ્ણ, સાંબ, પ્રદ્યુમ્ન વગેરે ગયા હતા. વિવાહ થઈ ગયા પછી અભિમાની રાજાઓએ રુક્મિને કહ્યું: 'તું જુગાર રમીને બલરામને જીતી લે.' રુક્મિએ બલરામજીને બોલાવી પાસાઓથી રમવા લાગ્યો. આમાં રુક્મિ જીતી ગયો. એટલે કલિંગ દેશનો રાજા હસવા લાગ્યો. બલરામજીથી આ સહન ન થયું. એટલે બીજો મોટો દાવ રમ્યા. તેમાં બલરામજી જીત્યા. છતાં કપટ કરી રુક્મિએ કહ્યું, 'હું જીત્યો.' આમ વારંવાર હારજીત થવા લાગી. દરેક વખતે બલરામજી જીતતા પણ રુક્મિ કપટી હતો તેથી 'હું જીત્યો' આમ વારંવાર કહેતો. પાસે બેઠેલાઓને રુક્મિએ કહ્યું : 'તમે બધા જેવું હોય તેવું કહો.' તે વખતે આકાશવાણી થઈ : 'બલરામ જ આ દાવ જીત્યા છે, રુક્મિ જુઠ્ઠું બોલે છે.'

આવી આકાશવાણીની પણ અવગણના કરી રુક્મિ અભિમાની-ઈર્ષાળુ રાજાઓના કહેવાથી બલરામજીની મશ્કરી કરતો કહેવા લાગ્યો : 'જંગલમાં ભટકતા ગોવાળિયા! તમને પાસા રમતાં શું

આવડે? પાસા તો રાજાઓ જ રમવામાં હોશિયાર હોય છે. તમારા જેવા નહિ.' એટલે બલરામજી ક્રોધે ભરાયા. તેમણે ભોગળ લીધી અને ત્યાં જ રુક્મિને મારી નાખ્યો. આ જોઈ બીજા રાજાઓ ત્યાંથી નાસી ગયા. હે રાજન્! એ રીતે સાળો રુક્મિ માર્યો ગયો. તે વખતે શ્રીકૃષ્ણ કાંઈ બોલ્યા નહિ અને શ્રીકૃષ્ણ, રુક્મિણી, બલરામ અને યાદવો તથા નવી પરણેલી વહુ સાથે અનિરુદ્ધને રથમાં બેસાડી દ્વારકા આવી ગયા.

બલિરાજાના સો પુત્રો હતો. એમાં સૌથી મોટો પુત્ર બાણાસુર હતો. તે હંમેશાં સદાશિવની ભક્તિમાં મચ્યો રહેતો. તે લોકોમાં પ્રિય, બુદ્ધિમાન, સત્ય બોલનારો અને દૃઢ વ્રત લેનારો હતો. તે શોણિતપુર નામના નગરમાં રાજ્ય કરતો હતો. તેને હજાર હાથ હતા. તાંડવ નૃત્યમાં અનેક જાતનાં વાજિંત્રો વગાડી તેણે શંકરને પ્રસન્ન કર્યા હતા. શંકર ભગવાને બાણાસુરને વરદાન માગવા કહ્યું, ત્યારે તેણે પોતાની નગરીના રક્ષક તરીકે ભગવાન શંકરને જ માગ્યા. પરાક્રમથી અભિમાની બનેલા અને તેજસ્વી મુકુટ પહેરી, તેણે ભગવાન શંકરના ચરણસ્પર્શ કર્યા અને તેમની પાસે બેસીને કહ્યું: હે મહાદેવ! હે લોકના ગુરુ! હે ઈશ્વર! આપ મનોકામના પૂરી કરનારા કલ્પવૃક્ષ સમાન છો. આપને હું નમસ્કાર કરું છું. આપે મને એક હજાર હાથ આપ્યા પણ એ હાથ મને ભાર જેવા લાગે છે. કારણ કે તમારા સિવાય મારી સામે યુદ્ધ કરનાર ત્રણે લોકમાં મને કોઈ મળતો નથી. આ સાંભળી ભગવાન શંકર ક્રોધે ભરાયા અને બોલ્યા : 'ઓ મૂરખ! જ્યારે તારી ધજા ભાંગી પડે, ત્યારે તારા અભિમાનનો નાશ કરવા મારા જેવા સાથે યુદ્ધ થશે.' આ સાંભળી દુષ્ટ બુદ્ધિવાળો બાણાસુર ખુશ થઈ પોતાને ઘેર ગયો. ભગવાન શંકરે કહ્યું તેવા, પોતાના અભિમાનનો નાશ કરનારા યુદ્ધની રાહ જોવા લાગ્યો. તેને ઉષા નામની એક પુત્રી હતી. તેણે એક દિવસ સ્વપ્નમાં જોયું કે, 'ખૂબ સુંદર અનિરુદ્ધ સાથે મારો સમાગમ થઈ રહ્યો છે.' ખરેખર તો તેણે અનિરુદ્ધને કદી જોયો પણ ન હતો! એની ઊંઘ ઊડી ગઈ. તે એકદમ ઊભી થઈ ગઈ. તે વખતે સખી ચિત્રલેખા ઉષાને પૂછવા લાગી: 'તું કોને શોધે છે? તારી ઈચ્છા શી છે? હે રાજપુત્રી! તને પરણનારને હું જોતી નથી કે જાણતીય નથી.'

ઉષા બોલી : સ્વપ્નમાં મેં એક પુરુષ જોયો. તે શ્યામ રંગનો, કમળ જેવાં નેત્રોવાળો, પીળાં વસ્ત્રોવાળો, લાંબા હાથવાળો, જોતામાં જ ગમી જાય તેવો હતો. એ મારા પતિને હું શોધું છું. તે મને પ્રેમમાં નાખીને ક્યાં જતો રહ્યો?

ચિત્રલેખા બોલી : હું તારી મુશ્કેલી દૂર કરીશ. જેણે તને પ્રેમમાં નાખી છે, તારું મન હર્યું છે તેને તું મને બતાવ. હું લાવી આપીશ. એમ કહી ચિત્રલેખાએ દેવો, ગંધર્વો, સિદ્ધો, દૈત્યો, વિદ્યાધરો, યક્ષો તથા મનુષ્યોનાં ચિત્રો દોર્યાં. મનુષ્યોમાં યાદવોને, શૂરને, વસુદેવને, બળરામને, શ્રીકૃષ્ણને અને પ્રદ્યુમ્ન, અનિરુદ્ધનાં પણ ચિત્રો દોર્યાં. ઉષા અનિરુદ્ધના ચિત્રને જોઈને શરમાઈ ગઈ અને નીચું મુખ રાખી મંદ મંદ હસતી તે બોલી, 'બસ, આ જ છે.'

હે રાજન્! ચિત્રલેખા યોગવિદ્યા જાણતી હતી. તેથી આકાશમાર્ગે દ્વારકા ગઈ. અનિરુદ્ધ પલંગમાં સૂતો હતો. સૂતેલા અનિરુદ્ધને યોગબળથી શોણિતપુર લઈ ગઈ. અનિરુદ્ધને જોઈને ઉષા ખૂબ જ ખુશ થઈ. અનિરુદ્ધને ઉષાએ છુપાવી રાખ્યો. અનિરુદ્ધનો કીમતી વસ્ત્રો, માળાઓ, ચંદન, ધૂપ, દીવાથી સત્કાર કર્યો. જુદી જુદી જાતનાં ભોજન અને મધુર વાણીથી સત્કાર પામતો તે ઉષાના સ્નેહથી બંધાઈ

ગયો. ઉષા અને અનિરુદ્ધ બંને ભોગ ભોગવવા લાગ્યાં. ઉષા ખૂબ પ્રસન્ન રહેતી. બંનેનું બ્રહ્મચર્ય તૂટી ગયું હતું. તેથી ઉષાના શરીરમાં ગર્ભ રહ્યો. ઉષાના શરીરમાં થયેલા ફેરફારને તેના દ્વારપાળો જોઈ ગયા. દ્વારપાળોએ ઉષાનાં જોયેલાં લક્ષણોની વાત છૂપી રહી શકી નહીં. દ્વારપાળોએ બાણાસુર પાસે જઈને કહ્યું : 'હે રાજન્! તમારી પુત્રી કુમારી અવસ્થામાં છે, છતાં કુળને ડાઘ લાગે તેવાં ચિહ્નો અમે આજે જોયાં છે. હે પ્રભો! અમે જરા પણ આમ-તેમ ખસ્યા નથી અને ઘરનું રક્ષણ કરીએ છીએ. છતાં આમ કેવી રીતે થયું તે અમે જાણતા નથી.'

પુત્રીએ ગર્ભ ધારણ કર્યો છે એ વાત સાંભળી બાણાસુર ખૂબ ગભરાયો. તે ઉષા પાસે ગયો, ત્યાં તેણે અનિરુદ્ધને જોયો. અનિરુદ્ધ કામદેવનો પુત્ર હતો, એના જેવો સુંદર દેખાવડો જગતમાં બીજો કોઈ ન હતો. તે ઉષા સાથે પાસાઓથી રમતો હતો. તેને જોઈ બાણાસુર આશ્ચર્ય પામ્યો. હથિયાર સહિત યોદ્ધાઓ અને સૈન્યથી વીંટાઈને અંતઃપુરમાં આવેલા બાણાસુરને જોઈ, અનિરુદ્ધે લોખંડની ભોગળ હાથમાં લીધી. લોખંડની ભોગળ ઉગામી યમની માફક તેને મારી નાખવા ઊભો થયો. તેને પકડવા ચારેય બાજુથી યોદ્ધાઓ ધસી આવ્યા. અનિરુદ્ધે તે યોદ્ધાઓને નાળિયેરની જેમ વધેરવા માંડ્યા. એથી અનિરુદ્ધનો માર ખાતા અધમૂઆ થયેલા તે યોદ્ધાઓ નાસી ગયા. પછી બલિરાજાના બળવાન પુત્ર બાણાસુરે ક્રોધે ભરાઈને પોતાના સૈન્યનો નાશ કરનાર અનિરુદ્ધને નાગપાશથી બાંધ્યો. નાગપાશથી બંધાયેલા અનિરુદ્ધને જોઈને ઉષા શોક અને ખેદથી ખૂબ વિહ્વળ બની ચોધાર આંસુએ રડવા લાગી.

શ્રી શુકદેવજી બોલ્યા : હે રાજન્! દ્વારકામાં અનિરુદ્ધને ન જોતાં તેનાં સગાંવહાલાં શોક કરવા લાગ્યાં. એક દિવસે નારદજી આવ્યા. નારદજીએ અનિરુદ્ધની સઘળી હકીકત કહી. યદુવંશીઓ શોણિતપુર ગયા. બલરામ અને શ્રીકૃષ્ણના પક્ષના પ્રદ્યુમ્ન, સાત્યકિ, ગદ, સાંબ, સારણ, નંદ, ઉપનંદ તથા ભદ્ર વગેરે યાદવો ભેગા થયા. બાર અક્ષૌહિણી સેના લીધી અને બાણાસુરના નગરને ઘેરો ઘાલ્યો. અને શહેર, બાગ-બગીચા, કિલ્લા, કોઠા અને દરવાજા ભાંગવા લાગ્યા. તે જોઈ બાણાસુર ક્રોધે ભરાયો અને યાદવોના જેટલી જ સેના લઈ સામો આવ્યો. અને યુદ્ધ થયું. હે શ્રીહરિરૂપ શ્રીકૃષ્ણ! આ બાણાસુર મારો પ્રિય ભક્ત છે. મેં એને અભયદાન આપ્યું છે, માટે આપે જેવી પ્રહ્લાદ ઉપર કૃપા કરી, તેવી આના ઉપર પણ કૃપા કરો.

શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા : હે ભગવાન શંકર! તમે જેમ કહો છો તેમ અમે તમારી ઇચ્છા પ્રમાણે કરીશું. કારણ કે તમે કરેલા વિચારને મારી સંમતિ છે જ. મેં પ્રહ્લાદને વરદાન આપેલું છે કે તારા વંશનો હું નાશ નહિ કરું. ફક્ત આનું અભિમાન ઉતારવા માટે જ એના હાથ કાપ્યા છે. પૃથ્વી પર ભારરૂપ એના મોટા સૈન્યનો નાશ કર્યો છે. બાણાસુરના હવે ચાર હાથ બાકી રહ્યા છે, તે અજર-અમર થશે, તેમજ આ બાણાસુર તમારા પાર્ષદોમાં મુખ્ય થશે.

બાણાસુરને આમ અભય મળ્યા. તેણે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધને ઉષા સાથે રથમાં બેસાડી શ્રીકૃષ્ણ પાસે હાજર કર્યો. પછી શ્રી શંકરની સંમતિ લઈ શ્રીકૃષ્ણ અક્ષૌહિણી સેના સાથે, સુંદર વસ્ત્રોથી શણગારેલા અનિરુદ્ધ અને પત્ની ઉષાને લઈ પોતાની રાજધાની દ્વારકા ગયા.

શ્રી શુકદેવજી બોલ્યા : હે કુરુશ્રેષ્ઠ! ભગવાન બલરામ પોતાના સંબંધીઓને મળવા નંદના ગોકુળમાં ગયા. ઘણા સમય બાદ મુલાકાત થવાથી ગોવાળિયા અને ગોપીઓ બલરામને વળગી પડ્યાં. ખૂબ ભેટ્યાં. બલરામે માતાપિતા નંદ-યશોદાને વંદન કર્યું. નંદ યશોદાએ તેમને આશીર્વાદથી અભિનંદન આપ્યા અને કહ્યું : 'હે જગતના ઈશ્વર! તમે તમારા નાના ભાઈ સાથે લાંબા કાળ સુધી અમારું રક્ષણ કરજો!' નંદ-યશોદાએ બલરામને પોતાના ખોળામાં બેસાડ્યા. છાતીસરસા લગાવ્યા. તેમની આંખો આનંદથી ભીંજાઈ ગઈ. બલરામજીએ બધાને યથાયોગ્ય વંદન કર્યું. બધા ગોવાળિયા સાથે મળી આનંદ કર્યો. પછી આરામ કરવા બેઠા. વ્રજવાસીઓના પ્રેમને લીધે ગળગળા થઈ બલરામજીએ પોતાના સંબંધીઓના કુશળ સમાચાર પૂછ્યા. એટલે વ્રજવાસીઓ પણ બલરામજીને પૂછવા લાગ્યા : હે રામ! આપણા બધા સંબંધીઓ કુશળ છે ને? તમે હવે પત્ની છોકરાંવાળા થઈ અમને કોઈવાર સંભારો છો? પાપી કંસને માર્યો તે સારું કર્યું. બધા સંબંધીઓને દુઃખમાંથી છોડાવ્યા તે પણ સારું કર્યું. પછી ગોપીઓએ પૂછ્યું : મથુરા નગરીની સ્ત્રીઓને વહાલા શ્રીકૃષ્ણ સુખી છે ને? માતાપિતા નંદ-યશોદાને કદી યાદ કરે છે કે? કોઈ દિવસ માતા યશોદાને મળવા આવશે કે નહિ? શ્રીકૃષ્ણ અમારી સેવા યાદ કરે છે? હે પ્રભુ બલરામ! શ્રીકૃષ્ણ અમારાથી તજાય એવા ન હતા. અમે અમારાં સ્વજનો, માતાનો, પિતાનો, ભાઈઓનો, પતિઓનો, પુત્રોનો તથા બહેનોનો પણ ત્યાગ કર્યો હતો. છતાં શ્રીકૃષ્ણે અમારો એકદમ ત્યાગ કર્યો. અમારો પ્રેમ છોડી નાખી ચાલ્યા ગયા. એ જો ધારત તો તેમને જતાં રોકી શકત. પરંતુ તેમણે કહ્યું કે હું તમારો ઋણી છું. તમારા ઉપકારનો બદલો કદી ચૂકવી શકું એમ નથી. હે બલરામ! અમે ગામડાની ગોવાલણો એમની વાતોમાં ફસાઈ ગઈ. પરંતુ શહેરની સ્ત્રીઓ હોશિયાર હોય છે. તેઓ શ્રીકૃષ્ણની વાતો કેમ સાચી માની લેતી હશે? આમ શ્રીકૃષ્ણને વારંવાર યાદ કરતી ગોપીઓ રડવા લાગી. પછી ભગવાન બલરામજીએ શ્રીકૃષ્ણના શુભ સંદેશા કહ્યા. ગોપીઓને શાંત કરી. ચૈત્ર અને વૈશાખ બે માસ બલરામ ગોપીઓની સાથે રમતા રહ્યા. યમુનાના બાગમાં કમળ ફૂલનો સુગંધી વાયુ વાતો હતો. બલરામ તે વખતે સ્ત્રીઓના ટોળામાં બેસી રમતા હતા. તે વખતે વરુણદેવે વારુણીદેવીને મોકલી. આ વારુણીદેવી તે અમૃત સાથે ઉત્પન્ન થયેલી મદિરા હતી. તે પોતાની ગંધથી આખા વનને સુવાસિત કરતી હતી. મદિરાની ગંધને સૂંઘી બલરામ જતા અને સ્ત્રીઓ સાથે મદિરા પીતા. સ્ત્રીઓ બલરામનાં ચરિત્ર ગીતો ગાતી હતી.

## ૪૦. પૌંડ્રકનો શ્રીકૃષ્ણે કરેલો વધ

બલરામ નંદના વ્રજમાં ગયા હતા ત્યારે કરુંષ દેશના મૂર્ખ રાજા પૌંડ્રકે 'હું વાસુદેવ છું' એમ માની શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલ્યો હતો. મૂર્ખ અને અજ્ઞાનીઓએ એને કહ્યું, 'તમે જગતના પતિ વાસુદેવ ભગવાન અવતર્યા છો.' તે મૂર્ખ પોતાને જ ભગવાન માનતો હતો. તેથી ભગવાન શ્રીકૃષ્ણ પાસે દ્વારકામાં દૂત મોકલ્યો. દૂતે શ્રીકૃષ્ણને સભામાં કહ્યું, અમારા રાજા પૌંડ્રકે કહ્યું છે કે, 'પ્રાણીઓ ઉપર દયા કરવા હું એક જ વાસુદેવ અવતર્યો છું, બીજો કોઈ વાસુદેવ છે જ નહિ. માટે તું 'વાસુદેવ' એવું ખોટું નામ છોડી દે. હે યાદવ! તું મૂર્ખાઈથી શંખ, ચક્ર વગેરે અમારાં ચિહ્નો ધારણ કરે છે તે છોડીને મારે શરણે આવ, નહિ તો મારી સાથે યુદ્ધ કર.'

પૌંડ્રક રાજાની એ બડાઈ સાંભળી સૌ સભાજનો ખડખડાટ હસવા લાગ્યા. પછી ભગવાન શ્રીકૃષ્ણે દૂત સાથે કહેવડાવ્યું કે, 'તું તારા રાજાને કહેજે કે, જે મોંએ તું બડાઈ મારે છે, તે જ મોંને પહોળું કરી તું મરીશ.' શ્રીકૃષ્ણની બધી વાત દૂતે પોતાના રાજાને જણાવી અને શ્રીકૃષ્ણ રથ લઈ કાશીની સામે પહોંચ્યા. પૌંડ્રક રાજા શ્રીકૃષ્ણ આક્રમણ કરવા આવ્યા છે એ જાણી, બે અક્ષૌહિણી સેના લઈ તરત જ નગર બહાર ગયો. તેનો મિત્ર કાશીપતિ પણ મિત્રનું રક્ષણ કરવા પાછળથી ચડી આવ્યો. શ્રીકૃષ્ણે પૌંડ્રકને જોયો તો તે શંખ, ચક્ર, તલવાર, ગદા, શાર્ઙ્ગ ધનુષ્ય બધાં ચિહ્નો સહિત અસલ નકલી વાસુદેવ જેવો જ દેખાતો હતો. બનાવટી વેશધારી પૌંડ્રકને જોઈ શ્રીકૃષ્ણ ખૂબ હસ્યા. તે વખતે શત્રુઓએ ત્રિશૂળો, ગદા, ભોગળો, તલવાર, ભાલા, તોમર વગેરેનો મારો શ્રીહરિ ઉપર ચલાવ્યો. પણ શ્રીકૃષ્ણે પૌંડ્રક રાજાના સૈન્યોનો સંહાર કર્યો. પછી શ્રીકૃષ્ણે પૌંડ્રક રાજાને કહ્યું : 'અલ્યા પૌંડ્રક! તે દૂત સાથે કહેવડાવ્યું હતું તેથી તારા પર અસ્ત્રો છોડું છું.' આમ તિરસ્કાર કરી શ્રીકૃષ્ણે તીક્ષ્ણ બાણો મારી પૌંડ્રકને રથ વિનાનો કરી દીધો. પછી સુદર્શન ચક્ર વડે તેનું મસ્તક કાપી નાખ્યું. તેવી જ રીતે કાશી રાજાનું પણ મસ્તક કાપી નાખ્યું. પછી ભગવાન દ્વારકા ચાલ્યા ગયા.

## ૪૧. બલરામે કરેલો દ્વિવિદ વાનરનો વધ

દ્વિવિદ નામનો એક પરાક્રમી વાનર હતો. તે નરકાસુરનો મિત્ર હતો. દ્વિવિદ સુગ્રીવનો પ્રધાન અને મૈન્દનો ભાઈ હતો. તે પોતાના મિત્ર નરકાસુરની મિત્રતાનો બદલો લેવા, પોતાના મિત્રના દુશ્મન શ્રીકૃષ્ણ રહેતા હતા તે આનર્ત દેશને ખૂબ જ હેરાન કરતો હતો. સમુદ્ર વચ્ચે જઈ પાણીને ઉછાળી કિનારા પરના દેશોને ડુબાડી દેતો. મહર્ષિઓના આશ્રમોનો, વૃક્ષોનો નાશ કરતો. વિષ્ઠા તથા મૂત્રથી યજ્ઞોને અભડાવતો હતો. આમ દ્વિવિદ વાનર રૈવતાચલ પર્વતમાં ગયો. ત્યાં સુંદર કમળોની માળા પહેરેલા યદુપતિ બલરામને તેણે જોયા. પેલો વાનર ઝાડ પર ચડી ઝાડની ડાળીઓ હલાવતો હતો અને ખીખી કરી પોતાનું શરીર બતાવતો હતો. વાનરનું આવું જંગલીપણું જોઈ સ્ત્રીઓ ખૂબ હસવા લાગી. એટલે પેલો વાનર પણ બલરામના દેખતાં તેમની મશ્કરી કરી પોતાની ગુદા બતાવવા લાગ્યો. ઈશારાઓ કરવા લાગ્યો. ત્યારે બલરામે ક્રોધાયમાન થઈ તે વાનરને પથ્થરથી માર્યો. તે વાનર પથ્થરને ચુકાવી દઈ, મદિરાનો કળશ લઈ જઈ બલરામને ગુસ્સો કરાવતો અને હસતો હતો. બલરામજીએ હળ અને મુશળ લીધાં, એટલે દ્વિવિદે પણ સાગનું ઝાડ હાથથી ઉગામી બલરામજી પર ઘા કર્યો. બળવાન બલરામે માથા પર પડતા તે ઝાડને સામેથી ઝીલી લીધું ને તે વાનરને મુશળ માર્યું. મુશળ વાગવાથી તે વાનરના માથાનો ભાગ તૂટી ગયો. તેમાંથી લોહી વહેવા માંડ્યું. તેણે મુશળના મારને ન ગણી ફરી બીજું ઝાડ ઉઠાવ્યું અને ખૂબ આવેગમાં આવી બલરામજીને માર્યું. પરંતુ બલરામજીએ તે ઝાડના સેંકડો ટુકડા કરી નાખ્યા. પછી એ બલરામજી ઉપર પથ્થરો મારવા લાગ્યો. બલરામજીએ તો રમત વારમાં જ પથ્થરોના ભૂકા કર્યા. પછી એ વાનરે પોતાના હાથની મુઠ્ઠીઓ વાળી બલરામજી સામે જઈ તેમની છાતીમાં મારી એટલે બલરામજીએ પણ ગુસ્સે ભરાઈને મુશળ અને હળ મૂકી દીધાં અને મુઠ્ઠીઓથી તેની હાંસડીમાં ઘા કર્યો. તેથી તે વાનર લોહી ઓકતો ધરતી પર પડ્યો અને મૃત્યુ પામ્યો. બલરામ પર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. દેવો, સિદ્ધો, મુનીન્દ્રો જય જયકાર કરવા લાગ્યા. 'સારું થયું, સારું થયું' એમ કહેવા લાગ્યા.

# ૪૨. બલરામે હળની અણીથી હસ્તિનાપુર ખેંચ્યું

'હે રાજન્! જાંબવતીના પુત્ર સાંબે દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને સ્વયંવરમાંથી હરી લીધી. તેથી ક્રોધે ભરાયેલા કૌરવો બોલ્યા : 'આ છોકરો ઉદ્ધત છે, તેણે આપણને ગણકાર્યા વિના બળાત્કારે કન્યાને હરી છે, માટે એને કેદ કરો. યાદવો આપણને શું કરવાના છે?' તેઓ અહીં પુત્રને છોડાવવા ઢીલાઢસ થઈને આવશે.' આમ એકબીજા સાથે નક્કી કર્યા પછી વૃદ્ધ ભીષ્મની સંમતિ લઈ કર્ણ, શલ, ભૂરિ, યજ્ઞકેતુ તથા દુર્યોધન સાંબને કેદ કરવા તૈયાર થયા. મહારથી સાંબ પાછળ દોડતા આવતા કૌરવોને જોઈને ધનુષ્ય લઈને સિંહની જેમ એકલો ઊભો રહ્યો. એટલે કર્ણ અને બીજાઓ ગુસ્સો કરી મોટેથી બોલ્યા, 'ઊભો રહે, ઊભો રહે' એમ કહેતા સાંબ પર બાણો વરસાવવા લાગ્યા. સાંબ એ સહન કરી શક્યો નહિ. તે સુંદર વીરે ધનુષ્યનો ટંકાર કર્યો. દરેકને જુદાં જુદાં બાણ મારી એ છ જણને વીંધી નાખ્યા. એમના રથના ચાર-ચાર ઘોડાઓને વીંધ્યા અને એક-એક બાણથી સારથિઓને વીંધ્યા. આ પરાક્રમથી તે છ યે મહારથીઓએ એનાં વખાણ કર્યાં. પછી સાંબને રથ વિનાનો કર્યો. ચાર જણાએ ચાર ઘોડા મારી નાખ્યા. એક જણે તેના સારથિને મારી નાખ્યો અને એક જણે એનું ધનુષ્ય કાપી નાખ્યું. આમ સાંબને રથ વિનાનો કરી તેને કેદ કર્યો. પછી કૌરવો સાંબ અને તે કન્યાને લઈને પોતાના નગરમાં ગયા.

નારદજીએ આ વાત યાદવોને કરી. તેઓ ખૂબ ગુસ્સે ભરાયા. એમણે ઉગ્રસેનની આજ્ઞાથી કૌરવો સામે ચડાઈની તૈયારી કરી. બલરામજી કૌરવો સાથે ઝઘડો થાય એવું ઇચ્છતા ન હતા. તેથી તેમણે સૌને શાંત પાડ્યા. બલરામજી કુળવૃદ્ધ બ્રાહ્મણોને લઈ હસ્તિનાપુર ગયા અને ત્યાંના બગીચામાં રહ્યા. કૌરવોની ઇચ્છા-અભિપ્રાય જાણવા માટે ઉદ્ધવજીને એમણે ધૃતરાષ્ટ્ર પાસે મોકલ્યા. ઉદ્ધવજીએ સૌને નિયમ મુજબ વિધિસર પ્રણામ કર્યા. પછી ઉદ્ધવજીએ કહ્યું : 'બલરામ આવ્યા છે.' એ સાંભળી કૌરવો ખૂબ ખુશ થયા. પછી ઉદ્ધવજીનો આદર-સત્કાર કર્યો અને સારી શુભ ભેટો લઈને બલરામની સામે ગયા. બલરામને મળી તેમણે અતિથિ-સત્કારરૂપે એક ગાય તેમજ અર્ઘ્ય બલરામજીને અર્પણ કર્યું. પછી એકબીજાના કુશળતાના સમાચાર પૂછ્યા. પછી બલરામે કહ્યું : 'તમે બધાએ ભેગા મળી એકલા સાંબને કેદ કર્યો તે ઠીક નથી. આપણામાં એકતા રહે. એથી મેં સહન કર્યું છે.'

તે સાંભળી કૌરવો ક્રોધાયમાન થયા અને બોલ્યા, 'અહોહો! ખાસડું પણ મુગટની જેમ મસ્તક પર ચડવા ઇચ્છે છે. આ યાદવો કુંતીને લીધે આપણી સાથે સંબંધવાળા થયા છે. આપણી દયાથી જ તેઓ રાજ કરે છે. આ તો સાપને દૂધ પાઈ મોટો કર્યો અને આપણને કરડવા આવે છે.'

અભિમાની અસભ્ય કૌરવોએ બલરામજીને એવાં કઠોર વાક્યો કહ્યાં કે તે સાંભળી બલરામજી સમસમી ઊઠ્યા અને બોલ્યા: 'ખરેખર બધી જ રીતે અભિમાની બની છકી ગયેલા દુષ્ટો શાંતિ ઇચ્છતા જ નથી. તેઓ તો ઢોરની જેમ ધોકાથી સીધા થાય એમ છે. આ અભિમાનીઓએ મારું પણ અપમાન કરી મને વારંવાર ખરાબ વાક્યો કહ્યાં છે. આજે હું પૃથ્વીને કૌરવો વિનાની કરીશ.' આમ ક્રોધાયમાન થઈ બલદેવજી હાથમાં હળ લઈ ઊભા થયા. હળની અણીથી હસ્તિનાપુરને ઉખેડી ગંગામાં ફેંકી દેવા તેઓ તૈયાર થયા અને ક્રોધથી હળની અણીથી હસ્તાનપુરને ખેંચવા લાગ્યા. જેમ પાણીમાં નાવડી ડોલવા માંડે અને ખેંચાય તેમ હસ્તિનાપુર ખેંચાવા માંડ્યું. આ જોઈ કૌરવો ગભરાયા ને જીવ બચાવવા

કુટુંબો સાથે બલરામજીને જ શરણે ગયા. લક્ષ્મણા સાથે સાંબને આગળ રાખી, બે હાથ જોડી બધા બલરામને કહેવા લાગ્યા : હે બલરામ! અમે આપનો પ્રભાવ જાણતા નથી. અમે મૂઢ અને દુષ્ટ બુદ્ધિના છીએ. અમારો અપરાધ માફ કરો. હે સર્વ શક્તિ ધરનાર! આપને અમારા નમસ્કાર હો! અમે આપને શરણે આવ્યા છીએ.

'એમ ભયભીત થયેલ કૌરવો બલરામજીને શરણે આવ્યા. બલરામજી પ્રસન્ન થયા એટલે 'ડરશો નહિ' એમ કહી તેમને ભયથી મુક્ત કર્યા. પછી દુર્યોધને હાથીઓ, ઘોડાઓ, રથો અને દાસીઓને પુત્રીની પહેરામણીમાં આપી. બલરામજીએ તે બધું સ્વીકારી પુત્ર અને પુત્રવધૂને લઈ દ્વારકા તરફ વિદાય થયા. પોતાને ત્યાં આવી, બધા સંબંધીઓને મળી યાદવોની સભા વચ્ચે કૌરવો તરફ જે વર્તન કર્યું તે સઘળું બલરામજીએ કહ્યું. બલરામજીના તે પરાક્રમને દર્શાવતું હસ્તિનાપુર આજે પણ દક્ષિણ તરફથી ઊંચું અને ગંગા તરફ ઢળતું દેખાય છે.

## ૪૩. પ્રત્યેક રાણીઓના ભવનમાં શ્રીકૃષ્ણ

'નરકાસુર મરાયો, તેમજ શ્રીકૃષ્ણે અનેક સ્ત્રીઓ સાથે વિવાહ કર્યો એવું નારદજીએ સાંભળ્યું ત્યારે તેઓ વિચારવા લાગ્યા : શ્રીકૃષ્ણ એક જ અને સોળ હજાર સ્ત્રીઓ? આ તો ખૂબ નવાઈ જેવું છે. આ રહસ્ય જોવાની તમન્નાથી દેવર્ષિ નારદ દ્વારકામાં ગયા. સોળ હજાર સ્ત્રીઓના અલગ-અલગ મહેલો હતા. સૌથી મોટા મહેલમાં નારદજીએ પ્રવેશ કર્યો. એમાં રુક્મિણી સાથે શ્રીકૃષ્ણને નારદજીએ જોયા. નારદજીને આવતા જોયા કે તરત જ શ્રીકૃષ્ણ પલંગ ઉપરથી ઊભા થઈ તેમના ચરણમાં પ્રણામ કરી, આસન પર બેસાડ્યા. પછી શ્રીકૃષ્ણે નારદજીના બંને ચરણ ધોઈ શાસ્ત્ર મુજબ વિધિસર પૂજા કરી. તેમને કહ્યું : 'હે મહર્ષિ! કહો, અમે આપનું કયું કાર્ય કરીએ?

નારદજી બોલ્યા : હે સર્વવ્યાપી પરમાત્મા! હે સમગ્ર લોકોના નાથ! આપ સઘળા મનુષ્યો સાથે મિત્રતા રાખો છો અને દુષ્ટોને શિક્ષા કરો છો. અમે સારી રીતે જાણીએ છીએ કે, આપનો અવતાર જગતના રક્ષણ તથા પાલન સાથે તેના કલ્યાણ માટે પણ છે. હે પ્રભો! આપનું ચરણયુગલ ભક્તજનોને મોક્ષ આપનારું છે અને બ્રહ્માદિ દેવોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય છે. સંસારરૂપી કૂવામાં પડેલાઓને તે બહાર નીકળવામાં આધારરૂપ છે, તેનાં મને આજે દર્શન થયાં. હું કૃતાર્થ છું. આપનું સ્મરણ નિરંતર રહે એવી મારા પર કૃપા કરો જેથી આપનું ધ્યાન કરતો હું ફર્યા કરું.

નારદજીએ શ્રીકૃષ્ણની બીજી પત્નીના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ શ્રીકૃષ્ણને પોતાની પત્ની સાથે રમત રમતા જોયા. ત્યાં પણ શ્રીકૃષ્ણે ભક્તિપૂર્વક ઊભા થઈ આસન આપ્યું. સત્કાર કર્યો. તેમજ જાણે કંઈ જાણતા જ ન હોય તેમ પૂછ્યું : 'આપ ક્યારે પધાર્યા છો? આપનું કયું કાર્ય અમે કરી શકીએ?' આ સાંભળી નારદજી તો આશ્ચર્ય પામ્યા. તેઓ ચૂપચાપ ઊભા થઈ ગયા. ત્યાંથી ત્રીજા મહેલમાં ગયા, ત્યાં પણ શ્રીકૃષ્ણને નાનાં બાળકો રમાડતા જોયા. ત્યાંથી પછી ચોથા મહેલમાં ગયા, તો શ્રીકૃષ્ણને સ્નાન કરવા જવાની તૈયારી કરતા જોયા. ત્યાંથી પાંચમા મહેલમાં ગયા તો એમને મહાયજ્ઞો કરતા જોયા. કોઈ મહેલમાં શ્રીકૃષ્ણ બ્રાહ્મણોને જમાડતા તો કોઈમાં સંધ્યા-ઉપાસના કરતા, કોઈ ઘેર મૌન રહી ગાયત્રી જપ કરતા જોયા. કોઈ મહેલમાં ઢાલ, તલવાર લઈ ઘૂમતા, તો કોઈ મહેલમાં ઘોડા, હાથી, રથ પર બેસી ફરતા શ્રીકૃષ્ણને જોયા. કોઈ મહેલમાં પલંગ પર પોઢેલા, તો કોઈ મહેલમાં ઉદ્ધવ સાથે

વાતચીત કરતા, કોઈ મહેલમાં જળ ક્રીડા કરતા, તો કોઈ મહેલમાં બ્રાહ્મણોને દાન કરતા, તો કોઈમાં ઇતિહાસો, પુરાણો સાંભળતા, તો કોઈમાં પ્રિયા સાથે હાસ્યવિનોદ કરતા જોયા. કોઈ મહેલમાં એકલા બેસી ધ્યાન કરતા, તો કોઈ મહેલમાં બલરામ સાથે સત્પુરુષોના કલ્યાણની વાતો કરતા શ્રીકૃષ્ણને નારદજીએ જોયા. હવે તેઓ થાક્યા. શ્રીકૃષ્ણની યોગમાયાનો વૈભવ જોઈ નારદજી મોં મલકાવી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા : 'હે યોગેશ્વર! આપની લીલા અમે જાણી શકતા નથી. હે દેવ! હવે મને જવાની રજા આપો, એટલે જગતને પવિત્ર કરનારી આપની લીલાનાં ગીતો ગાતોગાતો હું ફર્યા કરું.'

શ્રી ભગવાન બોલ્યા : 'હે મહર્ષિ! હું ધર્મનો વક્તા, કર્તા અને અનુમોદન આપનાર છું. લોકોને શિક્ષણ આપવા માટે જ આ ધર્મનું પાલન કરું છું. નહિ કે વાસ્તવિક રીતો માટે.'

એ રીતે ગૃહસ્થાશ્રમીઓના ઉત્તમ પવિત્ર ધર્મોનું પાલન કરતા એક જ શ્રીકૃષ્ણને દરેક ઘરની અંદર રહેતા નારદજીએ જોયા હતા.

## ૪૪. રાજા યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ

એકવાર શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થમાં પધાર્યા. કુંતી અને પાંડવોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ભોજન પછી બધા વાતો કરવા બેઠાં. ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, 'હે રાજન! તમારે હવે રાજસૂય યજ્ઞ કરવો જોઈએ.

રાજસૂય યજ્ઞ કરવાથી તમારી કલ્યાણકારી કીર્તિ ચોતરફ ફેલાશે. હે રાજન્! આ મહાયજ્ઞ ઋષિઓને, દેવોને, પિતૃઓને, અમને, તમારા સંબંધીઓને તથા બધાં જ પ્રાણીઓને પણ માન્ય છે. માટે સર્વ રાજાઓને જીતી, પૃથ્વીને વશ કરી, યજ્ઞની સર્વ સામગ્રીઓ તૈયાર કરી તમે મહાયજ્ઞ કરો.

ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું સાંભળી આનંદમાં આવી ગયેલા યુધિષ્ઠિરે ખુશ થઈ પોતાના ભાઈઓને દિગ્વિજય માટે મોકલ્યા. સહદેવને સૃંજયો સાથે દક્ષિણ દિશામાં મોકલ્યો. નકુલને મત્સ્યયોદ્ધાઓ સાથે પશ્ચિમ દિશામાં મોકલ્યો. અર્જુનને કેકય યોદ્ધાઓ સાથે ઉત્તર દિશામાં મોકલ્યો અને ભીમસેનને મદ્રયોદ્ધાઓ સાથે પૂર્વ દિશામાં મોકલ્યો. હે રાજન્! તે વીર પાંડવો રાજાઓને જીતીને પુષ્કળ ધન લાવ્યા અને એ ધન યુધિષ્ઠિરને આપ્યું. એમાં જરાસંધ જિતાયો નથી એવું સાંભળી યુધિષ્ઠિર રાજા વિચારમાં પડ્યા.

એટલે શ્રીકૃષ્ણ બોલ્યા, જરાસંધ અજય છે. જરા નામની રાક્ષસીએ એના દેહના બે ટુકડા જોડીને સજીવન કર્યો છે. એનું મૃત્યુ ભીમસેનના હાથે થશે. માટે હું, અર્જુન અને ભીમ એને યુદ્ધ માટે લલકારીએ.

આમ ભીમસેન, અર્જુન અને શ્રીકૃષ્ણ બ્રાહ્મણનો વેશ લઈ જરાસંધને ત્યાં ગયા અને તેની પાસે માગણી કરી, 'હે રાજન્! અમે ખાસ કારણથી આટલે દૂર સુધી આવ્યા છીએ, માટે અમે જે માગીએ તે તું અમને આપ, તારું કલ્યાણ થાઓ.

અવાજ, દેખાવ, હાથનાં કડાં વગેરે નિશાનીઓ જોઈ 'આ કોઈ ક્ષત્રિયો છે અને આમને મેં પહેલાં ક્યાંય જોયા પણ છે.' એમ જાણી જઈને જરાસંધ વિચાર કરવા લાગ્યો : 'ભલે, આ ક્ષત્રિયો છે પણ બ્રાહ્મણના વેશમાં આવ્યા છે માટે તેઓ જો મારો પ્રાણ માગશે તો પણ આપીશ.' આવો મનમાં વિચાર કરી જરાસંધે શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમસેનને કહ્યું, 'હે બ્રાહ્મણો! તમારી જે ઇચ્છા હોય તે માગો.'

'હે રાજેન્દ્ર! અમે ક્ષત્રિયો છીએ. તું અમને દ્વંદ્વયુદ્ધ આપ. અમે યુદ્ધ કરવા માટે જ આવ્યા છીએ.

અમે બ્રાહ્મણો નથી. આ કુંતીપુત્ર ભીમસેન છે, આ અર્જુન છે અને હું તારો શત્રુ કૃષ્ણ છું. એ તું જાણી લે.'

'શ્રીકૃષ્ણનું કહેવું સાંભળી જરાસંધ ખૂબ મોટેથી હસ્યો અને ક્રોધાયમાન થઈ બોલ્યો : 'ઓ મૂર્ખાઓ! હું યુદ્ધ માટે તૈયાર છું. પરંતુ ઓ કૃષ્ણ! તું તો બીકણ છે, તું મારા ભયથી મથુરા છોડી સમુદ્રને શરણે ગયો છે. માટે તારી સાથે યુદ્ધ નહીં કરું. આ અર્જુન મારાથી નાનો છે, બળવાન પણ નથી. એટલે તે મારી સાથે યુદ્ધ કરી શકશે નહિ. પણ આ ભીમસેન મારી સાથે યુદ્ધ કરી શકશે, કારણ કે તે મારા જેવો બળવાન છે.' એમ કહી ગદા લઈ બધા નગરની બહાર ગયા. પછી યુદ્ધક્ષેત્રમાં બંને વીરો સામસામે લડવા લાગ્યા. ગદાઓના વજ્રપાત જેવા કડાકા થવા લાગ્યા. ગદાઓ ભાંગી ગઈ એટલે બંનેએ પોતાના લોખંડના જેવી મજબૂત મુઠ્ઠીથી એકબીજાને મારવા લાગ્યા. આમ દિવસે યુદ્ધ કરતા અને રાત્રે વિશ્રામ કરતા બંનેના સત્તાવીસ દિવસ વીતી ગયા. એક દિવસ ભીમસેને શ્રીકૃષ્ણને કહ્યું : 'હે કૃષ્ણ! જરાસંધને જીતવા હું સમર્થ નથી.'

પછી શ્રીકૃષ્ણે ઉપાય બતાવ્યો. 'જો હું જેમ દાતણ ચીરું, તેમ તું શત્રુને ચીરી નાખજે.' એમ સમજાવી ભીમસેનને શત્રુના નાશનો ઉપાય બતાવ્યો. યુદ્ધ શરૂ થતાં ભીમસેને જરાસંધનો પગ પકડી પૃથ્વી પર પાડ્યો અને પછી એક પગને પોતાના પગથી દબાવી, બીજા પગને ખેંચીને એને ચીરી નાખ્યો. તે જરાસંધનાં બે ફાડિયાં લોકોએ જોયાં. જરાસંધ મરાયો ત્યારે મોટો હાહાકાર થયો. ભીમસેનને ભેટી બંનેએ એનું સન્માન કર્યું. પ્રાણીમાત્રનું રક્ષણ કરનાર અને બુદ્ધિથી જાણી ન શકાય એવા સ્વરૂપવાળા ભગવાન શ્રીકૃષ્ણે જરાસંધના પુત્ર સહદેવનો મગધદેશના રાજા તરીકે અભિષેક કર્યો અને જે રાજાઓને જરાસંધે કેદ કર્યા હતા તેઓને મુક્ત કર્યા.

## ૪૫. શ્રીકૃષ્ણે કરેલો શિશુપાલ વધ

યુધિષ્ઠિર રાજા જરાસંધનો નાશ થવાથી ખૂબ પ્રસન્ન થયા.

ધર્મરાજ યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણની સંમતિથી યોગ્ય સમય આવતાં યજ્ઞના કાર્યમાં નિપુણ વેદપાઠી બ્રાહ્મણોને ઋત્વિજ તરીકે પસંદ કર્યા. વેદવ્યાસ, ભરદ્વાજ, સુમંતુ, ગૌતમ, અસિત, વસિષ્ઠ, ચ્યવન, કણ્વ, મૈત્રેય, કવષ, ત્રિત, વિશ્વામિત્ર, વામદેવ વગેરે બ્રાહ્મણોને એમણે યજ્ઞ માટે પસંદ કર્યા. એમણે ભારતવર્ષના રાજાઓને યજ્ઞમાં આમંત્રિત કર્યા તેમજ દ્રોણાચાર્ય, ભીષ્મ, કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર, વિદૂર વગેરેને આમંત્રણ આપ્યાં. તેઓ બધા યજ્ઞનાં દર્શન કરવાની ઇચ્છાથી ત્યાં આવ્યા. બ્રાહ્મણોએ યજ્ઞની ભૂમિને સોનાના હળથી ખેડી શુદ્ધ કરી, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક યુધિષ્ઠિર રાજાને યજ્ઞદીક્ષા આપી. પછી વિધિપૂર્વક મહારાજ યુધિષ્ઠિર પાસે રાજસૂય યજ્ઞ કરાવ્યો. પછી 'સભાસદોમાં મુખ્ય પૂજાને યોગ્ય કોણ? એ વિશે પિતામહ ભીષ્મને પૂછવામાં આવ્યું. ત્યારે તેઓએ કહ્યું, ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણ શ્રેષ્ઠતાને યોગ્ય છે. કારણ કે શ્રીકૃષ્ણ જ સર્વ દેવો, દેશ, કાળ વગેરે રૂપ છે. વળી જગત આ શ્રીકૃષ્ણનું જ રૂપ છે. સર્વ યજ્ઞો આ શ્રીકૃષ્ણરૂપ જ છે. શ્રીકૃષ્ણનું જ ઉત્તમ પુરુષ તરીકે પૂજન કરો.

બધાએ વાહ, વાહ કરી સંમતિ આપી. રાજા યુધિષ્ઠિરે પ્રથમ શ્રીકૃષ્ણની પૂજા કરી. પૂજા કરતાં કરતાં યુધિષ્ઠિરની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાઈ આવ્યાં. સભાસદો પણ બે હાથ જોડી જયકાર કરતાં

પ્રણામ કરવા લાગ્યા. સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થઈ.

તે વખતે અદેખો-ઈર્ષાળુ શિશુપાલ શ્રીકૃષ્ણનાં ગુણગાન સાંભળી ક્રોધાયમાન થઈ ઊભો થઈ ગયો. અને બોલ્યો, 'હે સભાપતિઓ! કૃષ્ણ મુખ્ય પૂજા માટે માન્ય છે એને યોગ્ય ન માનો. 'એ કૃષ્ણવર્ણ, આશ્રમ અને કુળથી ભ્રષ્ટ છે. બધા ધર્મોથી એ તરછોડાયેલો છે. પોતાની મરજી મુજબ વર્તનારો અને ગુણો વગરનો છે. તે પ્રથમ પૂજાને યોગ્ય કેવી રીતે હોઈ શકે? યાદવોના આ કુળને યયાતિ રાજાએ શાપ આપ્યો છે. આ લૂટારા યાદવો બ્રહ્મર્ષિઓના દેશો છોડી બ્રહ્મતેજ વિના સમુદ્રરૂપી કિલ્લાનો આશરો લઈ પ્રજાને પીડે છે.' ત્યારે પાંડુપુત્રો, મત્સ્યો, કેકયો તથા સૃંજયો ક્રોધાયમાન થઈ શિશુપાલને મારવા હાથમાં હથિયારો લઈ ઊભા થયા. એટલે હે ભરતવંશી રાજન્! શિશુપાલે પણ ગભરાયા વિના શ્રીકૃષ્ણનો પક્ષ લેનારાઓ સામે ઢાલ-તલવાર હાથમાં લીધાં. એટલામાં શ્રીકૃષ્ણ ભગવાને ઊભા થઈ પોતાના પક્ષના માણસોને અટકાવી દીધા અને પોતે જ માસીને વચન આપ્યા પ્રમાણે સો કુવચન પૂરાં થતાં શિશુપાલના મસ્તકને સુદર્શન ચક્રથી ઉડાવી દીધું. શિશુપાલ મરાયો એ વખતે કોલાહલ થયો. શિશુપાલના પક્ષના બધા રાજાઓ ત્યાંથી નાસી ગયા. શિશુપાલના શરીરમાંથી નીકળેલું તેજ સર્વના દેખતાં શ્રીકૃષ્ણમાં સમાહિત ગયું. એમ ત્રણ જન્મોથી વેરભાવની બુદ્ધિથી શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરતો શિશુપાલ છેવટે શ્રીકૃષ્ણમયપણાને પામ્યો. ભાવ એ જ જન્મનું કારણ છે. પછી ચક્રવર્તી રાજા યુધિષ્ઠિરે ઋત્વિજોને અને સદસ્યોને પુષ્કળ દક્ષિણા આપી. વિધિ મુજબ બધાની પૂજા કરી. યજ્ઞને અંતે આવતી વિધિઓ પતાવી. યજ્ઞ પૂર્ણ થયો. પછી યુધિષ્ઠિર રાજાની મરજી ન હોવા છતાં તેમની સંમતિ લઈ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરિવારને લઈ દ્વારકા ગયા.

## ૪૬. મહારાણી દ્રૌપદી દ્વારા દુર્યોધનનું અપમાન

મહાત્મા યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં બધા જ સંબંધીઓ આવ્યા હતા. ભીમસેન રસોડાનો, દુર્યોધન ધનભંડારનો, સહદેવ આવેલાંનો સત્કાર કરવામાં, નકુલ સામગ્રી ભેગી કરવામાં, અર્જુન પૂજ્ય પુરુષોની સેવાના કામમાં, શ્રીકૃષ્ણ પૂજ્ય પુરુષોના પગ ધોવાના કામમાં, દ્રૌપદી પીરસવાના કામમાં અને કર્ણ દાન આપવાના કામમાં હતો. હે રાજેન્દ્ર! સાત્યકિ, વિકર્મ, હાર્દિક્ય, વિદુર વગેરે બીજા પણ મહાયજ્ઞમાં અનેક કામોમાં વ્યસ્ત હતાં. તેઓ બધાં જ યુધિષ્ઠિર રાજાનું કાર્ય સુંદર અને સફળ કરવા લાગ્યાં હતાં. આવેલા સર્વનો મધુરવાણીથી, પૂજ્ય અને દક્ષિણાઓ આપી સારી રીતે સત્કાર કર્યો હતો. શિશુપાલ મરાતા બધાંએ ગંગા નદીમાં અવભૃથસ્નાન કર્યું. પછી યુધિષ્ઠિર રાજાએ નવાં રેશમી વસ્ત્રો પહેરી, ઉત્તમ શણગાર સજી, ઋત્વિજો તથા સદસ્યો તથા બ્રાહ્મણો વગેરેને અલંકારો તથા વસ્ત્રો વડે સત્કાર કર્યો. હે રાજન્! યજ્ઞ મહોત્સવમાં આવેલા બધાય પૂજ્ય સત્કાર પામી, યુધિષ્ઠિર રાજાની સંમતિ લઈ પોતાને સ્થાને ગયા. રાજસૂય યજ્ઞના મહોત્સવનાં વખાણ કરતાં લોકો થાકતા ન હતા. ખૂબ વખાણ થવા લાગ્યાં. પછી રાજા યુધિષ્ઠિરે બધાથી છૂટા પડવાના દુઃખથી સ્નેહીઓ, સંબંધીઓ, કુટુંબીઓ તેમજ શ્રીકૃષ્ણનો ત્યાગ કરવા હિંમત ન હોવાથી તેમને જવા ન દેતાં પ્રેમથી પોતાને ત્યાં રાખ્યા હતા. યુધિષ્ઠિરનું હિત કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં રહ્યા. એક વાર યુધિષ્ઠિરના અંતઃપુરની શોભા તથા રાજસૂય યજ્ઞની મોટી પ્રતિષ્ઠા જોઈ દુર્યોધન મનમાં બળવા

લાગ્યો. મયદાનવે રચેલી અનેક જાતની માયાવી રચનાથી સાથે મોહિત થઈ ગયેલો કુરુરાજા દુર્યોધન બળ્યા કરતો. એક વખત અભિમાની દુર્યોધન મયદાનવની માયાથી સજાવેલ દિવ્ય સભામાં પ્રવેશ્યો. એક જગ્યાએ જળ માની તેણે કપડાં ઊંચાં લીધાં અને ભ્રમણાથી જળમાં સ્થળ માની તેમાં તે પડ્યો. તેને જોઈ દ્રૌપદી હસવા લાગી. તેથી દુર્યોધન શરમાઈને ક્રોધથી નીચું મોં કરી ચૂપચાપ ત્યાંથી નીકળી જઈ હસ્તિનાપુર ચાલ્યો ગયો. યુધિષ્ઠિરનું મન ઉદાસ થઈ ગયું. ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારવા ઇચ્છતા હોવાથી મૌન જ રહ્યા.

શ્રીકૃષ્ણ દ્વારકા આવ્યા ત્યારે યાદવો અને શાલ્વનું યુદ્ધ ચાલતું હતું. એનું નેતૃત્વ પ્રદ્યુમ્ન કરતો હતો. શિવનું વરદાન પામેલો શાલ્વ દ્વારકાને ઘણું નુકસાન કરી રહ્યો હતો. શ્રીકૃષ્ણે આવીને શાલ્વનો, એના મિત્ર દંતવક્ત્રનો અને એના નાના ભાઈ વિદુરથનો વધ કરી દ્વારકાને સુરક્ષિત બનાવી.

કૌરવો-પાંડવો વચ્ચે યુદ્ધની તૈયારી ચાલી રહી હતી. એ સાંભળી બલરામ દ્વારકા છોડી નીકળી પડ્યા. ત્યાં નૈમિષારણ્યમાં મહાયજ્ઞ ચાલી રહ્યો હતો. મહર્ષિ વેદવ્યાસનો શિષ્ય રોમહર્ષણ બેઠો હતો. તે સૂત જાતિનો હતો. બધા બલરામના સ્વાગતમાં ઊભા થયા પરંતુ એ ઊભો ન થયો. એ બ્રહ્માસન પર બેઠો હતો. પરંતુ બલરામને એ ન ગમ્યું અને એમણે એનો વધ કર્યો. બલરામથી અજાણતામાં બ્રાહ્મણનો વધ થવાથી તેઓ પ્રાયશ્ચિત કરવા તીર્થાટન કરતાં અનેક વ્રતો કરવા લાગ્યા.

## ૪૭. શ્રીકૃષ્ણને ત્યાં સુદામાનું આગમન

સુદામા બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો મિત્ર હતો. તે મોટો બ્રહ્મવેત્તા, શાંત હૃદયનો અને સંસારી હતો. પ્રારબ્ધ પ્રમાણે જે કંઈ મળે તેના વડે આજીવિકા ચલાવતો હતો. તે અતિ દરિદ્રતા ભોગવતો હતો. તે દરિદ્ર પતિવ્રતા સ્ત્રીથી દુઃખ સહન ન થતાં એક દિવસ ભયથી ધ્રૂજતી બોલી, 'હે બ્રહ્મન્! યાદવોમાં ઉત્તમ શ્રીકૃષ્ણ ભગવાન આપના મિત્ર છે. તેમની પાસે જાઓ. આપણે દુઃખી છીએ. તમને કંઈક ને કંઈક જરૂર આપશે. તે હમણાં દ્વારકામાં છે.'

'શ્રીકૃષ્ણનાં દર્શન એ જ મોટો લાભ છે.' આવો વિચાર કરી સુદામાએ દ્વારકા જવાનો મનથી નિશ્ચય કર્યો. એણે કહ્યું : 'હે કલ્યાણિ! શ્રીકૃષ્ણને ભેટ અપાય એવું કંઈ આપ.' તે સાંભળી બ્રાહ્મણી ઘરમાં કંઈ ન હોવાથી ચાર મુઠ્ઠી પૌંઆ માગી લાવી તેની પોટલી પતિને આપી. પછી સુદામા દ્વારકા જવા નીકળ્યો. 'મને શ્રીકૃષ્ણનાં દર્શન કેવી રીતે થશે?' એવા વિચારો કરતો તે દ્વારકા પહોંચ્યો. એ બ્રાહ્મણ બીજા બ્રાહ્મણો સાથે ત્યાંનાં શોભાયમાન ઘરો જોઈ આનંદમગ્ન બની ગયો. એને આવતો જોઈ પલંગ પર બેઠેલા ભગવાન શ્રીકૃષ્ણ એકદમ ઊભા થયા અને સામે જઈને હેતથી તેને ભેટી પડ્યા. પછી તેને પલંગ પર બેસાડી ભગવાને એના પગ ધોયા અને આનંદપૂર્વક પૂજન કર્યું. રુક્મિણી ચામર વડે પવન નાખવા લાગ્યાં. શ્રીકૃષ્ણ ભગવાન અને રુક્મિણી તે બ્રાહ્મણની ખૂબ સેવા કરતાં હતાં તે જોઈ ત્યાં રહેલાં બધાં માણસોને આશ્ચર્ય થયું. 'નિર્ધન અને ભિખારી જેવા માણસે એવું કયું પુણ્ય કર્યું હશે કે શ્રીકૃષ્ણે આનું સન્માન કર્યું?' પછી શ્રીકૃષ્ણ અને સુદામાજી એકબીજાના હાથ પકડી સાંદીપનિ ઋષિના આશ્રમમાં રહેતા હતા ત્યારની વાતો કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ બોલ્યા : 'હે મિત્ર! તમે મારે માટે ઘેરથી શી ભેટ લાવ્યા છો?'

એટલે બ્રાહ્મણ સુદામાએ શરમાઈને નીચું મોં કરી દીધું. ભગવાન તો બધાંનાં અંતઃકરણને જુએ

છે, તેથી તેમણે સુદામાના આવવાનું કારણ જાણી મનમાં વિચાર કર્યો કે, 'આ મારો મિત્ર લક્ષ્મીની ઈચ્છાથી આવ્યો નથી, પણ પતિવ્રતા સ્ત્રીના કહેવાથી મારી પાસે આવ્યો છે. માટે હું દેવોની પણ દુર્લભ સંપત્તિઓ એને આપીશ.' સુદામા પાસે ચીંથરે બાંધેલા પૌંઆની પોટલી હતી તે જોઈ કહ્યું, 'આ શું છે?' એમ કહી શ્રી હરિએ પોટલી લઈ લીધી. પોટલી છોડી કહ્યું : 'ઓ મિત્ર! આ તો મને ભાવતી ભેટ તમે લાવ્યા છો, પૌંઆ આખાય જગતના આત્મા એવા મને તૃપ્ત કરશે!' એમ કહી ભગવાને તેમાંથી એક મુઠ્ઠી પૌંઆ ખાધા. પછી બીજી મુઠ્ઠી ભરવા જાય છે, ત્યાં જ રુક્મિણીએ ભગવાનનો હાથ પકડ્યો. અને કહ્યું : 'મિત્રને સમૃદ્ધિ માટે આપને પ્રસન્ન થવા માટે આટલું જ બસ છે.' બાકીના પૌંઆ રુક્મિણીએ લઈ લીધા અને પોતાની સખીઓને વહેંચીને ખાઈ ગયાં. પછી બ્રાહ્મણ સુદામા તે રાત્રે ભગવાનની સાથે જ રહ્યા. પોતે વૈકુંઠમાં પહોંચી ગયા હોય તેવો અનુભવ લીધો. પછી હે તાત! બીજે દિવસે ભગવાન પાસેથી જવાની રજા માગી. ભગવાને ખૂબ આનંદિત થઈ વિદાય આપી. તે વખતે ભગવાને કંઈ જ આપ્યું નહિ અને પોતે શરમાઈને કંઈ માગ્યું નહિ. છતાં શ્રીકૃષ્ણનાં દર્શનથી તે શાંતિ મેળવી શક્યો હતો. તે ઘેર જતાં વિચાર કરતો હતો : 'શ્રીકૃષ્ણનું બ્રાહ્મણો પ્રત્યે નવાઈ પમાડે તેવું પ્રેમાળપણું મેં જોયું! અત્યંત દરિદ્ર જેવા મને જોતાં જ ભેટી પડ્યા! મહાપાપી હું ક્યાં ને લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ક્યાં? અને પોતાની પ્રિયાના પલંગ પર મને બેસાડ્યો. રાણીએ ચામર વડે પવન નાખ્યો, ભગવાને પગચંપી કરી. દેવની પેઠે મારી પૂજા કરી. આમ વિચારતો તે પોતાના ઘર પાસે પહોંચ્યો. ત્યાં જોયું તો મોટો વૈભવશાળી મહેલ. 'આ આવું કેમ બની ગયું?' આમ સુદામા મનમાં વિચાર કરતો હતો. તેટલામાં તેની સ્ત્રી પણ પતિને આવેલા જોઈ એકદમ આનંદિત થઈ આદર કરતી ઘરમાંથી ઝટ બહાર નીકળી. પોતાના પતિનાં દર્શન કર્યાં. એની આંખમાં આનંદનાં આંસુ આવી ગયાં. દેવી જેવી દેખાતી ગળામાં સોનાનાં ઘરેણાં પહેરેલી અને અનેક દાસીઓ સાથે તે પતિને લઈને ઘરમાં દાખલ થઈ. તે ઘર ઈન્દ્રભવન જેવું હતું. સુદામા અહોભાવથી બોલ્યો, 'હે પ્રભુ! એક મુઠ્ઠી પૌંઆમાં તમે મને આટલું બધું આપી દીધું? મારા ગામલોકોને પણ સમૃદ્ધ બનાવી દીધાં!' પ્રભુ પોતાના થોડા જ્ઞાની ભક્તને જાતજાતની સંપત્તિઓ, રાજ્ય કે સ્ત્રી-પુત્રાદિ વૈભવ આપતા નથી, પણ દૃઢ ભક્તિ આપે છે.

બુદ્ધિથી એવો નિશ્ચય કરી શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત સુદામાજી ધીમે ધીમે વિષયોના ત્યાગનો અભ્યાસ કરતાં અનાસક્ત ભાવે વિષયો ભોગવવા લાગ્યા. શ્રીકૃષ્ણના મિત્ર સુદામા એ રીતે પ્રભુને ભક્તાધીન પામેલા જોઈ, તેમના ધ્યાનમાં ને ધ્યાનમાં અહંકાર વિના થોડા જ સમયમાં સત્પુરુષોની ગતિરૂપ તેમના ધામને પામ્યા.

## ૪૮. સૂર્યગ્રહણ સમયે કુરુક્ષેત્રમાં

બલરામ અને શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેતા હતા ત્યારે એક વખત વિનાશકારી મોટું સૂર્યગ્રહણ થયું. હે રાજન્! અગાઉથી જાણ થતાં જ મનુષ્યો પુણ્ય કરવા માટે કુરુક્ષેત્રમાં સમંતપંચક ક્ષેત્રમાં ગયા, જ્યાં શ્રેષ્ઠ પરશુરામે પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરતાં રાજાઓના લોહી વહેવડાવી મોટા ધરા કર્યા હતા. ભગવાન પરશુરામ પોતે ઈશ્વર હતા, પાપકર્મોથી નિર્લેપ હતા, છતાં લોકોને પ્રાયશ્ચિત ધર્મ શીખવવા સામાન્ય માણસોની જેમ પાપને દૂર કરવા યજ્ઞો કર્યા હતા. ત્યાં સૂર્યગ્રહણ વખતે તીર્થયાત્રા માટે

ભરતખંડના લોકો ગયા. અક્રૂર, વસુદેવ, આહુક, ગદ, પ્રદ્યુમ્ન તથા સાંબ ત્યાં ગયા. અનિરુદ્ધ, કૃતવર્મા, સુચંદ્ર, શુક તથા સારણીની સાથે દ્વારકાની રક્ષા કરવા માટે રહ્યા. સૌએ પરશુરામના ધરાઓમાં વિધિપૂર્વક સ્નાન કર્યું. અને ઉત્તમ બ્રાહ્મણોને શ્રેષ્ઠ અન્નનાં દાન કર્યાં. પછી જમીને ઘટાદાર વૃક્ષોની છાયામાં સૌ બેઠા. એવામાં હે રાજન્! ત્યાં તેમણે આનર્ત તથા કેરલ દેશના પોતાના મિત્ર અને સંબંધી રાજાઓને આવેલા જોયા. પોતાના પક્ષના તથા બીજા ઘણાય રાજાઓ, નંદ વગેરે મિત્ર ગોવાળિયાઓને આવેલા જોયા. શ્રીકૃષ્ણને મળવા આતુર ગોપીઓને પણ જોઈ. તે બધાં એકબીજાને જોઈને આનંદથી કમળની માફક ખીલી ઊઠ્યાં. તેઓએ એકબીજાને ગાઢ આલિંગન કર્યાં. પછી શ્રીકૃષ્ણ વિશે વાતો કરવા લાગ્યા. તે વખતે કુંતાજીએ ભાઈઓને, બહેનોને, તેઓના પુત્રોને, માતા-પિતાઓને, ભોજાઈઓને તથા શ્રીકૃષ્ણને મળી એકબીજાને વાતચીત કરી દુઃખ હળવું કર્યું.

ત્યાં આવેલા રાજાઓને શ્રીકૃષ્ણનાં દર્શનથી ખૂબ આનંદ થયો. તે રાજાઓ યાદવોનાં વખાણ કરવા લાગ્યા : 'અહો! હે ભોજપતિ ઉગ્રસેનરાજા! આ પૃથ્વી પરના મનુષ્યોમાં તમે-યાદવો જ સફળ જન્મવાળા છો, કારણ કે તમે યોગીઓને પણ દુર્લભ શ્રીકૃષ્ણનાં વારંવાર દર્શન કરો છો. શ્રીકૃષ્ણ ભગવાન સાથે દર્શન, સ્પર્શ, તેમની સાથે ચાલવું, વાતચીત, સૂવું, બેસવું, જમવું તેમજ સામાજિક સંબંધ તમને મળ્યો છે અને સ્વર્ગ અને મોક્ષથી પણ નિઃસ્પૃહ કરનારા વિષ્ણુ ભગવાન પોતે તમારે ઘેર પ્રકટ્યા છે.'

શ્રીકૃષ્ણ યાદવોને લઈને કુરુક્ષેત્ર ગયા છે એમ જાણી નંદરાયને તેમનાં દર્શન કરવાની ઇચ્છા થઈ. તે ગોવાળિયાઓની સાથે બધો સામાન લઈ ગાડામાં ગયા. ગોવાળિયાઓને આવેલા જોઈ યાદવોમાં ખૂબ આનંદ થયો. તેઓ એકબીજાને ખૂબ પ્રેમથી ભેટ્યા. વસુદેવ પણ તેમને ભેટીને ખૂબ આનંદ પામ્યા. શ્રીકૃષ્ણ અને બલરામે પણ માતા-પિતા નંદ-યશોદાને ભેટી વંદન કર્યાં. રોહિણી અને દેવકી પણ વ્રજની સ્વામિની યશોદાને ભેટી આંસુથી ગળગળી થઈ કહેવા લાગી : 'હે વ્રજની સ્વામિની! આ બંને પુત્રોએ માતાપિતાને જોયાં ન હતાં. તેઓને તમારે ત્યાં પ્રસન્નતા, ઉછેર, પોષણ, રક્ષણ મળ્યું. તેઓ નિર્ભય રહેતા હતા.'

દર્શન કરવા તલપાપડ બનેલી ગોપીઓ શ્રીકૃષ્ણને મળી. દૃષ્ટિથી હૃદયમાં બેસાડેલા તે પ્રભુને ભેટી યોગીઓને પણ દુર્લભ તેમની સાથેની એકતા પામી. ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓને એકાંતમાં મળ્યા ને આલિંગન કરી કુશળતા પૂછી. 'હે સખીઓ! આકાશ, જળ, વાયુ, તેજ, પૃથ્વી - આ પાંચ મહાભૂતો દરેક ભૌતિક પદાર્થના આદિમાં, અંતમાં, અંદર અને બહાર જેમ રહ્યાં છે તેમ હું પણ સર્વ પ્રાણીઓમાં રહેલો છું. તે ગોપીઓ શ્રીકૃષ્ણને જ પામી હતી. છતાં બોલી : 'હે શ્રીકૃષ્ણ! અગાધ જ્ઞાનવાળા યોગેશ્વરોએ પણ હૃદયમાં ચિંતન કરવા યોગ્ય અને સંસારરૂપી કૂવામાંથી પડેલાઓને તેમાંથી બહાર નીકળવાના આધારરૂપ આપનું ચરણકમળ અમે ધરતાં રહીએ, તોપણ અમારાં મનમાં સદાકાળ પ્રકટ રહો.'

સર્વના ગુરુ અને ગતિરૂપ શ્રીકૃષ્ણે 'તથાસ્તુ' કહી ગોપીઓ પર કૃપા કરી. યુધિષ્ઠિર તથા બધા સંબંધીઓને કુશળતાના સમાચાર પૂછ્યા. શ્રીકૃષ્ણનાં દર્શનથી જ તેમનાં પાપોનો નાશ થયો અને આનંદ ઊપજ્યો. તે સંબંધીઓ તેમને કહેવા લાગ્યા : 'હે પ્રભો! પ્રાણીઓની અવિદ્યાનો નાશ કરનારું,

મહાપુરુષોના મનમાંથી મુખ મારફત નીકળેલું, આપનાં ચરણકમળની કથાનું અમૃત જેઓ પીએ છે, તેઓનું અમંગળ ક્યાંથી હોય? સર્વ આનંદના સમૂહરૂપ અને અમાપ જ્ઞાનશક્તિવાળા, પોતાની યોગમાયાથી મનુષ્ય-અવતાર ધારણ કરી નાશ થતા વેદોનું રક્ષણ કરનારા આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ.'

## ૪૯. કુરુક્ષેત્રમાં વસુદેવનો યજ્ઞ

શ્રીકૃષ્ણ અને બલરામનાં દર્શન કરવા માટે વેદવ્યાસ, નારદ, ચ્યવન, દેવલ, અસિત, વિશ્વામિત્ર, શતાનંદ, ભરદ્વાજ, ગૌતમ, પરશુરામ, વસિષ્ઠ, ગાલવ, ભૃગુ, પુલત્સ્ય, કશ્યપ, અત્રિ, માર્કણ્ડેય, બૃહસ્પતિ, અંગિરા, અગસ્ત્ય, યાજ્ઞવલ્કય, વામદેવ તેમજ બીજા ઘણા મુનિઓ ત્યાં આવ્યા. વિશ્વવંદ્ય મુનિઓને આવેલા જોઈને પાંડવો, શ્રીકૃષ્ણ, બલરામ અને બીજા રાજાઓ એકદમ ઊભા થઈ ગયા. તેમને પ્રણામ કર્યા. બધાં લોકોએ એમની પૂજા કરી. પછી ત્યાં બેઠેલા સૌ સભાજનોના સાંભળતાં ભગવાન શ્રીકૃષ્ણ મુનિઓને કહેવા લાગ્યા.

ભગવાન બોલ્યા : અહો! અમારો જન્મ સફળ થયો છે. જન્મનું બધુંય ફળ અમે મેળવ્યું છે. યોગેશ્વરોનાં દર્શન દેવો પણ કરી શકતા નથી; જે આજે અમે દર્શન કર્યાં. જે વસ્તુ દેવોને પણ દુર્લભ છે તે મનુષ્યોને ક્યાંથી મળે? તીર્થો, દેવો, ઘણા લાંબા કાળે પવિત્ર કરે, પણ સત્પુરુષો તો દર્શનથી જ તરત પવિત્ર કરે છે. અગ્નિ, સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, જળ, આકાશ, પવન, પાણી, વાણી અને મન એમની ઉપાસના-પ્રાર્થના કરી હોય તો તેઓ પાપનું મૂળ અજ્ઞાન છે તેને કદી દૂર કરતાં નથી. કેમ કે તે ભેદ - 'મારું' - 'તારું' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. પણ વિવેકી સત્પુરુષો ફક્ત એક જ ક્ષણના સહવાસથી જ પાપના મૂળ-અજ્ઞાનનો નાશ કરે છે. જે મનુષ્યને શરીરને 'આ હું છું', 'આ મારાં છે,' 'આ મારા પૂજ્ય દેવ' અને પાણીમાં 'આ તીર્થ' એવી બુદ્ધિ છે પણ તત્ત્વવેત્તા જ્ઞાની પુરુષોમાં આત્મબુદ્ધિ, સ્વબુદ્ધિ, પૂજ્યબુદ્ધિ તથા તીર્થબુદ્ધિ હોય તે ખરેખર મનુષ્ય હોવા છતાં પણ પશુ સમાન છે.

અખૂટ જ્ઞાનવાળા ભગવાન શ્રીકૃષ્ણનું કહેવું સાંભળી બધા જ આનંદિત થઈ ગયા.

'હે વસુદેવ! ખરેખર તમે જગતના ઈશ્વર શ્રી હરિને પરમ ભક્તિથી પૂજ્યા છે, કારણ કે ભગવાન પોતે તમારા બંનેના પુત્ર થયા છે.' તમે યજ્ઞ કરો. ઋષિઓએ એ રીતે વસુદેવની પ્રશંસા કરી.

ઋષિઓનાં એવાં વચન સાંભળી વસુદેવજીએ તેમને પ્રણામ કર્યા. પછી યજ્ઞના અધ્યક્ષ તરીકે ઋષિઓની વરણી કરી. ધર્મ પ્રમાણે વરણી કરેલા તે ઋષિઓએ કુરુક્ષેત્રમાં વસુદેવજી પાસે ઉત્તમ વિધિવાળા યજ્ઞોથી ભગવાનનું પૂજન કરાવ્યું. યજ્ઞદીક્ષા ચાલુ થઈ એમણે વસુદેવનો અઢાર પત્નીઓ સાથે અભિષેક કર્યો. તે સમયે યજ્ઞદીક્ષા લીધેલા અને મૃગચર્મ ઓઢેલા વસુદેવ સ્ત્રીઓ સાથે ખૂબ શોભતા હતા. યજ્ઞમાં જીવોના ઈશ્વર શ્રીકૃષ્ણ અને બલરામ પણ પોતાના અંશરૂપ પોતાના પુત્રો તથા સ્ત્રીઓ સાથે શોભતા હતા. પછી વસુદેવે દરેક યજ્ઞમાં વિધિથી ભગવાન વિષ્ણુનું પૂજન કર્યું. શાસ્ત્રમાં કહ્યા મુજબ તે વખતે ઋષિઓને પુષ્કળ ધન દક્ષિણામાં આપ્યું. ગાયોનાં દાન કર્યાં. પછી એ મહર્ષિ બ્રાહ્મણોએ પત્ની સંયાજ અને અવભૃથ નામના યજ્ઞો કર્યા. પછી સૌ છૂટાં પડી પોતપોતાના સ્થાને ગયાં.

## ૫૦. શ્રીકૃષ્ણ-બલરામે માતાને મરેલા પુત્રો લાવી આપ્યા

પછી એક દિવસ શ્રીકૃષ્ણ તથા બલરામ પિતાજીને પ્રણામ કરવા ગયા ત્યાં વસુદેવે કહ્યું: 'હે કૃષ્ણ! હે બલરામ! તમે બંને સાક્ષાત્ ઈશ્વર છો, એમ હું જાણું છું.

દેવકીજી બોલ્યાં : 'હે અમાપ બળવાળા બલરામ! હે યોગેશ્વરોમાં શ્રીકૃષ્ણ! હું જાણું છું કે આપ બંને આદિપુરુષ છો. હમણાં મારાથી અવતર્યા છો. હે વિશ્વાત્મા! આવા આપને શરણે આજે હું આવી છું. આપે ગુરુપુત્રને યમલોકમાંથી પાછો લાવી અને ગુરુને તે ગુરુદક્ષિણારૂપે આપ્યો હતો. તે જ પ્રમાણે કંસે મારી નાખેલા મારા પુત્રોને આપ લાવી આપો. તે જોવા હું ઈચ્છું છું. યોગેશ્વરોના ઈશ્વર આપ બંને મારી આ પણ ઈચ્છા પૂરી કરો.'

હે રાજન્! માતાએ એમ પ્રેરણા કરી, એટલે શ્રીકૃષ્ણ અને બલરામ બંને યોગમાયાને લીધે સુતલ નામના પાતાલમાં પેઠા. ત્યાં દૈત્યરાજ બલિરાજા રહેતો હતો. પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ તથા બલરામને જોઈને તે એકદમ ઊભો થઈ ગયો. શ્રીકૃષ્ણ અને બલરામને પ્રણામ કર્યા અને આસન આપ્યું. બલિરાજાએ તેમના પગ ધોઈ તે જળ આખા કુટુંબને આપ્યું અને મસ્તક પર ચડાવ્યું. પછી ગળગળા અવાજે બલિરાજા કહેવા લાગ્યા, સર્વથી મોટા આપ અનંત ભગવાનને મારા નમસ્કાર હો. જગતના વિધાતા પરબ્રહ્મ પરમાત્મા આપ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો. 'હે પ્રભો! આપ અમને આજ્ઞા કરો અને પાપમાંથી મુક્ત કરો કારણ કે આજ્ઞાનું શ્રદ્ધાથી પાલન કરતો પુરુષ શાસ્ત્રોની વિધિઓથી છૂટે છે.'

શ્રી ભગવાન બોલ્યા : હે દૈત્યરાજ! સ્વાયંભુવ મન્વંતરમાં મરીચિ ઋષિથી ઊર્ણા નામની તેમની સ્ત્રીમાં છ પુત્રો થયા હતા. તેઓ દેવ હતા પણ એક વખત બ્રહ્મદેવ પોતાની પુત્રી સરસ્વતી સાથે મૈથુન કરવા તૈયાર થયા હતા. તે જોઈ તેઓ હસ્યા હતા. તે પાપકર્મથી તેઓ તરત જ આસુરી યોનિ પામ્યા હતા અને હિરણ્યકશિપુના પુત્રો તરીકે જન્મ્યા હતા. પછી યોગમાયા તેઓને ત્યાંથી લઈ ગઈ. અને તેઓ માતા દેવકીના ઉદરમાં જન્મ્યા હતા. ત્યાં કંસે તેઓને મારી નાખ્યા હતા. માતા દેવકી તે પુત્રોનો શોક કરે છે. તે આ તારી પાસે અહીં બેઠા છે. અમારી માતાનો શોક દૂર કરવા અમે આને અહીંથી લઈ જઈશું. તેઓ ત્યાં શાપમુક્ત અને દુઃખી થયા વિના દેવલોકમાં જશે. પછી મારી કૃપાથી સદ્ગતિ પામશે.' બલિરાજાએ સંમતિ આપી.

શ્રીકૃષ્ણ અને બલરામજી છયે પુત્રો લઈને દ્વારકામાં આવ્યા. માતાને છયે પુત્રો આપ્યા. પુત્રોના સ્નેહથી દેવકીજીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. તે પુત્રોને ભેટી ખોળામાં બેસાડી વારંવાર માથું ચુમવા લાગ્યાં. પુત્રોને સ્તનપાન કરાવ્યું. શ્રીનારાયણના શરીર સ્પર્શથી આત્મદર્શન થયેલા તે છયે પુત્રોએ શ્રીકૃષ્ણને, દેવકીને, પિતા વસુદેવને તથા બલદેવજીને નમસ્કાર કર્યા પછી બધાંના દેખતાં દેવતાઓના ધામમાં ગયા. એ જોઈને માતા દેવકી ખૂબ નવાઈ પામ્યાં અને તેને શ્રીકૃષ્ણે બનાવેલી માયા માનવા લાગ્યાં.

## ૫૧. સુભદ્રાહરણ

શ્રી બલરામ તથા શ્રીકૃષ્ણનાં બહેન સુભદ્રા હતાં. તેમને અર્જુન જે રીતે પરણ્યા હતા, તે અમે

જાણવા ઇચ્છીએ છીએ.

વીર અર્જુન તીર્થયાત્રા કરતા કરતા પ્રભાસ ગયા. ત્યાં તેમણે સાંભળ્યું કે મામા વસુદેવની પુત્રી સુભદ્રાને બલરામ દુર્યોધન સાથે પરણાવશે પણ વસુદેવ આપવા દેશે નહિ. સુભદ્રાને મેળવવાની ઇચ્છાથી અર્જુન ત્રિદંડી સંન્યાસી થઈ દ્વારકા ગયા. બલરામજી તેમને અતિથિ-મહેમાન તરીકે ઘેર લાવ્યા અને શ્રદ્ધાપૂર્વક ભિક્ષા પીરસી. અર્જુન પણ ભિક્ષામાં આપેલું અન્ન જમવા લાગ્યા. એ વખતે ત્યાં મનને હરી લેતી સુભદ્રાને અર્જુને જોઈ. તેમની આંખો પ્રેમમય બની આનંદિત થઈ ગઈ. તેમનું મન સુભદ્રાને મેળવવાની તાલાવેલીમાં લાગ્યું. એને પત્ની બનાવવાનો અર્જુને પાકો નિર્ણય કરી લીધો. એ કન્યાએ પણ અર્જુનને જોયા. તે હસતી, લજ્જા પામતી, પ્રેમનાં બાણ નજરો દ્વારા મારતી, તેને હૃદયમાં અને નજરમાં વસાવી અર્જુનને પામવાની ઇચ્છા થઈ. અર્જુન તે કન્યાનું ચિંતન કરતો હતો અને તેનું હરણ કરવાનો લાગ જોવા લાગ્યો. સુભદ્રાને મેળવવાની પ્રબળ ઇચ્છાથી તેમનું ચિત્ત ભમતું હતું. તેથી બલરામજીએ જે સત્કાર કર્યો તેમાં પણ અર્જુનને આનંદ ન થયો. પછી દેવયાત્રા કરવાના બહાને રથમાં બેસી તે કન્યા કિલ્લાની બહાર નીકળી. શ્રીકૃષ્ણની તથા દેવકી-વસુદેવની સંમતિથી મહારથી અર્જુન તેને હરી ગયા. આ વાતની ખબર બલરામને થઈ. બલરામ ક્રોધથી ખળભળી ઊઠ્યા. પણ શ્રીકૃષ્ણ અને બીજા સંબંધીઓએ એમને શાંત પાડ્યા. પછી બલરામે કીમતી રાચરચીલાં, હાથીઓ, રથો, ઘોડા, દાસદાસીઓ ખૂબ આનંદથી વરવધૂને પહેરામણી તરીકે મોકલાવ્યાં.

## ૫૨. સતી દ્રૌપદીનું ચીરહરણ

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો તે દુર્યોધનને ન ગમ્યું. તેમાં દ્રૌપદીએ એની મશ્કરી કરી એટલે એ અંદર ને અંદર ક્રોધથી બળી રહ્યો હતો. શકુનિમામાએ દુર્યોધનને કહ્યું, 'તું બધી વાતે સુખી છે છતાં ઉદાસ કેમ રહે છે?'

'મામા! દ્રૌપદીએ મારું અપમાન કર્યું તેનાથી હું રોમરોમ સળગી રહ્યો છું.'

'એનો ઉપાય છે. તું તારા પિતાને સમજાવીને યુધિષ્ઠિરને દ્યુત રમવા આમંત્રિત કર. હું એને પરાજિત કરીને એનું રાજ્ય જ છીનવી લઈશ.'

દુર્યોધનને આ વાત ગમી ગઈ. એ તરત જ પિતા પાસે ગયો અને યુધિષ્ઠિરને દ્યુત રમવા માટે આમંત્રિત કરવાની જીદ કરવા લાગ્યો. તેઓ ન માન્યા તો પોતે અગ્નિસ્નાન કરશે એવી ધમકી આપવા લાગ્યો. છેવટે ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને દ્યુત રમવાનું આમંત્રણ મોકલ્યું. પાંડવોને આ વાત ન ગમી પરંતુ ક્ષત્રિય દ્યુત રમવાની ના ન પાડી શકે. એટલે એ લોકો હસ્તિનાપુર ગયા. દુર્યોધને એ લોકોનું ભવ્ય સ્વાગત કર્યું અને બીજા દિવસે દ્યુત ક્રીડાનો આરંભ થયો. દુર્યોધને આરંભમાં જ કહી દીધું કે પાસા શકુનિમામા ફેંકશે. શરૂઆતમાં યુધિષ્ઠિર જીતતા રહ્યા. પણ પછી શકુનિએ કપટ કરવાનું શરૂ કર્યું અને યુધિષ્ઠિર પોતાના ચાર ભાઈઓ, રાજ્ય સંપત્તિ બધું જ હારી ગયા. એમણે કહ્યું, હવે મારી પાસે કશું નથી.' ત્યારે દુર્યોધન બોલ્યો,

'ભાઈ, દ્રૌપદી છે ને?'

યુધિષ્ઠિરે દ્રૌપદીને દાવમાં મૂકી દીધી અને હારી ગયા. પાંચે પાંડવો નીચું મોં કરી બેસી રહ્યા.

દુર્યોધને દુઃશાસનને દ્રૌપદીને સભામાં લાવવાની આજ્ઞા કરી. દુઃશાસને રાણીવાસમાં જઈ દ્રૌપદીને કહ્યું, 'હવે તું અમારી દાસી છે. ચાલ, સભામાં.'

દ્રૌપદીએ ના પાડી તો તેના વાળ પકડીને ઘસડતો એને સભામાં લઈ આવ્યો.

દુર્યોધને કહ્યું, 'દુઃશાસન એને વસ્ત્રહીન કર અને મારી જાંઘ પર બેસાડ.'

દ્રૌપદીએ ધૃતરાષ્ટ્રને, ભીષ્મને બહુ વિનંતી કરી પણ બધા મૌન રહ્યા. દુઃશાસન દ્રૌપદીની સાડી ખેંચવા લાગ્યો. ત્યારે દ્રૌપદીએ શ્રીકૃષ્ણને યાદ કર્યા અને પ્રાર્થના કરી, 'હે કેશવ! મારી લાજ બચાવો.'

પરમાત્મા શ્રીકૃષ્ણે ત્યાં અદશ્યરૂપે દ્રૌપદીની સાડી પૂરવા માંડી. દુઃશાસન સાડી ખેંચતો રહ્યો અને નવી સાડી દ્રૌપદીના દેહ પર આવતી ગઈ. દ્રૌપદીની ચારે બાજુ સાડીના ઢગલા થઈ ગયા. દુઃશાસન થાકીને બેસી પડ્યો. ત્યારે ક્રોધથી થથરતો ભીમ ઊભો થઈને બોલ્યો, 'હે નરાધમ! યુદ્ધમાં હું તારા બંને હાથ ખેંચી કાઢીશ અને તારી છાતીનું લોહી પીશ. ત્યારે જ મને શાંતિ થશે.'

દ્રૌપદી પણ ક્રોધથી બોલી, 'હે દુર્યોધન, હું તને શાપ આપું છું કે -'

ત્યાં ધૃતરાષ્ટ્ર ગભરાઈને બોલ્યા, 'હે કલ્યાણી, શાપ ન આપીશ. મારા બંને પુત્રને ક્ષમા કરી દે. હું તને વરદાન આપવા માગું છું. તું જે માગશે તે આપીશ.'

દ્રૌપદી બોલી, 'હે તાતશ્રી, મારા પાંચે પતિઓને દાસત્વથી મુક્ત કરો.'

ધૃતરાષ્ટ્ર બોલ્યા, 'હજી બીજું વરદાન માગ.'

'અમારું રાજ્ય, સંપત્તિ પાછાં આપો.'

'હે કલ્યાણી, બંને વરદાન આપ્યા. હજી ત્રીજું વરદાન માગ.'

દ્રૌપદી બોલી, 'ના, બસ! અમને જવાની આજ્ઞા આપો.'

અને તરત જ પાંચે પાંડવો દ્રૌપદીને લઈને ઈન્દ્રપ્રસ્થ પ્રસ્થાન કરી ગયાં. આમ શ્રીકૃષ્ણે દ્રૌપદીની લાજ બચાવી.

## ૫૩. ફરી દ્યુત રમવાનું આમંત્રણ

દુર્યોધનને આ ન ગમ્યું. એણે ફરી પાંડવોને દ્યુત રમવા બોલાવવાની જીદ કરી.

ધૃતરાષ્ટ્રે ફરી દ્યુત રમવાનું આમંત્રણ મોકલ્યું. ભીષ્મ પિતામહ અને વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઘણા સમજાવ્યા પણ તેઓ પુત્રમોહમાં અંધ થઈ ચૂક્યા હતા.

યુધિષ્ઠિરને થયું, હવે વિચારીને રમવું પડશે. દુર્યોધન કોઈ પણ હદ સુધી જઈ શકે છે. પાંડવો, માતા કુંતી અને દ્રૌપદી ફરી હસ્તિનાપુર આવ્યા.

દ્યુત સભામાં ફરી એક તરફ પાંચ પાંડવો અને બીજી તરફ કર્ણ, દુર્યોધન અને શકુનિ બેઠા.

દુર્યોધન બોલ્યો, 'જ્યેષ્ઠ ભ્રાતા! ફક્ત એક જ શરતે આપણે રમીશું. જે હારે તેણે બાર વર્ષનો વનવાસ અને તેરમાં વર્ષનો અજ્ઞાતવાસ. જો તે પકડાઈ જાય તો ફરી બાર વર્ષનો વનવાસ. આ વખતે પણ પાસા શકુનિમામા ફેંકશે.'

યુધિષ્ઠિરે કંઈક વિચારીને કહ્યું, 'ઠીક છે.'

અને રમત શરૂ થઈ. શકુનિની કપટલીલા બધા જ જાણતા હતા. પણ યુધિષ્ઠિરના નિર્ણય સામે એના ભાઈઓ બોલી શકે તેમ ન હતા.

યુધિષ્ઠિર હારી ગયા.

બાર વર્ષના વનવાસમાં નીકળતા પહેલાં યુધિષ્ઠિરે કહ્યું, 'માતાશ્રી! તમે વયને લીધે વનના દુ:ખ સહી નહીં શકશો. તમે અહીં જ રહો.'

'સારું. પણ હું વિદુરના ઘરે રહીશ. જ્યાં સર્વના દેખતા મારા પુત્રો સાથે કપટ થતું હોય ત્યાં રહેવાનું મને ગમશે નહીં.'

કુંતીએ પુત્રવધૂ દ્રૌપદી સાથે પાંડવોને વિદાય આપતા કહ્યું, 'પુત્રી, મારા સહદેવનું ધ્યાન રાખજે. જેવું આપણું ભાગ્ય!'

અને પાંડવો દ્રૌપદીને લઈને વનમાં જવા નીકળી પડ્યાં.

## ૫૪. યુધિષ્ઠિરને અક્ષયપાત્રની પ્રાપ્તિ

પાંડવો અને દ્રૌપદી તો કંદમૂળ ખાઈને પેટ ભરી લેતા પણ અતિથિ બ્રાહ્મણો વગેરેને શું જમાડવું તેની ચિંતા સૌને સતાવવા લાગી. યુધિષ્ઠિરે ધૌમ્યઋષિને આનો ઉપાય પૂછ્યો.

ધૌમ્યઋષિએ સૂર્યનારાયણનું તપ કરવા એમને સલાહ આપી અને એમણે જળમાં સૂર્યદેવ સામે ઊભા રહી તપ શરૂ કર્યું.

સૂર્યદેવે પ્રસન્ન થઈને યુધિષ્ઠિરને અક્ષયપાત્ર આપતા કહ્યું, 'હે યુધિષ્ઠિર! હું બાર વર્ષ સુધી તમને અન્નદાન કરીશ. આ તાંબાના પાત્રમાં ભોજનસામગ્રી ત્યાં સુધી અક્ષય રહેશે જ્યાં સુધી દ્રૌપદી પીરસતી રહેશે. આજથી ચૌદમા વર્ષે આપને આપનું રાજ્ય મળી જશે.' કહીને તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.

જળમાંથી નીકળી યુધિષ્ઠિર પાત્ર લઈ પ્રથમ ધૌમ્યઋષિને પગે લાગ્યા. પછી ભાઈઓને ભેટીને અક્ષયપાત્રનો મહિમા કહી એ દ્રૌપદીને આપ્યું.

## ૫૫. પાંડવોની તીર્થયાત્રા

હવે યુધિષ્ઠિર સર્વ બ્રાહ્મણો, અતિથિઓને ભોજન કરાવી શકતા હતા. પછી પાંચ પાંડવો જમતા અને છેલ્લે દ્રૌપદી જમતી. હવે દરેક પર્વ પર યજ્ઞ થવા લાગ્યા. થોડા દિવસ પછી તેઓએ કામ્યકવન તરફ પ્રયાણ કર્યું. એમાં કિર્મીર રાક્ષસનો ભીમે વધ કર્યો.

ત્યાંથી શ્રીકૃષ્ણ સુભદ્રા અને અભિમન્યુને દ્વારકા લઈ ગયા. દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીના પાંચ બાળકોને પોતાના નગરમાં લઈ ગયો. ત્યાંથી પાંડવો દ્વૈતવનમાં ગયા. અર્જુને તપ કરી શિવજી પાસે પાશુપતાસ્ત્ર અને અન્ય દેવો પાસે દિવ્ય અસ્ત્રો મેળવ્યા. પછી ઈન્દ્ર અર્જુનને સ્વર્ગપુરીમાં લઈ ગયા. ઉર્વશીએ અર્જુનને નૃત્યકલા શીખવી અને અન્ય ગંધર્વોએ વાદ્યકલા શીખવી. ઉર્વશીએ અર્જુન પાસે ભોગની માગણી કરી. ત્યારે એણે ના પાડી કહ્યું, 'આપ મારી માતા સમાન છો.' આથી ઉર્વશીએ એને વ્યંઢળ થવાનો શ્રાપ આપ્યો. ત્યારે ત્યાં ઈન્દ્રદેવ આવ્યા અને તેમણે અર્જુનને કહ્યું, 'આ શ્રાપની અવધિ એક વર્ષ માટે રહેશે. તારા માટે અજ્ઞાતવાસમાં આ વરદાન સાબિત થશે. લોકપાલોએ પણ અર્જુનને દિવ્ય અસ્ત્રો આપ્યાં.

તે પછી સૌએ અર્જુનને વિદાય આપી અને એ પાંડવો પાસે પરત આવ્યો. અર્જુનને વિપુલ

દિવ્યાસ્ત્રોની પ્રાપ્તિ થવાથી સૌ ખુશ થયાં. પરંતુ દુર્યોધનને ન ગમ્યું. ૧૧ વર્ષ વીતી ગયા પછી દુર્યોધને પાંડવોની ચારે તરફ ગુપ્તચરો ગોઠવી દીધા.

## ૫૬. મહર્ષિ દુર્વાસાના ક્રોધથી બચાવવા શ્રીકૃષ્ણનું આગમન

એકવાર મહર્ષિ દુર્વાસા દશહજાર શિષ્યો સાથે હસ્તિનાપુરમાં પધાર્યા. દુર્યોધને તેમનો સર્વ રીતે આદરસત્કાર કરી ભોજન કરાવ્યું. આથી પ્રસન્ન થઈ દુર્વાસાઋષિએ દુર્યોધનને વરદાન માગવા કહ્યું.

દુર્યોધને કહ્યું, 'મારા ભાઈઓ વનમાં રહે છે આપ એમને પણ આપના આતિથ્યનો લાભ આપો.'

દુર્વાસાઋષિએ 'તથાસ્તુ' કહી શિષ્યો સાથે જે વનમાં પાંડવો હતા ત્યાં પ્રસ્થાન કર્યું. ત્યાં પહોંચતા મધ્યાહ્ન થઈ ગયો. દ્રૌપદીએ જમી લીધું. પછી સૌ વિશ્રામ કરી રહ્યા હતાં. ત્યાં દુર્વાસાઋષિનું આગમન થયું.

પાંડવો અને દ્રૌપદીએ ઝૂંપડીમાંથી બહાર આવી એમને પ્રણામ કર્યા અને પૂજા કરી આસન પર બેસાડ્યા.

દુર્વાસાઋષિ બોલ્યા, 'હે યુધિષ્ઠિર! અમે હસ્તિનાપુરથી આવીએ છીએ અને ભૂખ્યા છીએ. અમે સ્નાન કરવા માટે જઈએ છીએ. આપ અમારા ભોજનનો પ્રબંધ કરો.'

પાંડવો અને દ્રૌપદી તો ગભરાઈ ગયાં. દ્રૌપદી શ્રીકૃષ્ણને યાદ કરવા લાગી. પરમાત્મા તો અંતર્યામી હતા. તેઓ તરત જ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા, 'કૃષ્ણા, હું અહીંથી પસાર થઈ રહ્યો હતો ત્યાં તમને બહાર ઊભેલા જોયાં એટલે તમને મળવા આવ્યો.'

અર્જુન બોલ્યો, 'કેશવ, તમે અણીના સમયે આવ્યા છો.' અને એણે પોતાની સમસ્યા કહી સંભળાવી.

શ્રીકૃષ્ણ બોલ્યા, 'પાંચાલી, તારું અક્ષયપાત્ર બતાવ.'

'પ્રભુ! હવે કંઈ થઈ શકે તેમ નથી. મેં ભોજન કરી લીધું. લો આ અક્ષયપાત્ર.'

શ્રીકૃષ્ણે અક્ષયપાત્ર પોતાના હાથમાં લઈને એના ગળામાં ચોંટેલા ભાતના એક દાણાને બહાર કાઢ્યો અને એને આરોગતા મનમાં ભાવના કરી; 'સૃષ્ટિના સમસ્ત આત્મા યજ્ઞભોક્તા પરમાત્મા તૃપ્ત થાઓ.'

તે સાથે જ શિષ્યો સહિત દુર્વાસાઋષિને લાગ્યું કે એમને ભોજનની તૃપ્તિ થઈ ગઈ છે. તેઓ ગભરાયા કે દ્રૌપદીની રસોઈનું શું થશે. પછી તેઓ ચૂપચાપ શિષ્યો સાથે આગળ નીકળી ગયા.

દ્રૌપદી શ્રીકૃષ્ણને કહેવા લાગી, 'કેશવ, ઋષિ દુર્વાસા આજે અમને શ્રાપ આપીને જ રહેશે.'

'પાંચાલી, તેઓ આવશે તો ને? તમે વિશ્રામ કરો. હું જાઉં છું.' કહીને શ્રીકૃષ્ણ નીકળી ગયા.

આમ શ્રીકૃષ્ણ પોતાના ભક્તોની સદા સહાય કરતા.

## ૫૭. પાંડવોનો અજ્ઞાતવાસ

બાર વર્ષનો વનવાસ પૂરો થતાં મત્સ્યદેશમાં વિરાટનગરમાં વિરાટ રાજાને ત્યાં યુધિષ્ઠિર રંક બ્રાહ્મણ બની રાજાની સેવામાં રહ્યા. ભીમ બલ્લવ રસોઈઓ બની રાજાના રસોડામાં રહ્યા. અર્જુન 'બૃહન્નલા' બની રાજકુમારી ઉત્તરાને નૃત્ય-સંગીતની શિક્ષા આપવા લાગ્યા. નકુલ અશ્વશાળામાં

અને સહદેવ ગૌશાળામાં રહ્યા. દ્રૌપદી વિરાટરાજાની રાણી સુદેષ્ણાની દાસી બની 'સૈરંધ્રી' નામથી રહી. દુર્યોધનના ગુપ્તચરો શોધીશોધીને થાક્યા પણ પાંડવોનો કોઈ પત્તો ન મળ્યો. એમાં સુદેષ્ણાનો ભાઈ કચ જે વિરાટરાજાનો સેનાપતિ હતો તે દ્રૌપદી પર મોહી પડ્યો અને એને પોતાની રંગશાળામાં બોલાવી. ત્યાં ભીમે એને મારી નાખ્યો. ત્યારે એક વર્ષ પૂરું થવાની તૈયારી હતી. કર્ણે દુર્યોધનને કહ્યું, 'કચને હું અથવા ભીમ જ મારી શકીએ. અવશ્ય પાંડવો વિરાટનગરમાં છુપાયા છે. દુર્યોધને તરત જ ત્રિગર્તરાજાને બોલાવી વિરાટનગર પર યુદ્ધ કરવાની વાત કરી. તેઓ માની ગયા અને એમણે વિરાટનગર પર ચઢાઈ કરી. વિરાટરાજા સૈન્ય લઈને એની સામે ગયા. ત્યારે કૌરવોએ વિરાટનગર પર ચઢાઈ કરી દીધી.

નગરમાં સૈન્ય પણ ન હતું અને રાજા પણ. રાજકુમાર ઉત્તરકુમાર ગભરાઈ ગયો. ત્યારે બુહન્નલાએ કહ્યું, 'કુમાર, ભય ન પામો. આપણે બે જણા જઈએ. હું એ લોકોને હરાવીશ.'

કુમાર પહેલા ન માન્યા પણ પછી રથ તૈયાર કરી બંને કૌરવો સામે ગયા. કૌરવસેના જોઈને ઉત્તરકુમાર ભાગવા ગયા પણ બુહન્નલાએ કહ્યું, 'કુમાર ભાગો નહીં. વિજય હું અપાવીશ.' પછી તેઓ શમીવૃક્ષ પાસે સ્મશાનમાં આવ્યા. ત્યાં એમણે શસ્ત્રોનું પોટલું નીચે ઉતાર્યું અને ખોલીને બધાં શસ્ત્રો રથમાં મૂક્યા. ઉત્તરકુમારે પૂછ્યું,

'આ શસ્ત્રો દિવ્ય લાગે છે. કોના છે?'

'પાંડવોના. આજે પાંડવોના અજ્ઞાતવાસનો છેલ્લો દિવસ છે. અધિકમાસ ગણીએ તો એક વર્ષ ઉપર એક માસ થઈ ગયો. હું અર્જુન છું. કહીને એમણે પાંડવોનો પરિચય આપ્યો. પછી ઉત્તરકુમારને કહ્યું, 'તમે સારથિ બની રથ કૌરવોના સામે લઈ જાઓ.'

સ્ત્રી સાથેના એક જ રથને જોઈ બધાને નવાઈ લાગી. ત્યાં બૃહન્નલાએ શંખ વગાડ્યો અને એવી બાણવર્ષા કરીને આખી કૌરવસેના પાછળ હટી ગઈ. પછી એણે સંમોહન અસ્ત્રથી કૌરવો યોદ્ધાઓને મૂર્છિત કરી નાખ્યા. રથીઓ આ જોઈ યુદ્ધક્ષેત્રમાંથી ભાગી ગયા.

બુહન્નલા વિજય મેળવી નગરમાં રાજકુમાર ઉત્તર સાથે પાછા આવ્યા. બીજે દિવસે પાંડવો પ્રગટ સ્વરૂપે સભામાં પ્રવેશ્યા ત્યારે ઉત્તરકુમારે પિતાને તેમનો પરિચય કરાવ્યો. વિરાટરાજાએ સૌનો ભવ્ય સત્કાર કર્યો. પછી વિરાટરાજાએ ઉત્તરાના અર્જુન સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ મૂક્યો પરંતુ એણે કહ્યું, 'એ મારી પુત્રીતુલ્ય છે. મારા પુત્ર અભિમન્યુ સાથે એના વિવાહ કરો.' આમ ઉત્તરા અને અભિમન્યુના વિવાહ થયાં. પાંડવો ત્યાં જ રહ્યા અને પોતાના રાજ્યની માગણી કરતો પત્ર રાજા ધૃતરાષ્ટ્રને મોકલ્યો. પરંતુ દુર્યોધને ના પાડી અને કહ્યું, 'એમણે એક વર્ષની અવધિ અજ્ઞાતવાસની પૂર્ણ કરી નથી. માટે હવે તેઓએ બાર વર્ષના વનવાસ માટે જવું જોઈએ.'

ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ઘણો સમજાવ્યો પણ તે ન માન્યો.

## ૫૮. શ્રીકૃષ્ણનું શાંતિદૂત બની હસ્તિનાપુરમાં આગમન

ધૃતરાષ્ટ્રે સંજય દ્વારા યુધિષ્ઠિરને રાજ્ય આપવાની ના પાડી. ત્યારે યુદ્ધ સિવાય કોઈ માર્ગ ન રહ્યો. ત્યારે શ્રીકૃષ્ણે શાંતિદૂત બની એક વાર રાજા ધૃતરાષ્ટ્રને સમજાવવાનો વિચાર કર્યો. તેઓ હસ્તિનાપુરમાં ગયા. ત્યાં એમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દુર્યોધને એમનો સત્કાર કરી સોને

મઢેલી ગાય પુરસ્કારમાં આપી. અને પોતાના અતિથિગૃહમાં રહેવાનો અનુરોધ કર્યો. શ્રીકૃષ્ણે ગાય સ્વીકારી પણ આતિથ્યની ના પાડી વિદુરના ઘરે ગયા. આથી દુર્યોધનને અતિ ક્રોધ આવ્યો.

બીજે દિવસે રાજસભામાં શ્રીકૃષ્ણે પાંડવો માટે રાજ્ય આપવાની માગણી કરી પણ દુર્યોધને ના પાડી. શ્રીકૃષ્ણે રાજા ધૃતરાષ્ટ્રને ઘણી રીતે સમજાવ્યા અને છેલ્લે પાંડવો માટે ફક્ત પાંચ ગામ માગ્યા. પણ દુર્યોધને એક તસુ પણ ભૂમિ આપવાની ના પાડી દીધી.

શ્રીકૃષ્ણ બોલ્યા, 'હે રાજન! પુત્રમોહમાં તમે આખા ભારતવર્ષને યુદ્ધ તરફ લઈ જઈ રહ્યા છો. એ મહાસંહારનું પાપ તમારા શિરે રહેશે.'

પણ ધૃતરાષ્ટ્ર મૌન રહ્યા.

આમ શ્રીકૃષ્ણ પાછા વળ્યા.

## ૫૯. મહાભારતનું યુદ્ધ અને શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ

યુદ્ધની ઘોષણા થઈ ચૂકી. કૌરવો અને પાંડવોની સેના સામસામે કુરુક્ષેત્રના મેદાનમાં ગોઠવાઈ ગઈ. આ યુદ્ધમાં શ્રીકૃષ્ણ અર્જુનના સારથિ બન્યા.

ધૃતરાષ્ટ્રને મહર્ષિ વ્યાસ યુદ્ધ જોવા માટે દિવ્ય દૃષ્ટિ આપવા કહે છે પરંતુ તેઓ ના પાડે છે અને પોતાના સારથિ સંજયને દિવ્ય દૃષ્ટિ આપવા કહે છે. સંજય દિવ્ય દૃષ્ટિથી યુદ્ધભૂમિનું વર્ણન રાજા ધૃતરાષ્ટ્ર સમક્ષ કરે છે.

અર્જુન કૌરવસેનાના પ્રમુખ મહારથીઓનો પરિચય મેળવવા શ્રીકૃષ્ણને બંને સેનાની વચમાં રથ લઈ જવા વિનંતી કરી.

શ્રીકૃષ્ણ રથને બંને સેના વચ્ચે ઊભો કર્યો. ત્યારે ભીષ્મપિતામહ, ગુરુદ્રોણ વગેરેને જોઈને અર્જુનને મોહ ઉત્પન્ન થયો અને એ યુદ્ધ કરવાની ના પાડી રથમાં બેસી ગયા. ત્યારે શ્રીકૃષ્ણ ધર્મયુદ્ધ કરવા માટે અર્જુનને જે ઉપદેશ આપે છે તે જ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા.' અઢાર અધ્યાય અને સાતસો શ્લોકમાં એમણે જે ઉપદેશ કર્યો એ હિંદુ ધર્મનું અમૂલ્ય રત્ન છે.

એ સમયે શ્રીકૃષ્ણ પોતાના વિરાટ સ્વરૂપના અર્જુનને દર્શન કરાવે છે અને અધર્મનો નાશ કરવા યુદ્ધ કરવા કહે છે.

ગીતાના ઉપદેશથી અર્જુનનો મોહ નષ્ટ થયો અને એ યુદ્ધ માટે તૈયાર થઈ ગયો.

આમ શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં જગતગુરુ બની સરળ ભાષામાં જગતને માનવકલ્યાણનો ઉપદેશ આપ્યો. આજે પણ શ્રીમદ્ ભગવદ્ ગીતા જ સર્વધર્મ શાસ્ત્રમાં શિરમોર છે.

પછી તો મહાભારતનું ભીષણ યુદ્ધ થયું. તેમાં કૌરવો અને પાંડવોની સેનાનો મહાસંહાર થયો. પાંડવોનો વિજય થયો.

હસ્તિનાપુરની ગાદી પર યુધિષ્ઠિર બિરાજમાન થયા. મહર્ષિ વ્યાસ કુંતી, ગાંધારી અને ધૃતરાષ્ટ્રને વનમાં લઈ જઈ તપ કરવાની આજ્ઞા કરી. ત્યાં તેઓનું મૃત્યુ થયું. અશ્વત્થામાએ ગર્ભવતી ઉત્તરાના ગર્ભ પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. પરંતુ શ્રીકૃષ્ણે તેની રક્ષા કરી અને તેનો જન્મ થયો. એનું નામ પરીક્ષિત પાડ્યું. એ મોટો થતાં યુધિષ્ઠિરે એને હસ્તિનાપુરનું રાજ્ય આપ્યું અને દ્રૌપદી તથા ભાઈઓ સાથે હિમાલયમાં પ્રયાણ કર્યું. દ્રૌપદી અને ચાર પાંડવો હિમાલયમાં મૃત્યુ પામ્યા. યુધિષ્ઠિર સદેહે

દિવ્યલોકમાં ગયા. સ્વર્ગલોકમાં પાંડવો, કૌરવો અને વડીલો વગેરેનું મિલન થયું અને પોતપોતાના કર્મ અનુસાર યોગ્ય સ્થળે તેમને સ્થાન મળ્યું. કૌરવોને તેમના કર્મ પ્રમાણે નિમ્ન સ્થાન મળ્યું.

શ્રીકૃષ્ણને લાગ્યું કે પોતાનું અવતાર કાર્ય પૂર્ણ થયું છે. તેઓ દ્વારકા ગયા. પહેલા બલરામ પરમધામમમાં ગયા. યાદવોનો અંદરોઅંદર લડી નાશ થયો.

અંતે શ્રીકૃષ્ણ વનમાં મહાસમાધિમાં પૃથ્વી પર સૂઈ ગયા. ત્યારે જરા નામના પારધીએ શ્રીકૃષ્ણને મૃગ માની તેમના પગમાં બાણ માર્યું. તેણે નજીક જઈને જોયું તો પરમાત્મા શ્રીકૃષ્ણ હતા. તેણે અત્યંત અપરાધ ભાવથી શ્રીકૃષ્ણની ક્ષમા માગી અને પોતાનો ઉદ્ધાર કરવા પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપ્યું અને તેમણે પરમ ધામમાં પ્રયાણ કર્યું. ત્યારે સર્વ દેવો, ગાંધર્વો, યક્ષો, મહર્ષિઓએ તેમની સ્તુતિ કરી. દ્વારકાનગરી સમુદ્રમાં ડૂબી ગઈ. શ્રીકૃષ્ણનું પરબ્રહ્મ સ્વરૂપ સમજવા સારભૂત મહાભારત વાંચવા ભલામણ.

આમ શ્રીકૃષ્ણનું અવતારકાર્ય પૂર્ણ થયું.

જગતગુરુ શ્રીકૃષ્ણઃ શરણં મમ !

## ॥ અથ : શ્રી મધુરાષ્ટકમ્ ॥

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ।
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૧॥

વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્ ।
ચરિતં મધુરં ભ્રમતિં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૨॥

વેણર્મધુરો રેણુર્મધુરઃ પાણિર્મધુરં પાદૌ મધુરૌ ।
નૃત્યં મધુરં સખ્યં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૩॥

ગીતં મધુરં પીતં મધુરં યુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ।
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૪॥

કરણં મધુરં તરણં મધુરં હરણં મધુરં રમણં મધુરમ્ ।
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતેરખલિં મધુરમ્ ॥૫॥

ગુંજા મધુરા માલા મધુરા યમુના મધુરા વીચી મધુરમ્ ।
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૬॥

ગોપી મધુરં લીલા મધુરં યુક્તં મધુરં ભક્તં મધુરમ્ ।
ઈષ્ટં મધુરં શિષ્ટં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૭॥

ગોપી મધુરા ગાવો મધુરા યષ્ટિર્મધુરા સૃષ્ટિર્મધુરા ।
દલિતં મધુરં ફલિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૮॥

**॥ ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત 'મધુરાષ્ટકમ્' સંપૂર્ણમ્ ॥**

# શ્રી ગોવિંદ દામોદર સ્તોત્ર

શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે! હે નાથ નારાયણ વાસુદેવ ।
જીહ્વે પિબસ્વામૃતમેતદેવ ગોવિંદ દામોદર માધવેતિ ॥૧॥

- હે જીભ! તું 'શ્રીકૃષ્ણ! ગોવિંદ! હરે! મુરારે! હે નાથ! નારાયણ! વાસુદેવ! તથા ગોવિંદ! દામોદર! માધવ!' એ નામામૃતનું જ પાન કર્યા કર ॥૧॥

વિક્રેતુકામાખિલગોપકન્યા મુરારિપાદાર્પિતચિત્તવૃત્તિઃ ।
દધ્યાદિકં મોહવસાદવોચદ્ ગોવિંદ દામોદર માધવેતિ ॥૨॥

- જેની ચિત્તવૃત્તિ મુરારીના ચરણકમળમાં ચોંટેલી છે એવી કોઈક ગોપકન્યા દૂધ-દહીં વેચવાની ઈચ્છાથી ઘરમાંથી નીકળી, પણ એનું મન તો મુરારીની પાસે હતું. તેથી પ્રેમવશ ભાન ભૂલી જવાથી 'દહીં લો, દહીં' ને બદલે જોરથી 'ગોવિંદ! દામોદર! માધવ!' આદિ પોકારવા લાગી. ॥૨॥

ગૃહે ગૃહે ગોપવધૂકદમ્બાઃ સર્વે મિલિત્વા સમવાપ્યયોગે ।
પુણ્યાનિ નામાનિ પઠન્તિ નિત્યં ગોવિંદ દામોદર માધવેતિ ॥૩॥

- વ્રજના પ્રત્યેક ઘરમાં ગોપીજનો નવરાશ મેળવીને ટોળાબંધ અન્યોઅન્ય મળીને એ મનમોહન માધવના 'ગોવિંદ, દામોદર, માધવ' એવા પવિત્ર નામો ભણ્યા કરે છે. ॥૩॥

સુખં શયનં નિલયે ચ વિષ્ણું દેવદર્પિમુખ્યા મુનયઃ પ્રપન્નાઃ ।
તેનાચ્યુતે તન્મયતાં વ્રજન્તિ ગોવિંદ દામોદર માધવેતિ ॥૪॥

- નારદ આદિ 'હે ગોવિંદ! હે દામોદર! હે માધવ!' એવી પ્રાર્થના કરતાં ઘરમાં સુખેથી સૂતેલા પુરાણપુરુષ બાળકૃષ્ણની શરણમાં આવી નિઃસંશય ભગવાનની તન્મયતાને પ્રાપ્ત કરે છે. ॥૪॥

જિહ્વે સદૈવં ભજ સુન્દરાણિ નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ ।
સમસ્તભક્તાર્તિવિનાશનાનિ ગોવિંદ દામોદર માધવેતિ ॥૫॥

- હે જીભ! તું સર્વદા શ્રીકૃષ્ણચંદ્રના 'ગોવિંદ! દામોદર! માધવ!' એ મનોહર મંજુલ નામોને, કે જે ભક્તોના સંકટની નિવૃત્તિ કરનારા છે, તેમને ભજતી રહે. ॥૫॥

સુખાવસાને ત્વિદમેવ સારં દુઃખાવસાને ત્વિદમેવ ગેયમ્ ।
દેહાવસાને ત્વિદમેવ જાપ્યં ગોવિંદ દામોદર માધવેતિ ॥૬॥

- સુખની સીમામાં એ જ સાર છે, દુઃખના અંતમાં એ જ જાણવા યોગ્ય છે અને શરીરના અંતકાળે પણ એ જ મંત્ર જપવા યોગ્ય છે. એ મંત્ર તે 'હે ગોવિંદ! હે દામોદર! હે માધવ!' ॥૬॥

શ્રીકૃષ્ણ રાધાવર ગોકુલેશ ગોપાલ ગોવર્ધનનાથ વિષ્ણો ।
જિહ્વે પિબસ્વામૃતમેતદેવ ગોવિન્દ દામોદર માધવેતિ ॥૭॥

- હે જીભ! તું હે શ્રીકૃષ્ણ! રાધારમણ! વ્રજરાજ! ગોપાલ! ગોવર્ધન! વિષ્ણો! ગોવિંદ! દામોદર! માધવ!' એ નામામૃતનું જ પાન કરતી રહે. ॥૭॥

જિહ્વે રસજ્ઞે મધુરપ્રિયા ત્વં સત્યં હિતં ત્વાં પરમં વદામિ ।
આવર્ણયેથા મધુરાક્ષરાણિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥૮॥

- હે રસોને ચાખનારી જીભ! તને મીઠી વસ્તુ ઘણી જ પ્યારી લાગે છે, એટલા માટે હું તારા હિતની એક ઘણી જ સુંદર અને સાચી વાત કહું છું : તું નિરંતર 'હે ગોવિંદ! હે દામોદર! હે માધવ!' એ મધુર નામોની પુનરાવૃત્તિ કર્યા કર. ॥૮॥

ત્વમેવ યાચે મમદેહિ જિહ્વે સમાગતે દણ્ડધરે કૃતાન્તે ।
વક્તવ્યમેવં મધુરં સુભક્ત્યા ગોવિંદ દામોદર માધવેતિ ॥૯॥

- હે જીભ ! હું તારી પાસે એક ભિક્ષા માગું છું તે તું મને આપ. તે એ જ કે જ્યારે દંડપાણિ યમરાજ આ શરીરના અંત માટે આવે ત્યારે ઘણા જ પ્રેમથી ગદ્ગદ્ સ્વરે 'હે ગોવિંદ! હે દામોદર! હે માધવ!' એ મધુર નામોનું ઉચ્ચારણ કરજે. ॥૯॥

ગોવિન્દ માધવ સ્તોત્ર પ્રેમથી પાઠ જે કરે,
દામોદર દયાદાને સહેજે ગોલોક સંચરે.

# સંદર્ભ ગ્રંથો તેમજ વાંચવાલાયક પુસ્તકો


૧. મહર્ષિ વેદવ્યાસ રચિત શ્રી ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ કૃત 'શ્રીમદ્ ભાગવત' મહાપુરાણ.

૨. પૂ. પાંડુરંગ શાસ્ત્રીના પ્રવચનોના આધારે 'શ્રીકૃષ્ણજીવન દર્શન'

૩. શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ કૃત 'શ્રીમદ્ ભગવદ્ ગીતા.'

૪. ઇરાવતી કર્વે કૃત 'યુગન્ત' અનુવાદ શશિન ઓઝા.

૫. પી. પી. ભગત કૃત 'શ્રીરામકબીર ભક્ત ભજનસંગ્રહ' શ્રીરામકબીર મંદિર ટ્રસ્ટ : બેગમપુરા, સુરત.

૬. શ્રી ગુણવંત શાહ કૃત 'કૃષ્ણનું જીવન સંગીત'

૭. શ્રી આનંદરાય લિંગાયત. 'ગુંજન' ઉત્તર અમેરિકામાં વસતા ગુજરાતીઓનું સામયિક, 'ડાયમન્ડ બાર', કેલિફોર્નિયા 'મહાભારતના સનાતન શ્લોકો.'

૮. શ્રી દીક્ષા દલાલ કૃત 'એડવેન્ચર ઑફ યંગ કૃષ્ણા.'

૯. શ્રી હરિન્દ્ર દવે કૃત 'કૃષ્ણ અને માનવસંબંધો'

૧૦. શ્રી ઈશ્વરભાઈ પટેલ-પરમાર્થી. 'કબીર ભજનસુધા' શ્રી રામકબીર મંદિર, કાર્સન, કેલિફોર્નિયાઃ સદ્‌ગુરુ કબીર ઇન્ટરનેશનલ રીસર્ચ સેન્ટર.

૧૧. શ્રી ઈશ્વરભાઈ પટેલ-પરમાર્થી. 'કબીર શબ્દસુધા', ખાંગડ શેરી, બેગમપુરા સુરત.

૧૨. શ્રી ઈશ્વરભાઈ પટેલ-પરમાર્થી. 'કબીર પદસુધા' રોઝમીડ, કેલિફોર્નિયા : શ્રી રામકબીર ભક્ત સમાજ ઑફ યુ. એસ. એ.

૧૩. પૂ. વિનોબા ભાવે કૃત 'ગીતા પ્રવચનો' ગ્રામ સેવામંડળ, વર્ધા.

૧૪. શ્રી નાથુભાઈ ભક્ત. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'

૧૫. 'The Illustrated Mahabharat' The Definative Guide to Indias greatest Penguin Random house 2017 Derling Kinderslay Publishing Ltd. From : Great Book Prices D.K.

૧૬. સંક્ષિપ્ત મહાભારત : ગીતા પ્રેસ

**નોંધ :**



**ગોવિંદભાઈ ભ. ભક્ત**

કબીર સાહેબ કહે છે : હે કમાલ! કલ્યાણ ઇચ્છતો હોય તો બે વાતને ધ્યાનમાં રાખ : પ્રથમ, તો પરમ પિતા પરમેશ્વરને સ્મરણમાં રાખ, તેની ભક્તિ કર અને બીજું આ સંસાર અનેક રીતે પીડાઈ રહ્યો છે, અનેક પ્રકારની ભૂખથી દુઃખી થઈ રહ્યો છે. તો તેની ભૂખ સંતોષાય તે માટે તું કાંઈ આપી શકતો હોય તો આપ. એટલે માનવતાની જ્યોત જલાવ.

ગોવિંદ ભ. ભક્તનો જન્મ સાઉથ ગુજરાતના નવસારી નજીકના એક નાના ગામમાં ૧૯૩૦ના દાયકામાં સામાન્ય ખેડૂત કુટુંબમાં થયો હતો. હાઇસ્કૂલ અભ્યાસ માટે દરરોજનું ૧૪ કિલોમીટર પગપાળા આવવા-જવાનું થતું. B. Sc. (Mathematics) સરદાર પટેલ યુનિવર્સિટી અને M. Sc. (Statistics) ૧૯૬૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી કર્યું. ૧૯૬૨-૬૮ નવસારી, બી. પી. બારીઆ અને ગાર્ડા કોલેજમાં અધ્યાપક તરીકે સેવા આપી. છેલ્લા ૬૫ વર્ષથી યુ.એસ.એ.માં સ્થાયી થયા છે.

કોમ્પ્યૂટર પ્રોગ્રામિંગ (ડિપ્લોમા મેરીલેન્ડ) અને કેલિફોર્નિયા સ્ટેટ, રેઇલ એસ્ટેટ બ્રોકર લાયસન્સ (૧૯૮૯થી) ધંધાકીય પ્રગતિ માટે લીધું. ૩૫ વર્ષ રીયલ એસ્ટેટના વ્યવસાયમાં સક્રિય રહ્યા. શ્રી રામકબીર સમાજ ઓફ યુ.એસ.એ.ના મૂળ સ્થાપકોના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંના એક તેઓ હતા. (૧૯૮૦)

કેલિફોર્નિયા સ્ટેટલેજર્સના એસેમ્બ્લી મેમ્બર્સે, તેમણે કરેલા એશિયન અમેરિકન સમાજના વિકાસમાં અપ્રતિમ યોગદાન બદલ કેલિફોર્નિયા એસેમ્બ્લી સર્ટિફિકેટ એનાયત કર્યું છે. He authored 'Patel's; A Gujarati Community History in the United States.' In honor of his Achievements in scholarship, chronicling of the Bhakta and Patel communities in the U. S..

U.C.L.A. તરફથી એશિયન અમેરિકન સ્ટડી સેન્ટરનો પાયોનિયર રેકગ્નેશન એવોર્ડ મળ્યો છે.

He also Authored 'Kabir Vishesh And Thus Says Kabir.'

તેમની નિષ્ઠા અને સમાજ સેવા બદલ શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ સધર્ન કેલિફોર્નિયા અને શ્રીરામકબીર ભક્ત સમાજ ઓફ યુ. એસ. એ.એ તેમને સન્માનિત કર્યા છે. AAHOA - Asian America hotel owners Association તરફથી Cecil. B. Day Community Service Awardsથી તેઓ નવાજિત થયા છે.

પંદર વર્ષથી સંયુક્ત કુટુંબ સાથે તેઓ નિવૃત્તિનો સમય વાચન, લેખન, યુવાપ્રવૃત્તિ, સિનિયર સિટિઝન મંડળો તેમજ સામાજિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. તેઓ ઇન્ડો-અમેરિકન સમાજ સાથે સતત જોડાયેલા રહ્યા છે.

સાહિત્ય સંગમ
9 789391 906368
ISBN 9789391906368
Krushnam Vande Jagadurum